MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૦૫-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 આમ આદમી પાર્ટીએ ઘોષણા-પત્ર જાહેર કર્યું કેજરીવાલનો પડકાર : ભાજપા સીએમ ઉમેદવાર જાહેર કરે, હું ચર્ચા માટે તૈયાર

5 ૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસ સામે મોદી એકલવીર હતા, આજે દિલ્હીમાં એકલવીર કેજરીવાલ સામે ભાજપાની આખી ફોજ.. કારણ....?!

8 રાજ્યમાં કોરોના વાઈરસની દસ્તક..!! હિંમતનગરમાં ૨ અને મહેસાણામાં ૧ શંકાસ્પદ કેસ

12 રાજપીપળા સહીત નર્મદામાં ખાનગી જીપો અને સ્કૂલના વાહનો ઓવરલોડ હોવા છતાં કાયદાનો અમલ કેમ નહિ.?

વડાપ્રધાન મોદીએ દિલ્હીના દ્વારકામાં જનસભા સંબોધી

દિલ્હીમાં દોષ દેનારી નહીં, દીશા આપનારી સરકાર જોઈએ : પીએમ મોદી

પીએમનો પ્રહાર : દિલ્હીમાં ક્રૂર સરકાર બેઠી છે, બાટલા હાઉસ માટે રડી શકો છો પણ દિલ્હીનો વિકાસ નથી કરી શકતા



ન્યુ દિલ્હી

પીએમ મોદીએ દિલ્હીના દ્વારકામાં જનસભાને સંબોધન કરતા કહ્યુ કે દિલ્હીની આ ચૂંટણી આ દશકાની પ્રથમ ચૂંટણી છે. દિલ્હી અને દેશમાં આપણે એક સાથે ઉભા રહેવું જોઈએ. દિલ્હીમાં દોષ આપનારી નહીં પરંતુ દીશા આપનારી સરકાર જોઈએ.

દિલ્હીના દંગલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરશોરથી બીજેપીનો પ્રચાર કરી રહી છે. મંગળવારે સતત બીજા દિવસે પીએમ મોદીએ દિલ્હીના દ્વારકા વિસ્તારમાં ચૂંટણી રેલીને સંબોધી હતી. અહીં બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ સંબોધન કર્યું હતું. તેમણે આમ આદમી પાર્ટી પર આરોપ લગાવતા કહ્યુ કે, વર્તમાન આપ સરકારે લોકોને આપેલા વચન પૂર્ણ નથી કર્યા. તેમણે જનતા સાથે દગો કર્યો છે. જે.પી. નડ્ડાએ કહ્યુ કે કેજરીવાલ સરકારે દિલ્હીમાં એક પણ નવી સ્કૂલ નથી ખોલી.

જે બાદમાં મંચ પર પીએમ મોદી પહોંચ્યા હતા અને લોકોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યુ કે દિલ્હીની આ ચૂંટણી દશકાની પ્રથમ ચૂંટણી છે. આ દશકો, ભારતનો દશકો બની રહેશે. ભારતની પ્રગતિ આજે લીધેલા નિર્ણયો પર નિર્ભર કરે છે. દિલ્હી અને દેશના હિતમાં આપણે એક સાથે ઉભા રહેવું જોઈએ. દિલ્હીમાં દોષ નહીં પરંતુ દીશા આપનારી સરકાર જોઈએ. વધુમાં પીએમ મોદીએ જણાવ્યુ કે દિલ્હીમાં રોડા નાખતી અને નફરત ફેલાવતી રાજનીતિ નથી જોઈતી. પીએમ મોદીએ હાજર જનતાને સવાલ કરતા કહ્યુ કે, તમે વિચારો જે ગરીબોનું હીત ઈચ્છતો હશે, જેના દિલમાં ગરીબો માટે દર્દ હશે, શું તે ગરીબોને સરકારી યોજનાઓથી વંચિત રાખશે?

પીએમ મોદીએ જનસભાને સંબોધિત કરતા કહ્યુ કે દિલ્હીમાં ગૂંચવડો ઉભી કરતી નહીં પરંતુ ગૂંચવાડાને સરખો કરે તેવી રાજનીતિ જોઈએ છે. તેમણે કહ્યુ કે દિલ્હીને વિકાસની યોજનાઓ રોકવાવાળી નહીં પરંતુ સબકા સાથ સબકા વિકાસ પર વિશ્વાસ કરે તેવી સરકાર જોઈએ છે. મંચ પરથી પીએમ મોદીએ જનતાને અપીલ કરતા કહ્યુ કે દિલ્હી અને દેશના હિતમાં આપણે એક થઈને એક સ્વરમાં પૂરી તાકાતથી ઉભા રહેવું પડશે.

અનુસંધાન પાના નં. ૬

ગૃહમંત્રાલયે સંસદમાં કરી સ્પષ્ટતા : દેશભરમાં એનઆરસીનો હાલમાં કોઈ પ્લાન નથી

ન્યુ દિલ્હી

દેશમાં નેશનલ રજીસ્ટર ફોર સિટીજન લાગૂ થશે કે નહીં? આ પ્રશ્ન પર મંગળવારના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે લોકસભામાં લેખિત નિવેદન આપ્યું છે. ગૃહ મંત્રાલયનું કહેવું છે કે અત્યાર સુધી દેશભરમાં એનઆરસી લાગૂ કરવાનો નિર્ણય લેવાયો નહોતો. વિપક્ષની તરફથી સતત આ મુદ્દા પર પ્રશ્ન ઉભો કરાઈ રહ્યો હતો અને મોદી સરકાર પર નિશાન સાંધી રહ્યા છે.

લોકસભામાં સાંસદ ચંદન સિંહ, નાગેશ્વર રાવની તરફથી ગૃહ મંત્રાલયને કેટલાંક પ્રશ્નો પૂછાયા હતા. તેમાં શું એનઆરસીને લાગૂ કરવા માટે સરકાર પગલાં ઉઠાવી રહ્યું છે, શું રાજય સરકારો સાથે અંગે ચર્ચા કરાઈ છે? સહિત કુલ પાંચ પ્રશ્ન હતા.

તેના જવાબમાં કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં લેખિતમાં નિવેદન આપતા કહ્યું છે, 'પહજી સુધી ભારત સરકારે આખા દેશમાં નેશનલ રજીસ્ટર ફોર સીટીઝન લાગૂ કરવાનો કોઇ નિર્ણય લીધો નથી.'

ઉલ્લેખનીય છે કે મંગળવારના રોજ લોકસભામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પર નિવેદન આપવાના હતા પરંતુ વિપક્ષના હોબાળાના લીધે તેઓ પોતાનુ નિવેદન આપી શકયા નહીં. સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહીને સ્થગિત કરી દીધી હતી. ત્યારબાદ આ જવાબને ગૃહ મંત્રાલયની તરફથી ગૃહના પટલ પર મૂકી દેવાયો.

દેશના કેટલાંય ભાગમાં હાલ નાગરિકતા સંસોધન એકટના મુદ્દા પર પ્રદર્શન ચાલુ છે. સાથો સાથ એનઆરસીને લઈ પણ વિવાદ ચાલી રહ્યો છે. જો કે કેન્દ્ર સરકાર કેટલાંય મોકા પર કહી ચૂકયું છે કે અત્યારે એનઆરસીને લાગૂ કરવામાં આવી રહ્યો નથી. પરંતુ વિપક્ષ આ મુદ્દા પર ભ્રમ ફેલાવી રહી છે.

એનઆરસીના વિરોધમાં

અનુસંધાન પાના નં. ૬

દેવામાં ડૂબેલી રિલાયન્સ ઈન્ફ્રામાંથી અનિલ અંબાણીના બંને પુત્રોનાં રાજીનામાં

મુંબઈ

ગળાડૂબ દેવામાં ડૂબેલી અનિલ અંબાણીની રિલાયન્સ ગ્રુપની રિલાયન્સ ઈન્ફ્રાના બોર્ડ ઑફ ડાયરેક્ટર્સમાંથી અનિલના બંને પુત્રોએ રાજીનામાં આપ્યાં હતાં. હજુ તો ગયા વર્ષે જ અનિલના બંને પુત્રો જય અણમોલ અંબાણી અને જય અંશુલ અંબાણીને ડાયરેક્ટર બનાવવામાં આવ્યા હતા. છેલ્લા માત્ર છ માસમાં આ બંનેએ ડાયરેક્ટર પદેથી રાજીનામું આપ્યું હતું. મુંબઈ શેરબજારને લખેલા ૩૧ જાન્યુઆરીના પત્રમાં આ હકીકત જણાવવામાં આવી હતી. અનિલના પુત્રોએ રાજીનામાં આપ્યાના સમાચાર પ્રગટ થતાં અનિલની કંપનીના શેર્સના ભાવમાં પાંચ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

છેલ્લા એક વર્ષમાં રિલાયન્સ ઈન્ફ્રાના વ્યવહારમાં ખાસ્સી મોટી ખોટ નોંધાઈ હતી.

રિલાયન્સ ઈન્ફ્રામાં જોડાતાં પહેલા અનિલનો મોટો પુત્ર અંશુલ રિલાયન્સ ગ્રુપની ફાઈનાન્શિયલ સર્વિસ કંપની રિલાયન્સ કેપિટલમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે સેવા આપતો હતો.

અણમોલ રિલાયન્સ ઈન્ફ્રાના ડિફેન્સ પ્રોજેક્ટ્સ સંભાળતો હતો. આમેય આ કંપની પહેલેથી ૬,૦૦૦ કરોડના દેવામાં ડૂબેલી હતી. હવે અનિલના બંને પુત્રોના રાજીનામાની વાત જાહેર થતાં કંપનીના શેર્સ વધુ ગગડ્યા હતા.

શાહીનબાગના વિરોધ પ્રદર્શનમાં ૪ માસના બાળકનું મોત નીપજ્યું

ન્યુ દિલ્હી

નાગરિકતા અંગેના નવા કાયદા અને નાગરિકોના રજિસ્ટરના મુદ્દે છેલ્લા એક દોઢ માસથી શાહીન બાગમાં દેખાવો કરી રહેલી મુસ્લિમ મહિલાઓમાંની એક નાઝિયાના ચાર માસના પુત્ર મુહમ્મદ જહાનનું કાતિલ ઠંડીના પગલે મૃત્યુ થયું હતું.

નાઝિયા અને એના પતિ મુહમ્મદ આરિફ બાટલા હાઉસ નજીક એક કાચી ઝૂંપડીમાં રહે છે. નાઝિયાએ કહ્યું કે આ તો મારાં બાળકોના ભાવિનો સવાલ છે. ભલે મારા પુત્રનો ઈતેકાલ થયો, હું દેખાવો ચાલુ રાખવાની છું.

આ દંપતીને બીજાં બે બાળકો છે. કાતિલ ઠંડીના પગલે શ્વાસ લેવામાં તકલીફ થવાથી ગયા સમાહે નાઝિયાના ચાર માસના પુત્રનું નિધન થયું હતું. આ બાળકને દેખાવો કરી રહેલી મહિલાઓ રોજ રમાડતી હતી અને લાડ લડાવતી હતી. એના ગાલ પર ત્રિરંગો પણ ચીતરતી હતી. આ દંપતી મૂળ ઉત્તર પ્રદેશના બરેલી વિસ્તારનું છે. તેમને બીજાં બે સંતાન છે જેમાં પાંચ વર્ષની પુત્રી અને એક વર્ષના પુત્રનો સમાવેશ થાય છે. આરિફ ભરતગૂંથણ કરવા ઉપરાંત રિક્શા ચલાવે છે. એના ભરતગૂંથણમાં નાઝિયા પણ મદદ કરે છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર ઉદ્ધવ ઠાકરેએ રોક લગાવી

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સરખામણી સફેદ હાથી સાથે કરી છે. આ સાથે તેમણે કહ્યું છે કે તે આ પ્રોજેક્ટ પર નિર્ણય ત્યારે જ લેશે જ્યારે તેમને વિશ્વાસ થઈ જશે કે આનાથી રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. આટલું જ નહીં ઉદ્ધવ ઠાકરેએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પણ રોકી દીધું છે. રોજગારનો હવાલો આપતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે પહેલા અમે તેના પર ચર્ચા કરીશું આ પછી જ કોઈ નિર્ણય કરીશું. સીએમ ઉદ્ધવે કહ્યું હતું કે જો બુલેટ ટ્રેન આવવાથી મહારાષ્ટ્રમા રોજગાર વધશે તો જ તેને રાજ્યમાં આપવા દેશે.

શિવસેનાના એક મુખપત્રને આપેલા ઈન્ટરવ્યૂના બીજા ભાગમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજ્યને કેન્દ્ર કોષથી તેનો યોગ્ય ભાગ મળી રહ્યો નથી. જેનાથી ખેડૂતોની મદદ કરી શકાય છે. શિવસેના પ્રમુખે કહ્યું હતું કે સરકાર દ્વારા ઘોષિત ખેડૂત માફી યોજના આગામી મહિનાથી લાગુ થશે. સાથે આશ્વાસન આપ્યું છે કે એક પણ ઉદ્યોગ રાજ્યમાંથી બહાર જવા દેવામાં આવશે નહીં.

કેન્દ્રની મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેન પરિયોજનાનો ઉલ્લેખ કરતા ઠાકરેએ કહ્યું હતું કે તેની વ્યવહારતા ઉપર એક વ્યાપક

અનુસંધાન પાના નં. ૬

હોંગકોંગમાં કોરોનાથી પીડિત એક વ્યક્તિનું મોત, એર ઈન્ડિયાએ ઉડાનો રદ કરી

ચીનમાં કોરોના વાયરસના ૪૨૬નાં મોત, ૩૨૩૫ નવા કેસ નોંધાયા

શરદી-ખાંસીની ફરિયાદ પછી ૫ લોકોને દિલ્હીની સૈન્ય હોસ્પિટલ મોકલવામાં આવ્યા

હોંગકોંગ

ચીનથી ફેલાયેલા ઘાતક કોરોના વાયરસથી પીડિત ૩૯ વર્ષના એક વ્યક્તિનું હોંગકોંગમાં મોત થયું. અહીં આ વાયરસથી સંક્રમિત કોઈ વ્યક્તિના મોતનો પહેલો કેસ છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ તેની પુષ્ટિ કરી. ચીનની બહાર આ વાયરસે કોઇનો જીવ લીધો હોય તેવો આ બીજો કિસ્સો છે. આની પહેલાં ફિલિપાઈન્સમાં એક વ્યક્તિનું મોત આના લીધે થયું હતું. એર ઈન્ડિયાએ હોંગકોંગની ઉડાનો રદ્દ કરી દીધી છે. ચીનના માનેસરની તપાસ શિબિરમાં લાવવામાં આવેલા લોકોમાં પાંચને શરદી-ખાંસીની ફરિયાદ પછી ઓબ્ઝર્વેશન અને સારવાર માટે દિલ્હી કેન્ટ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. તેમના સેમ્પલને એમ્સ મોકલવામાં આવ્યા છે, જ્યાં એક વ્યક્તિનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે, જ્યારે અન્ય ચારનો રિપોર્ટ નથી આવ્યો.

હોસ્પિટલના એક પ્રવકતાએ કહ્યું કે મૃતક કોંગકોંગના રહેવાસી હતા, જે ૨૩મી જાન્યુઆરીના રોજ હાઈ સ્પીડ રેલવે લિંક દ્વારા ચીનના વુહાનથી શહેર પાછા આવ્યા હતા. આ સંક્રમણથી મોટાભાગના લોકોના મોત હુબેઈ પ્રાંતમાં થયા છે. હુબેઈ પ્રાંતની રાજધાની વુહાનમાં ડિસેમ્બરમાં કોરોના વાયરસનું સંક્રમણ ફેલાવાનું શરૂ થયું હતું અને હવે સંક્રમણ ૨૦થી વધુ દેશોમાં ફેલાઈ ચૂકયું છે.

આ ઘાતક કોરોના વાયરસના લીધે મૃતકોની સંખ્યા ૪૨૬ થઈ ગઈ અને તેના ૨૦૪૩૮ કેસની પુષ્ટિ

અનુસંધાન પાના નં. ૬

આમ આદમી પાર્ટીએ ઘોષણા-પત્ર જાહેર કર્યું

કેજરીવાલનો પડકાર : ભાજપા સીએમ ઉમેદવાર જાહેર કરે, હું ચર્ચા માટે તૈયાર

કેજરીવાલનું વચન : શાળામાં રાષ્ટ્રભક્તિના પાઠ, ઘર પર રેશન ડિલિવરી, સ્વરાજ બિલ લાવવાની ખાતરી



આપએ ઘોષણાપત્રમાં જન લોકપાલ લાવવાની વાત કહી, ૨૪ કલાક શુદ્ધ પાણીની સુવિધા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીના હવે માંડ ત્રણ દિવસ બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીએ મંગળવારે તેનું ઘોષણા-પત્ર જાહેર કર્યું છે. આપએ તેના ઘોષણાપત્રમાં સ્વચ્છ દિલ્હી અને સ્વચ્છ યમુનાની ગેરંટી આપી છે. પક્ષે ગરીબ લોકો માટે રેશન ડોર સ્ટેપ ડિલિવરી સેવા ચાલુ કરવાની વાત કરી છે. આ વ્યવસ્થા સેવાઓની ડિલિવરીની માફક કામ કરશે. કોંગ્રેસ અને ભાજપ અગાઉ જ તેમના મેનીફેસ્ટો જારી કરી ચુક્યા છે. જાન્યુઆરીમાં આપ પ્રમુખ અરવિંદ કેજરીવાલે 'કેજરીવાલ કા ગેરન્ટી કાર્ડ' જારી કર્યું હતું. તેમા રાજધાનીના દરેક નાગરિકોને ૨૦૦ યુનિટ વીજળી, મહોલ્લા માર્શલ અને ૨૪ કલાક સ્વચ્છ પાણી આપવાનું વચન આપ્યું હતું. દિલ્હીમાં ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે જ્યારે ૧૧મી ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થશે.

કેજરીવાલે કહ્યું કે ચર્ચામાં બે એક્કર હોવા જોઈએ. તેઓ પ્રજાની સમક્ષ હોવા જોઈએ. જો પ્રજાને ખબર જ ન હોય કે તેમનો સીએમ ફેસ કયો છે તો મત કેવી રીતે આપશે. લોકશાહીમાં સીએમ પ્રજા નક્કી કરે છે. અમિત શાહ તેનો નિર્ણય નહીં કરે. અમિત શાહ કહી રહ્યા છે કે દિલ્હીની પ્રજા તેમને બ્લેક ચેક આપી દે, બાદમાં તેઓ સીએમ અંગે નિર્ણય કરશે.

કેજરીવાલે કહ્યું હતું કે દિલ્હીમાં હું કહેવા માંગુ છું કે આપને આપવામાં આવેલો એક-એક મત કેજરીવાલ પાસે આવશે. પણ, ભાજપ પાસે તો કોઈ ચહેરો નથી તો તેને આપવામાં આવનાર મત કોની પાસે જશે. વાસ્તવમાં તેમને મત ખાડાઓમાં જશે. અમે તેમને ૧ વાગ્યા સુધીનો સમય આપી છીએ. જો ૧ વાગ્યા સુધી તેઓ સીએમ ઉમેદવાર જાહેર કરી દે તો હું તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છું.

આમ આદમી પાર્ટીએ સ્વરાજ બિલ લાવશે. આ અંગેની જાહેરાત વર્ષ ૨૦૧૫માં પણ કરી હતી. તેનો અર્થ સ્વ-શાસન અને સૌથી સારું પ્રશાસન થાય છે. તેમા નોકરશાહી અને મતક્ષેત્રના પ્રતિનિધિઓને બદલે નિર્ણય લેવાની રાજકીય ક્ષમતા સામાન્ય લોકોના હાથમાં આવશે.

આપએ કરેલી જાહેરાતો પ્રમાણે દરેક ઘરમાં સીધુ રેશન પહોચાડવામાં આવશે. ૨૪ કલાક ૨૦૦ યુનિટ ફ્રી વીજળી, ગેરકાયદેસર કોલોનીને કાયદેસર કરવામાં આવશે. યમુનાને સ્વચ્છ કરવાની ગેરન્ટી, જન લોકપાલ અને સ્વરાજ બિલ લાવશું. ૨૪ કલાક સ્વચ્છ પાણીની સુવિધા નળ પર આપશું. મહિલાઓ માટે ઘરેથી કામ કરવાની વ્યવસ્થા કરશું. દિલ્હીના ૧૦ લાખ વૃદ્ધોને તીર્થયાત્રા કરાવશું

દેશભક્તિ પાઠ્યક્રમ શરૂ કરશું. હેપ્પીનેસ પાઠ્યક્રમથી સંબંધોમાં ગરિમા આવી છે. આ આધારે નવા દેશભક્તિ પાઠ્યક્રમ શરૂ થશે. તેનો ઉદ્દેશ લોકોમાં દેશ પ્રત્યે, દેશના રાષ્ટ્રધ્વજ અને માનવતા પ્રત્યે પ્રેમ ભાવના વધારવાની છે. બાળકો તેમની માતૃભાષાનો અભ્યાસ કરે પણ અંગ્રેજી પણ શીખે, તે માટે અમે શાળાથી આગળ નિકળી (સ્નાતક, બીજા અભ્યાસ ક્રમોમાં) તેમને લગતી તકો માટે પર્સનાલિટી ડેવલપમેન્ટ અને અંગ્રેજીના વર્ગો લગાવશું.

દિલ્હીના મેટ્રો નેટવર્કને ૫૦૦ કિમી વધારવામાં આવશે. વિશ્વનું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનાવશું.

યમુનાને સુંદર બનાવશું. કેન્દ્ર સાથે મળી યમુનાને પર્યટન સ્થળ તરીકે વિકસાવશું.

માર્ગોને સુંદર, સપાટ બનાવશું. આગામી વર્ષ ૪૦ કિમી માર્ગો આ પ્રકારના પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કરશું.

સફાઈ કર્મીઓની ભરતી કરવામાં આવશે. સફાઈ કર્મચારીઓના યોગદાનને સલામ કરતા જો તેમનું ફરજ સમયે મૃત્યુ થાય તો તેમને એક કરોડનું વળતર આપવામાં આવશે.

વ્યાપારીઓના વેટને લગતા પડતર પ્રશ્ન ઉકેલવામાં આવશે. વ્યાપારીઓ માટે બીડીએ અને એમસીડી પર દબાણ લાવશું કે તે દુકાનોનું સીલિંગ ન કરે. અમે નવી દુકાનો માટે વ્યવસ્થા ઉપલબ્ધ કરાવશું. ઔદ્યોગિક વિસ્તારના વિકાસ માટે ભંડોળ આપશું. દિલ્હીમાં સર્કલ રેટની સમીક્ષા કરવામાં આવશે.

દિલ્હીમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ૨૪ કલાક માર્કેટ ખુલશે. મહિલાઓ માટે અમે વર્ક ફ્રોમ હોમ એટલે કે ઘરથી કામ કરવાની વ્યવસ્થા કરશું, જેથી તેમના પરિવાર સાથે દિલ્હીની અર્થવ્યવસ્થામાં પણ યોગદાન આપી શકે. તેમને તાલીમ આપવામાં આવશે અને યોગ્ય તક પણ આપવામાં આવશે.

જે ગેરકાયદેસર કોલોની છે તે માટે કેન્દ્ર સરકાર સાથે માલિકી હક નક્કી કરશું. કોલોનિની જમીનના ઉપયોગને નિયમિત કરવામાં આવશે.

દિલ્હીમાં ૫ વર્ષથી રહેતા ઓબીસી માટે નિવાસ પ્રમાણ પત્ર અનિવાર્યતાને ખતમ કરવા માટે કેન્દ્ર સરકાર પર દબાણ લાવશે.

ભોજપુરી ભાષાને આઠમી અનુસૂચીમાં સામેલ કરવા કેન્દ્ર પર દબાણ લાવશે. ૧૯૮૪ શીખ વિરોધી નરસંહારના પીડિતો માટે ઉચ્ચ ન્યાયાલય દ્વારા સમિતિની રચના ખેડૂતો માટે જમીન સુધાર અધિનિયમમાં ફેરફાર કરવામાં આવશે. તેમની મુશ્કેલી દૂર કરવામાં આવશે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૧.૭ ટકાની તેજી, એચડીએફસી બેંકના શેરમાં ૨.૭ ટકાને તેજી

બજારમાં તેજીનો માહોલ: સેન્સેક્સમાં ૯૧૭ અને નિફ્ટીમાં ૨૭૧ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ

શેર બજારમાં બજેટની મંદી પૂરી થઈ ગઈ છે. મંગળવારે સેન્સેક્સ ૯૧૭ પોઈન્ટના વધારા સાથે ૪૦૭૮૯ પર બંધ થયો હતો. નિફ્ટી ૨૭૧.૭૮ પોઈન્ટ ઉપર ૧૧,૯૭૯.૬૫ પર બંધ થયો હતો. આજની તેજીથી બજારમાં બજેટના દિવસે થયેલા નુકસાનની ભરપાઈ થઈ ગઈ છે. શનિવારે બજેટની જાહેરાતની બજાર પર નકારાત્મક અસર થઈ હતી. તે દિવસે સેન્સેક્સ ૯૮૮ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટના નુકસાનમાં રહ્યાં હતા.

સેન્સેક્સના ૩૦માંથી ૨૬ અને નિફ્ટીના ૫૦માંથી ૪૪ શેર વધારા સાથે બંધ થયા હતા. એચડીએફસી બેંકના શેરમાં ૨.૭ ટકાને તેજી જોવા મળી હતી. હીરો મોટોકોર્પ ૨ ટકા વધ્યો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૧.૭ ટકા અને અલ્ટ્રાટેક સીમેન્ટમાં ૧.૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકમાં ૧.૫ ટકા અને આઈટીસીમાં ૧.૪ ટકા વધારો થયો. બીજી તરફ બજાજ ઓટોના શેરોમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ભારતીય એરટેલ ૧ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૫ ટકા નીચે આવ્યો હતો. ટાટા સ્ટીલમાં પણ ૦.૫ ટકાનું નુકસાન થયું હતું.

મેન્યુફેક્ચરિંગ સેક્ટની ગતિવિધિઓમાં પાછલા ૮ વર્ષમાં સૌથી તેજ ગતિથી વધવાથી ઈકોનોમીને લઈને રોકાણકારોની ચિંતાઓ ઓછી થઈ છે. જાન્યુઆરીમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરના પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) ૫૫.૩૦ ટકા નોંધાયો છે. તેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં માગ વધવાનું મહત્વનું યોગદાન રહ્યું છે. નવા ઓર્ડર મળવાથી તેજી જોવા મળી છે. સોમવારે પીએમઆઈના આંકડા આવ્યા હતા.

બ્રેન્ટ ક્રૂટના ભાવમાં સોમવારે ૩.૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે ૨.૧૭ ડોલર ઘટીને ૫૪.૪૫ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો હતો. આ પાછલા વર્ષે જાન્યુઆરી બાદ સૌથી નીચલી સપાટી છે. કોરોના વાયરસની અસરને કારણે ચીનથી માગ ઘટવી અને ઓપેક તપફથી પ્રોડક્શન ઘટાડવાની આશંકાને કારણે ક્રુડ સસ્તું થયું હતું. પરંતુ મંગળવારે કારોબારમાં ૦.૪૦ ટકાના વધારાની સાથે ૫૪.૬૬ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું હતું.

આરોપી એક દીકરાનો બાપ, યુવતીએ પહેલા આપઘાતનો પ્રયાસ કર્યો હતો

લગ્નની ના પાડતા શિક્ષિકાને રસ્તા વચ્ચે પેટ્રોલ છાંટીને સળગાવી, આરોપીની ધરપકડ

હિંગનાઘાટ

મહારાષ્ટ્રના વર્ધામાં એક શખ્સે લગ્ન માટે ઈકાર કરવા અંગે સોમવારે સવારે કોલેજની ૨૫ વર્ષીય શિક્ષિકાને પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. શિક્ષિકાને નાગપુર ખાતે આવેલા ઓરેન્જ સિટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. શિક્ષિકાની હાલત ગંભીર છે. શિક્ષિકા કોલેજ જઈ રહી હતી ત્યારે જ રસ્તા વચ્ચે આ શખ્સે ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પીડિત અને આરોપી બન્ને એક જ ગામના રહેવાસી છે. ઘટના હિંગનાઘાટના નંદોરી ચોકની છે.

પહેલા પણ ફિરાકમાં હતો આરોપી, સ્કૂટીમાંથી પેટ્રોલ કાઢીને લાવ્યો અને આગ ચાંપી દીધી

મળતી માહિતી પ્રમાણે, દરોદા ગામની રહેવાસી અંકિતા પિસુદે મહિલા કોલેજમાં શિક્ષિકા છે. તે સોમવારે સવારે લગભગ ૭.૧૫ વાગ્યે રોજની જેમ રોડવેઝ બસથી ૭૫ કિમી દૂર કોલેજ જઈ રહી હતી. યુવતી બસમાંથી ઉતરી ત્યારે પહેલાથી હાજર આરોપી વિકેશ નાગરાલે(૨૭) તેની સ્કૂટીમાંથી પેટ્રોલ કાઢીને અંકિતા પાસે આવ્યો હતો. અંકિતા કંઈ પણ સમજી શકે એ પહેલા વિકેશે તેની પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી ત્યાંથી ભાગી ગયો હતો. વિકેશ પણ દરોદા ગામનો રહેવાસી છે.

અંકિતાને સળગતી જોઈ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા અને પાણી છાંટીને આગ ઓલવી હતી. ત્યારબાદ પીડિતાને સ્થાનિક હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાંથી તેને નાગપુર ખસેડવામાં આવી છે. હોસ્પિટલે બુલેટિનમાં જણાવ્યું કે અંકિતાના શરીરનો ૪૦ ટકા ભાગ દાઝી ગયો છે. પીડિતાને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.

વર્ધાના પોલીસ અધિક્ષક તેલીએ જણાવ્યું કે આરોપી વિકેશની તાલઘાટ ગામથી ધરપકડ કરાઈ છે. તેના લગ્ન થઈ ચુક્યા છે અને તેને ૭ મહિનાનો દીકરો પણ છે. આરોપી અને અંકિતા પહેલા મિત્ર હતા, પરંતુ તેની હરકતોના કારણે બે વર્ષ પહેલા જ અંકિતાએ વિકેશ સાથે મિત્રતા તોડી દીધી હતી. તે અંકિતાને હેરાન કરતો હતો જેથી ગત વર્ષ પણ અંકિતાએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસને ઝટકો : સોનિયા ગાંધીના અંગત જનાર્દન દ્વિવેદીનો પુત્ર ભાજપમાં જોડાયો

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીના ૩ દિવસ પહેલા કોંગ્રેસને મોટો ઝાટકો વાગ્યો છે. કોંગ્રેસ નેતા જનાર્દન દ્વિવેદીનો દીકરો મંગળવારે ભાજપમાં સામેલ થઈ ગયા છે. ઓગસ્ટમાં ભાજપ સરકારે જ્યારે જમ્મુ કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યો હતો, ત્યારે જનાર્દન દ્વિવેદીએ મોદી સરકારની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું હતું કે, મારા રાજકીય ગુરુ રામ મનોહર લોહિયાજી હંમેશા તેના(અનુચ્છેદ ૩૭૦ લાગુ રાખવા)વિરોધમાં હતા. દીકરાના ભાજપમાં જોડાવા અંગે જમાર્દન દ્વિવેદીએ કહ્યું કે, મને આ અંગે કોઈ માહિતી ન હતી. જો તે જોડાયો હશે તો આ તેનો સ્વતંત્ર નિર્ણય હશે.

રામમંદિર ટ્રસ્ટ સોમનાથ ટ્રસ્ટની પેટર્ન પર બનશે, ૯ ફેબ્રુઆરી અંતિમ તારીખ

ન્યુ દિલ્હી

દેશના સૌથી વિવાદાસ્પદ એવા અયોધ્યા મુદ્દે સર્વોચ્ચ અદાલતે રામમંદિરની તરફેણમાં ચૂકાદો આપી દીધા પછી રામમંદિર ટ્રસ્ટના નિર્માણ આડે હવે ફક્ત ૫ દિવસ બાકી છે. હાલ મળી રહેલાં સંકેતો મુજબ,પ્રસ્તાવિત રામમંદિર ટ્રસ્ટ સોમનાથ મહાદેવ મંદિરનું સંચાલન કરી રહેલ સોમનાથ ટ્રસ્ટની તર્જ પર જ બનશે.

સર્વોચ્ચ અદાલતે રામમંદિરની તરફે ચૂકાદો આપ્યો ત્યારે મંદિર નિર્માણ અને વ્યવસ્થા, સંચાલન માટે ટ્રસ્ટ બનાવવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો અને એ માટે અંતિમ મુદત ૯ ફેબ્રુઆરી સુધીની આપી હતી. એ પછી કેન્દ્ર સરકારે રામમંદિર વિવાદ દરમિયાન પક્ષકાર રહેલ રામ જન્મભૂમિન્યાસ, નિર્મોહીઅખાડા વ.ને ટ્રસ્ટમાં સ્થાન આપવાની જાહેરાત કરી છે પરંતુ હજુ સુધી ટ્રસ્ટના અન્ય સભ્યો અને ખાસ તો ટ્રસ્ટના માળખા અંગે કોઈ જાહેરાત થઈ નથી. હવે માત્ર પાંચ જ દિવસ બાકી છે ત્યારે પ્રસ્તાવિત ટ્રસ્ટ સોમનાથ ટ્રસ્ટ જેવું જ સ્વરૂપ ધરાવતું હશે એ ધારણા પ્રબળ બને છે.

આઝાદી પછી સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર કરવાનું નક્કી થયું ત્યારે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ મંદિર નિર્માણથી કેન્દ્ર સરકારને અળગી રાખવાનું વલણ દાખવ્યું હતું. એ વખતે સમર્થ ગુજરાતી સાહિત્યકાર અને કાનૂનવિદ કનૈયાલાલ મુનશીએ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) અંતર્ગત ટ્રસ્ટ રચવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી અને એ રીતે સોમનાથ ટ્રસ્ટ રચાયું, જે મંદિરના જિર્ણોદ્ધાર અને પછી સંચાલન, વ્યવસ્થાની જવાબદારી સંભાળે છે.

સોમનાથ ટ્રસ્ટમાં ૮ સભ્યોનું ટ્રસ્ટી મંડળ છે, જે દર વર્ષે અધ્યક્ષની ચૂંટણી કરે છે. ૮ ટ્રસ્ટીઓ પૈકી ૪ની નિમણૂંક કેન્દ્ર સરકાર અને ૪ની રાજ્ય સરકાર કરે છે. ટ્રસ્ટીઓનું સ્થાન આજીવન માનવામાં આવે છે, સિવાય કે ટ્રસ્ટી સ્વેચ્છાએ રાજીનામું આપે તો ખાલી પડેલા સ્થાને નવા ટ્રસ્ટીની નિમણૂંક થાય છે. રામમંદિર ટ્રસ્ટમાં પણ કેન્દ્ર અને ઉ.પ્ર.ની રાજ્ય સરકાર મહત્તમ ૬-૬ ટ્રસ્ટીઓની નિમણૂંક કરે એવી શક્યતા છે.

મેચનું જીવંત પ્રસારણ સવારે ૭:૩૦ વાગે સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને હોટસ્ટાર પર થશે

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે પ્રથમ વન-ડે મેચ

હેમિલ્ટન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ વનડે સીરિઝની પ્રથમ મેચ આજે હેમિલ્ટનમાં રમાશે. ભારત ૬ વર્ષથી ન્યૂઝીલેન્ડ સામે કોઈ સીરિઝ હાર્યું નથી. ટીમ ઈન્ડિયાએ છેલ્લી ત્રણેય સીરિઝમાં કિવિઝને હરાવ્યું છે. છેલ્લે ન્યૂઝીલેન્ડ જાન્યુઆરી ૨૦૧૪માં ભારત સામે પોતાના ઘરઆંગણે ૪-૦થી જીત્યું હતું. જ્યારે ગઈ સીરિઝમાં ભારત ૪-૧થી જીત્યું હતું. ભારતે તાજેતરમાં ૫ ટી-૨૦ની સીરિઝમાં ન્યૂઝીલેન્ડનો વ્હાઈટવોશ કર્યો હતો.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૧૦૭ વનડે રમાઈ છે. ભારતે ૫૫ મેચ જીતી છે અને ૪૬માં હારનો સામનો કર્યો છે. એક મેચ ટાઈ રહી છે અને ૫માં પરિણામ આવ્યું નથી. ન્યૂઝીલેન્ડમાં ભારત ૩૯માંથી ૧૪ મેચ જ જીત્યું છે. ૨૨માં હાર મળી, એકમાં ટાઈ પડી અને ૨માં રિઝલ્ટ નહોતું આવ્યું. ભારતે કિવિઝ સામેની ૧૪માંથી ૮ સીરિઝ પોતાના નામે કરી છે, ૪માં હારનો સામનો કર્યો છે અને ૨ ડ્રો રહી હતી.

ન્યૂઝીલેન્ડની ટીમ માટે વધુ એક ખરાબ ખબર સામે આવી છે. ટીમના મુખ્ય ખેલાડી અને કેપ્ટન કેન વિલિયમસન શરૂઆતની બે વન-ડે મેચોથી બહાર થઈ ગયો છે. ખભાની ઈજાનાં કારણે કેન ચોથી અને પાંચમી ટી-૨૦ મેચ પણ રમી શક્યો ન હતો. વન-ડે સિરીઝની શરૂઆત ૫ ફેબ્રુઆરીથી થઈ રહી છએ. ન્યૂઝીલેન્ડ માટે છેલ્લી વન-ડે બે વર્ષ પહેલા રમનાર ૨૨ વર્ષીય ચૈપમૈનને ટીમમાં વાપસીની તક મળી છે. તાજેતરમાં જ ઈન્ડિયા-એ વિરૂદ્ધ બિનસત્તાવાર વન-ડે સિરીઝ અને ટેસ્ટ સિરીઝમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરતા તેણે સદી ફટકારી હતી. ત્યાં જ કેપ્ટન કેન વિલિયમસનની ગેરહાજરીમાં ટીમની કમાન યુવા વિકેટકીપર ટૉમ લાથમ સંભાળશે.

ભારતઃ વિરાટ કોહલી (કપ્તાન), મયંક અગ્રવાલ, પૃથ્વી શો, કેએલ રાહુલ, શ્રેયસ ઐયર, મનીષ પાંડે, ઋષભ પંત (વિકેટકીપર), શિવમ દુબે, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, રવિન્દ્ર જાડેજા, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની , શાર્દુલ ઠાકુર અને કેદાર જાધવ

ન્યૂઝીલેન્ડઃ ટોમ લેથમ (કેપ્ટન), હેમિશ બેનેટ, ટોમ બ્લેંડલ, કોલિન ડી ગ્રાન્ડહોમ, માર્ટિન ગુપ્ટિલ, માર્ક ચેપમેન, કાયલ જેમિસન, સ્કોટ કુગલન, જિમ્મી નીશમ, હેનરી નિકોલ્સ, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી અને રોસ ટેલર

લોકસભામાં અધીર રંજને રાવણના સંતાન સાથે ભાજપા નેતાની તુલના કરતા હોબાળો

ન્યુ દિલ્હી

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કર્ણાટકથી ભાજપના સાંસદ અનંત કુમાર હેગડેની તરફથી રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીને લઈ આપવામાં આવેલા નિવેદન પર મંગળવારના રોજ લોકસભામાં ભારે હોબાળો થયો. ગૃહમાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે જે મહાત્મા ગાંધીને આખી દુનિયા પિતા સમાન માને છે, ભાજપના નેતા અનંત હેગડેએ તેમનું અપમાન કર્યું છે. અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ મહાત્મા ગાંધીને ગાળો આપે છે. આ રાવણની ઓલાદ છે, રામના પૂજારીનું અપમાન કરી રહ્યા છે. જો કે આ શબ્દને લોકસભાની કાર્યવાહીમાંથી હટાવી દીધો.

બેંગલુરૂમાં આયોજીત એક કાર્યક્રમને સંબોધિત કરતાં ભાજપ સાંસદ અનંત હેગડેએ કહ્યું હતું કે આખો સ્વતંત્રતા સંઘર્ષ અંગ્રેજોની સહમતિ અને મદદથી અંજામ અપાયો. હેગડેએ કહ્યું કે આ કથિત નેતાઓમાંથી કોઈ નેતાને પોલીસે એક પણ વખત પણ માર્યો નહોતો. તેમનો સ્વતંત્રતા સંઘર્ષ એક ડ્રામા હતો.

ભાજપ સાંસદે કહ્યું કે ખબર નહીં લોક કેવી રીતે 'આ પ્રકારના લોકોને' ભારતમાં 'મહાત્મા' કહેવાય છે. હેગડે એ કહ્યું કે સ્વતંત્રતા સંઘર્ષને આ નેતાઓએ બ્રિટિશ લોકોની સહમતિથી રંગમંચ પર ઉતાર્યો હતો. આ વાસ્તવિક સંઘર્ષ નહોતો. આ મિલીભગતથી થયેલો સ્વતંત્રતા સંઘર્ષ હતો.' ભાજપના નેતાએ મહાત્મા ગાંધીની ભૂખ હડતાળ અને સત્યાગ્રહને એક 'ડ્રામા' ગણાવ્યો.

તેમણે કહ્યું કે કોંગ્રેસનું સમર્થન કરનાર લોકો સતત એમ કહી રહ્યા છે કે ભૂખ હડતાળ અને સત્યાગ્રહના લીધે ભારતને આઝાદી મળી.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U™ ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

સમગ્ર દેશ "શાહીનબાગ" બને તે પહેલા સરકાર જાગે તો ભયો ભયો....!!

દેશભરમાં સર્વ સ્વિકૃત હકીકત એ છે તે કોઈપણ મુદ્દે વિરોધ કરવો કે વિરોધ પ્રદર્શન કરવા માટે કોઈપણ રાજકીય પક્ષ કે રાજકીય નેતાની આગેવાની રહેતી હતી. અને લોકો પણ તે પક્ષ કે નેતા નો બોલ સ્વીકારી જે તે બાબતે દેખાવો ધરણાં કે આંદોલન કરતા હતા. જ્યા વ્યક્તિગત નેતાગીરી હોય તેવા આંદોલનો નિષ્ફળ જતા હતા.... પરંતુ દેશમાં વી.પી.સિહનુ બોફોર્સ તોપ ભ્રષ્ટાચાર આંદોલન, જય પ્રકાશ નારાયણ નું આંદોલન સફળ થયા છે. તો ગુજરાતમાં હાર્દિક પટેલ ખેડૂતો માટેના આંદોલનને સરકાર નિષ્ફળ કરાવ્યુ જ્યારે કર્ણાટકમાં અનામત માંથી સમાજને મુક્ત કરવા માટેનું અનામતનો લાભ લેવા વાળા નું આંદોલન નીષ્ફળ રહ્યું છે, દિલ્હીમાં અન્ના હજારેની ભ્રષ્ટાચાર વિરોધી- લોકપાલની નિમણૂક કરવાના આંદોલને કેન્દ્રમાંથી કોંગ્રેસ સરકાર ને હટાવી. અને દિલ્હીમાં કેજરીવાલની સરકાર બની. પરંતુ આ બધામાં સૌથી નોખું તરી આવતું સીએએ અને એન.આર સીના વિરોધમાંનું છેલ્લા એક માસથી ચાલી રહેલું કોઈપણ નેતા કે રાજકીય પક્ષની આગેવાની વગરનું સ્વયંભૂ આંદોલન દિલ્હીના શાહીનબાગનુ બની રહ્યું છે. હજારો મહિલાઓ પોતાના બાળકો સાથે છેલ્લા એક માસથી હાડ થીજાવતી ઠંડીમાં સીએએ- એનઆરસીના વિરોધમાં આંદોલન ચલાવી રહી છે. આ આંદોલનની ખાસિયત એ છે કે તેમના કોઈ નેતા નથી. તિરંગા સાથે ગાંધી ચીંધ્યા રાહે શાંત વિરોધ પ્રદર્શન કરી રહી છે. તે સાથે રાષ્ટ્રીય ગીતો પણ લલકારી રહી છે. તો બાળકો-કિશોરીઓ હાથમાં ત્રિરંગા સાથે સ્ટેજ ઉપર કે ઓટલા ઉપર ગાંધીજી સમયના નાટકો ભજવવા સાથે "સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા"--"હમ હોગે કામીયાબ એક દિન" સહિતના ગીતો લલકારી આંદોલનકારી મહિલાઓનો ઉત્સાહ વધારી રહ્યા છે.દિવસે દિવસે વધુમાં વધુ મહિલાઓ જોડાતા આંદોલન મોટો રેલો બની ગયો છે. અને તેની વિગતો સૌથી વધુ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે તો આંગળીને વેઢે ગણાય એટલા સમાચાર માધ્યમો તેને પ્રાધાન્ય આપી રહ્યા છે પરંતુ વિદેશમાં વિશેષ પ્રમાણમા નોધ લેવાઈ છે... તેને દેશભરની મહિલાઓમાં એક નવું જોમ અને ઉત્સાહ પૂરા પાડ્યા છે. પરિણામે સરકાર સામે મહિલાઓનો આક્રોશ સાથે વિરોધ વધતો ચાલ્યો છે.....!

શાહીનબાગ સીએએ- એનઆરસી વિરોધના પડઘા દેશભરમાં પડ્યા છે. અને હવે આ વિરોધ વિવિધ રાજયોમા ચાલતા આંદોલનમાં મહિલાઓ જોડાવા લાગી છે. પરિણામે દિલ્હીમા જ્યા આંદોલન ચાલી રહ્યા છે તેમાં મહિલાઓની સંખ્યા વધવા લાગી છે. તો બિહારના ગયા,દરભંગા, કિશનગંજ, પટના સહિત અનેક નાના-મોટા શહેરો, જિલ્લા મથકો. ઉત્તરપ્રદેશના મુરાદાબાદ, લખનઉ, પ્રયાગરાજ, વારાણસી સહિતના અનેક નાના-મોટા શહેરો તથા મુંબઈ મુંબઈના અનેક વિસ્તારમાં તેમજ મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં, પંજાબ, આસામ, ઓરિસ્સા, ચેન્નાઈ, કર્ણાટક, મૈસુર, રાજસ્થાન, હરિયાણા સહિતના રાજ્યોમાં નાના-મોટા અનેક શહેરોમાં ચાલી રહેલા આંદોલનમાં હવે મહિલાઓ આગળ આવવા લાગી છે જે એક નોંધનીય હકીકત છે... તે સાથે જેએનયુ હુમલાની ઘટના બાદ જ્યા જ્યા સીએએ- એનઆરસી વિરોધમાં દેખાવો આંદોલનો ચાલી રહ્યા છે તે આંદોલનો શાહીનબાગ આંદોલનના માર્ગે ચાલવા લાગ્યા છે. એટલે દરેક આંદોલન સ્થળે દેશની આઝાદી માટે જેવી રીતે તિરંગા હતા તે રીતે જ તિરંગા ઝંડા ફરકાવતા પ્રદર્શન કરી રહ્યા છે. આ વિરોધી આંદોલન શાંત ન થાય તેવા નિવેદનો જે તે ભાજપના નેતાઓ આડેધડ કરી રહ્યા છે. આવા નેતાઓનાં નિવેદનો બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યા છે. તો લખનઉના શાંતિ આંદોલનને કચડી નાખવા પોલીસે નવો રાહ માનવીઘને પીડા આપતો અપનાવ્યો- આંદોલનકારી મહિલાઓ,કિશોરીઓ, બાળકોએ ઠંડીથી બચવા ઓઢેલ ધાબળા, ચાદરો, ગોદડા વગેરે છીનવી લઈને ઠંડી સામે રક્ષણ મેળવવા કરેલ તાપણા પણ ઠારી નાખ્યા. કેટલીક મહિલાઓ પર આડેધડ કલમ લગાવી કેસ કરી ધરપકડ કરી છે તેના પડઘા દેશભરમાં પડ્યા છે. વળી ગૃહમંત્રી અમિત શાહના લખનઉમાં વિરોધ કરનારાઓને ચીમકી આપવા સાથે એનઆરસી લાગુ થઈ ને જ રહેશે તેવી અહંકારી નિવેદન કરતા તેના પણ ભારે પ્રત્યાઘાત પડ્યા છે....!

શાહીનબાગ આંદોલનમાં હિન્દુ, મુસ્લીમ, શીખ, ઈસાઈ સહિત દરેક જ્ઞાતિ- જાતિના લોકો જોડાઈ ગયા છે. તો ફિલ્મી હસ્તીઓ પણ હાજરી આપી ચૂકી છે, કેટલાક કોંગ્રેસી નેતાઓ પણ હાજરી આપી ચૂક્યા છે. પરંતુ હવે આ આંદોલન અનુસંધાને રાજકારણ રમવાનું શરૂ થઈ ગયું છે કારણ કે દિલ્હી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ ટૂંક સમયમાંજ યોજાવાની છે ત્યારે તેના નામે ચૂંટણીમાં પ્રચાર પણ થશે. ૧૫ ડિસેમ્બરે શરૂ થયેલા આંદોલનમાં પ્રથમ દીવસે પુરુષ મહિલાઓ મળીને ૨૫ જેટલી સંખ્યા હતી. અને અત્યારે અધધધ કહી શકાય તેટલા આંદોલનકારીઓની મેદની જામી છે. અહીના વેપાર-ધંધા, રોડ-રસ્તા બધું જ બંધ તેમજ જામ છે. પરિણામે આ આંદોલનના વિશ્વકક્ષાએ પડઘા પડ્યા છે. વિશ્વ કક્ષાએ નોંધ પણ લેવાઈ છે. તો વિદેશમાં પણ પ્રસાર- પ્રચાર માધ્યમોએ મહત્વ આપ્યું છે. ત્યારે મહિલાઓ કહે છે કે અમે દેશના બંધારણને બચાવવા આંદોલન કરીએ છીએ.આ આંદોલનમાં કોલેજની- શાળાઓની વિદ્યાર્થીનીઓ, કદી આંદોલનમાં ભાગ લીધો ન હોય તેવી મહિલાઓ પણ જોડાઈ ગઈ છે. સરકારની મૂંઝવણ એ બની છે કે આંદોલનના કોઈ નેતા નથી કે વાત કરી શકાય.... કારણ આ સ્વયંભૂ આંદોલન છે પરિણામે સરકાર સીએએ-એનઆરસી વિરોધ કરનારાઓને સમજાવવામાં નિષ્ફળ ગઈ છે તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે....!? અને ત્યારે જ સીએએ મુદ્દે આવેલ ફરીયાદો સ્વિકારવા સાથે કોર્ટે સરકારને ચાર સપ્તાહમા જવાબ આપવા નોટિસ આપી છે.

બી અવેયર : વધારે પ્રમાણમાં ફળ ખાવાથી દુર રહેવાની સલાહ છે

ડાયાબિટીસ દર્દી ફળો ખાઈ શકે ?

ડાયાબિટીસના દર્દીઓને ફળ ખાવા જોઈએ કે કેમ તે પ્રશ્ન હાલના સમયમાં તમામ લોકો કરતા રહે છે. આને લઈને વિરોધાભાસી જવાબો પણ મળતા રહે છે. ડાયાબિટીસથી ગ્રસ્ત કેટલાક લોકોને એવુ લાગે છે કે ખાંડનુ પ્રમાણ હોતુ નથી જેથી વધુને વધુ પ્રમાણમાં ફળ ખાઈ શકાય છે. જ્યારે કેટલાક લોકો એવા પણ છે જેમને લાગે છે કે ફળ ગળ્યા હોય છે જેથી તેમાં ખાંડનુ પ્રમાણ તો ચોક્કસપણે હોય છે. જેથી તેમનાથી દુર રહેવાની જરૂર છે. આવા ફળ ખાવાથી બ્લડમાં સુગરનુ સ્તર વધવાનો ખતરો રહે છે. આવી સ્થિતીમાં શુ કરવામાં આવે તેવા પ્રશ્ન તમામને સતાવતા રહે છે., માનવ શરીરમાં જે સુગરને ઉર્જા પેદા કરવા માટે સૌથી વધારે ઉપયોગ કરે છે તે ગ્લોકોઝ છે. બટાકા,ચોખા, દુધ ,રોટલી, તમામ ચીજો પચીને લોહીમાં ગ્લોકોઝ પ્રદાન કરે છે. ભોજનમાં લેવામાં આવેલા ખાદ્ય પદાર્થો પેટમાં પચે છે. જેથી ભોજન બાદ હમેંશા લોહીમાં ગ્લોકોઝનુ પ્રમાણ વધેલુ રહે છે. સામાન્ય લોકોમાં આ સ્તર ઓછુ વધે છે. જ્યારે ડાયાબિટીસના દર્દીઓમાં આ સ્તર વધારે પ્રમાણમાં વધે છે. આ બાબતને આધાર તરીકે ગણીને ભોજનના બે કલાક સુધી લોહીમાં સુગરના પ્રમાણની તપાસ કરવામાં આવે છે. અમે લોકો જે દરરોજ ભોજન કરીએ છીએ તેમાં કેટલાક પ્રમાણમાં સુગરનુ પ્રમાણ હોય છે. દુધમાં લેક્ટોજ હોય છે. ફળોમાં ફ્રટોજ અને રોટલીમાં માલ્ટોજ હોય છે. આ વાસ્તવિકતા છે કે જો અમે ફળ ખાઈએ છીએ તો લોહીમાં તરત ગ્લુકોઝન પ્રમાણ એટલુ વધતુ નથી જેટલુ મિઠાઈ ખાવના કારણે વધે છે. અલબત્ત શરીરની અંદર ખાવામાં આવેલા ફકટોજ એટલે કે ફળોના કારણે મળનાર સુગરને ગ્લુકોઝમાં બદલી નાંખવા માટેની પ્રણાલી પણ છે. જેથી ફળનો વધારે પડતો ઉપયોગ પણ ડાયાબિટીસથી ગ્રસ્ત રહેલા લોકોએ કરવો જોઈએ નહી. ફકટોજનના કેટલાક અન્ય નુકસાન પણ રહેલા છે. તે



ઉર્જા પેદા કરવા માટે ગ્લુકોઝનો ઉપયોગ કરવામાં આવે છે : વધારે પડતા ફળ ખાવાથી દર્દીને નુકસાન થાય છે : નિષ્ણાંતો પણ માને છે

શરીરમાં ટ્રાઈગ્લિસરાઈડ નામના સ્તરને વધારીને સ્થુળતા વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ફળમાં ફકટોજ ઉપરાંત બીજા પૌષક તત્વો પણ હોય છે. ઈન્સુલિનનુ કામ માનવ કોશિકામાં ગ્લુકોઝને પ્રવેશ અપાવવા માટેનો રહેલો છે. જેથી તેનો ઉર્જા બનાવવામાં ઉપયોગ થઈ શકે છે. જો ફકટોજનુ પ્રમાણ વધારે લેવામાં આવે છે તો તે ઈન્સુલિનના કારણે કોશિકામાં પ્રવેશ મેળવનાર ગ્લુકોઝને રોકે છે. આના કારણે લોહીમાં ગ્લુકોઝનુ પ્રમાણ વધી જશે. ડાયાબિટીસના દર્દીઓ ગળ્યા ફળ ઓછા પ્રમાણમાં ખાવે તેમ નિષ્ણાત તબીબો સલાહ આપે છે. વૈશ્વિક ડાયાબિટીશના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીશના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીશનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીશના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીશ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીશથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે. આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબિટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મિલિયનથી વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મિલિયન સુધી પહોંચી જશે. જો પૂરતા પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બનશે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દર ૧૦ સેકન્ડમાં ત્રણ નવા કેસ નોંધાઈ રહ્યા છે અથવા તો દર વર્ષે ૧૦ મિલિયનનો ઉમેરો થઈ રહ્યો છે. આ વર્ષે દક્ષિણ એશિયામાં ડાયાબિટીશના દર્દીઓની સંખ્યા ૭૧.૪ મિલિયનમાંથી આ સંખ્યા ૨૦૩૦ સુધી વધીને ૧૨૦.૯ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા છે. આઈડીએફએ એવો અંદાજ મૂક્યો છે કે ૩૬.૨ મિલિયનની હજુ ચકાસણી કરવામાં આવી નથી. દરેક પાંચ ડાયાબિટીસના રોગી પૈકી ચાર ૪૦થી ૫૯ સુધીની વયના છે. આશરે ૭૮૦૦૦ બાળકોને દર વર્ષે ટાઈપ-૧ ડાયાબિટીસ રોગની અસર થઈ રહી છે. ૨૦૩૦ સુધી દરેક દસ પુખ્તવયના લોકો પૈકી એકને ડાયાબિટીસની અસર રહેશે. દર્દી કેટલીક ચોક્કસ સાવધાની રાખે તે જરૂરી છે.

છાતીમાં હળવા દુખાવાને પણ હળવાશથી ન લઈ શકાય

માઈલ્ડ હાર્ટ અટેક પણ ખતરનાક છે

હાર્ટ સાથે જોડાયેલી બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધુ સંખ્યામાં લોકોના મોત થાય છે. આ જ કારણ છે કે હાર્ટ અટેકનુ નામ સાંભળતાની સાથે જ દર્દી ભયભીત થઈ જાય છે. આનુ કારણ છે કે હાર્ટ અટેકના કારણે મિનિટોની અંદર જ વ્યક્તિનુ મોત થઈ જાય છે. જો કે કેટલાક લોકોને હાર્ટ અટેકનો હળવો આંચકો આવે છે. જેને માઈલ્ડ હાર્ટ અટેક કહેવામાં આવે છે. આ માઈલ્ડ અટેક હાર્ટ અટેકના મોટા કારણ તરીકે હોય છે. માઈલ્ડ હાર્ટ અટેક મેડર અટેકના કારણ તરીકે હોય છે. જો કે જાણકારીના અભાવમાં લોકો આને હાર્ટ બર્ન અથવા તો ગેસની સમસ્યા સમજીને નજર અંદાજ કરી નાંખે છે. જે તેમના માટે ભારે પડી જાય છે. મેક્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડોક્ટર વિવેક કુમાર કહે છે કે માઈલ્ડ હાટ અટેકના પણ કેટલાક લક્ષણો રહેલા છે. માઈલ્ડ હાર્ટ અટેક શુ છે તેની વાત કરવામાં આવે તો વિવેક કહે છે કે માઈલ્ડ હાર્ટ અટેકનુ નામ સામાન્ય ભાષામાં નાના હાર્ટ અટેક તરીકે કહેવામાં આવે છે. આમાં પણ પ્રક્રિયા તો એજ હોય છે. જે હાર્ટ અટેકમાં હાર્ટને સંપૂર્ણરીતે બંધ કરી નાંખે છે. જો કે આમાં હાર્ટને સંપૂર્ણરીતે નુકસાન થતુ નથી. ટ્રેડમિલ પર દોડતી વેળા પણ હાર્ટ અટેકનો ખતરો રહે છે જેથી સાવધાની જરૂરી રહે છે. ડોક્ટર વિવેક કહે છે કે માઈલ્ડ અટેક અથવા તો નાના અટેક બાદ શરીરમાં બ્લડ ફ્લો સામાન્ય થઈ જાય છે. જેથી લોકોને લાગે છે કે આ ગેસની સમસ્યા અથવા તો હાર્ટ બર્ન સમજીને નજરઅંદાજ કરી નાંખે છે. જો કે માઈલ્ડ હાર્ટ અટેકને મોટો હાર્ટ અટેકનો સંકત કહી શકાય છે. તેને ગંભીરતાની સાથે ગણવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના મામલામાં આગામી ૩૦ દિવસોમાં ફરી એકવાર અટેક આવવાનો ખતરો રહેલો છે. આ હાર્ટ અટેક પણ મોટા હાર્ટ અટેકની



હાર્ટ સાથે સંબંધિત બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધારે લોકોના મોત થાય છે : હાર્ટ અટેક જીવલેણ છે

જેમ જ હોય છે. જો કે આમાં દર્દીને સમય મળી જાય છે અને તે સારવાર કરાવી શકે છે. જરૂરી સાવધાની રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. માઈલ્ડ હાર્ટ અટેકમાં ભારે પણ લાગે છે. બેચેની રહે છે. જોકે આ લક્ષણની ઈન્ટેનસિટી ઓછી હોય છે. જેથી લોકો આને નજર અંદાજ કરી નાંખે છે. હાર્ટ અટેક પોતે એક ઈમરજન્સી મેડિકલ સ્થિતી છે. જેમાં કેટલીક વખત તો દર્દીને હોસ્પિટલમાં પહોંચવા માટેનો પણ સમય મળતો નથી. પોતાના નજીકના તબીબનો તરત સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. માઈલ્ડ હાર્ટ અટેકની શક્યતા હોવાની સ્થિતીમાં દર્દીને ટ્રોપોનિન ટેસ્ટ માટેની સલાહ આપવામાં આવે છે. આમાં ઈસીજી, ઈકો અને કાર્ડિયેક એન્જાઈમ્સની ચકાસણીની સલાહ આપવામાં આવે છે. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

નાગરિક સુધાર કાનુન-એનઆરસીની સામે એકતા થઈ નથી

વિપક્ષી એકતાના પ્રયાસો ફલોપ રહ્યા

નાગરિક સુધારા કાનુન અને રાષ્ટ્રીય નાગરિકતા નોંધણી (એનઆરસી)ની સામે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી દ્વારા કેન્દ્ર સરકાર વિરોધી બે ડઝન વિપક્ષી દળોની એકતાને લઈને બોલાવવામાં આવેલી બેઠક બિલકુલ ફલોપ સાબિત થઈ રહી છે. સોનિયા ગાંધી દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં જુદા જુદા પ્રભાવશાળી ક્ષેત્રીય દળ સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી તેમજ તૃણમુળ કોંગ્રેસ તેમજ ટીડીપી અને શિવસેનાએ હાજરી આપી ન હતી. બહાર ભલે વિરોધ પ્રદર્શન જારી છે પરંતુ મિટિંગ બોલાવવામાં આવ્યા બાદ આ બેઠક ફલોપ રહી હતી. બેઠકનો તમામ મોટા પક્ષોએ બહિષ્કાર કરતા સોનિયા ગાંધાના વિપક્ષી એકતાના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. સોનિયા ગાંધી દ્વારા આયોજિત બેઠકમાં ભાગ લેવા માટે સૌથી પહેલા બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. મમતા બેનર્જીનુ કહેવુ હતુ કે બંગાળમાં તો કોંગ્રેસી નેતા ડાબેરીઓની સાથે મળીને અમારી સામે અભિયાન ચલાવે છે. દિલ્હીમાં સોનિયા ગાંધી બેઠકમાં વિપક્ષી નેતાઓને બેઠક માટે આમંત્રણ આપે છે. કોંગ્રેસના આવા બેવડા વલણના કારણે દિલ્હીની બેઠકનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. મમતા બેનર્જીનુ કહેવુ હતુ કે અમે કેન્દ્ર સરકારની નીતિઓનો વિરોધ કરીએ છીએ પરંતુ કોંગ્રેસના સાથની કોઈ જરૂર નથી. બસપના વડા માયાવતીએ બેઠક પહેલા કહ્યુ હતુ કે રાજસ્થાનમાં બસપ ધારાસભ્ય કોંગ્રેસને બિનશરતી સમર્થન આપે છે. તેમ છતાં રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગહેલોતે બપસના તમામ છ ધારાસભ્યોને તોડીને કોંગ્રેસમાં સામેલ કરાવી લીધા છે. કોંગ્રેસી એકબાજુ વિપક્ષી એકતાની વાત કરે છે ત્યારે બીજુ બાજુ મુખ્યપ્રધાન ગહેલોત બે વખત અમારા ધારાસભ્યોને તોડીને



તમામ મોટા વિરોધ પક્ષોએ સોનિયા ગાંધીની બેઠકમાં હાજરી ન આપીને વિપક્ષી એકતાના પ્રયાસોને મરણતોળ ફટકો આપ્યો છે

પોતાની પાર્ટીમાં સામેલ કરાવી રહ્યા છે. જેથી અમે કોંગ્રેસની સાથે કોઈ પણ પ્રકારના ગઠબંધન કરવાની સ્થિતીમાં નથી. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ છે કે તેઓ કેટલીક બાબતોને લઈને પુરતી માહિતી ધરાવતા નથી. શિવ સેના મહારાષ્ટ્રની અઘાડી સરકારમાં કોંગ્રેસની સાથે સામેલ છે. જો કે શિવ સેનાએ પણ સોનિયા ગાંધીની વિપક્ષી દળોની બેઠકમાં હાજરી આપવાનો ઈન્કાર કર્યો હતો. તમિળનાડુમાં એમ સ્ટાલીનની ડીએમકે, આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુની ટીડીપી તેમજ દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલની પાર્ટી પણ તેમાં સામેલ થઈ નથી. કોંગ્રેસ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં કોંગ્રેસ ઉપરાંત ડાબેરીઓ, ઝારખંડ મુક્તિ મોરચા, જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સ, પીડીપી, તેમજ અજિત સિંહની પાર્ટી જોડાઈ હતી. ઈન્ડિયન મુસ્લિમ લીગ, શરદ યાદવની લોકતાંત્રિક જનતા જળ, કર્ણાટકની જનતા દળ સેક્યુલર, જીતનરામની પાર્ટીના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. સમાજવાદી પાર્ટીના લોકો પણ હાજર રહ્યા હતા. કોંગ્રેસની બેઠકમાં જે ૧૭ પક્ષો હાજર રહ્યા હતા તેમાં તેમની પાસે લોકસભાની માત્ર ૭૩ સીટો છે. તે તમામ દળોને મળીને લોકસભામાં ૨૪.૫૯ ટકા મત મળ્યા હતા. કેટલાક પક્ષોની તો એક પણ લોકસભા સીટ નથી. જ્યારે કોંગ્રેસની પાસે ૫૨, એસસીપીની પાસે પાંચ, નેશનલ કોન્ફરન્સની પાસે ત્રણ, મુસ્લિમ લીગની પાસે ત્રણ સીટો રહેલી છે. બીજી બાજુ કોંગ્રેસની બેઠકનો બહિષ્કાર કરનાર પાર્ટીઓની વાત કરવામાં આવે તો અખિલેશ યાદવની પાર્ટીની પાસે પાંચ લોકસભા સાંસદ છે. માયાવતીની પાસે ૧૦ સાંસદ છે. આવી જ રીતે મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીની પાસે ૨૨ સાંસદો રહેલા છે. તમિળનાડુમાં સ્ટાલીનની પાર્ટીની પાસે ૨૪ સાંસદો રહેલા છે. શિવ સેનાની પાસે ૧૮ સાંસદો રહેલા છે. વિપક્ષી દળો તરફથી આ બેઠકને માન્યતા મળી ન હતી. જો કે તેમની તમામની હાજરી રહી હોત તો તમામની પાસે મળીને લોકસભાની સીટની સંખ્યા ૧૫૭ રહી હોત.

આ તમામ પક્ષોને છેલ્લી લોકસભા ચૂંટણીમાં ૪૧.૭૬ ટકા મત મળ્યા હતા. વર્તમાન સમયમાં કોંગ્રેસ પાર્ટીની હાલત ખુબ ખરાબ થઈ ગઈ છે. તેની પ્રતિષ્ઠા મોટા ભાગના રાજ્યોમાં ખરાબ થઈ ગઈ છે. પ્રાદેશિક પક્ષો તેના કરતા વધારે મજબુત છે.

૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસ સામે મોદી એકલવીર હતા, આજે દિલ્હીમાં એકલવીર કેજરીવાલ સામે ભાજપાની આખી ફોજ..... કારણ....?!



૨૦૧૪માં કેન્દ્ર સરકારમાં ભાજપાને બહુમતી અપાવવામાં એકલવીર નરેન્દ્ર મોદીનો સિંહ ફાળો હતો. તેઓ મુખ્ય પ્રચારક હતા, તેઓએ દેશભરમાં ફરીને લોકોને વાયદા-વચનો આપી જે વિશ્વાસ પેદા કર્યો હતો તેનો ગ્રાફ હવે દેશભરમાં ઓસરીને નીચલા સ્તરે પહોંચી ગયો છે....! તેના કારણે દિલ્હી રાજ્ય વિધાનસભા ચૂંટણી જીતવા ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમીત શાહ, કેન્દ્રના ૭૦ જેટલા મંત્રીઓ, ૮૦ ઉપરાત સાસદો, ૧૧ રાજ્યના મુખ્યમંત્રીઓને ઉતારવાની નોબત આવી ગઈ છે....! અને આ બધા કેજરીવાલ અને તેની સરકાર ન બને તે માટે તમામ જોર લગાવી દીધું છે. પરંતુ દિલ્હીના જાગ્રત મતદારો જાણે છે કે રાજ્યમાં પ્રજાહિતના કામ કોણે કર્યા છે... વીતેલા પાંચ વર્ષમાં ભાજપાએ કે તેના દિલ્હીના સાંસદોએ કે કોંગ્રેસ પક્ષે દિલ્હી રાજ્યમાં કોઈ પ્રજાહિત પ્રશ્નો માટે મેદાનમાં આવવા પ્રયત્નો કર્યા નથી કે આવ્યા જ નથી.... તેમ કહીએ તો તે અતિશયોક્તિ નથી....! વળી કેજરીવાલે દિલ્હી રાજ્યમાં પ્રજાહિતના કામ કરવા ઉપરાત જે આર્થિક રાહતો આપી છે તેનાથી મતદારો તેમના ઉપર ઓળઘોળ છે.. પરંતુ મતદારો પોતાનું મન કળાવા દેતા નથી....! તો કેજરીવાલે આ ચૂંટણીમાં પોતાની સરકાર અને દીલ્હી રાજ્યમાં કેવા ૧૦ કામો કરવા માંગે છે તે બતાવવા સાથે તે કામો કરવાની ખાત્રી આપે છે... એટલે લોકોને તેમના ઉપર વધુ વિશ્વાસ છે. ઉપરાંત આમ આદમી પાર્ટીના ઉમેદવારો ભાજપાવાળો દાવ ખેલી નાખવામાં પ્રથમ રહ્યા છે.... આપના તમામ ઉમેદવારો દિલ્હી ભરના ઘર ઘરમાં ફરીને મતદારોની મુલાકાત લઈ કેજરીવાલ સરકારે કરેલા કામો અને હવે જે કામ કરવા માંગે છે તે અંગેનો સંદેશો ઘેર ઘેર પહોંચાડયો છે... એટલે મતદારો "આપ" ઉપર વધુ ખુશ છે.... તો ભાજપા પાસે એક પણ ચુટણી મુદ્દો નથી કે જેમાં દિલ્હી રાજ્યના વિકાસની વાત હોય.... એટલા માટે શાંતિથી તિરંગા સાથે ગાંધી ચીંધ્યા રાહે ચાલી રહેલા શાહીનબાગ મહિલા આંદોલનનો મુદ્દો મારીમચડીને ભાજપાએ ઉભો કરવો પડ્યો છે....! ટૂંકમાં કેજરીવાલને હરાવવા ભારે પડે તેમ છે..... તેવું લાગતા ભાજપાએ વડા પ્રધાન, ગૃહમંત્રી સહિત સાંસદો અને મુખ્યમંત્રીઓની ફોજ ઉતારવી પડી છે....! ત્યારે ૨૦૧૪ની ચુંટણીના એક માત્ર વીર નરેન્દ્ર મોદીએ વિપક્ષોને ભારે ટક્કર આપી હતી તેની યાદ આવે છે....!

ભાજપાને દિલ્હી રાજ્યની ચૂંટણી જીતવી અઘરી લાગતા જેની સાથે ચૂંટણી સમજૂતી કરી ન હતી તે અકાલીદળના શરણે જવા ફરજ પડી છે. કારણ...શીખ મતદારોની સંખ્યા સવિશેષ છે. તો બિહારી લોકો પણ મોટા પ્રમાણમાં મતદારો છે એટલે નીતીશની મજબૂરીનો લાભ ઉઠાવી સીએએનો વિરોધ કરતા સાસદ પ્રશાંત કિશોર અને પવનને પક્ષમાંથી હકાલપટ્ટી કરી દેવા સાથે દિલ્હીમાં નીતીશ કુમાર સાથે રેલીનુ આયોજન કર્યું છે. બીજી તરફ અનુરાગ ઠાકુર અને વર્માના ઉશ્કેરણીજનક નિવેદનો કરવા માટે ચૂંટણી પંચે ફક્ત ભાજપા પ્રચારકની યાદીમાંથી દૂર કરીને સંતોષ માન્યો છે. પરંતુ પોલીસ ફરિયાદ ન કરતા આમ પ્રજામાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે.... તે સાથે સવાલ કરે છે કે જો કોઈ વિરોધ પક્ષના નેતાએ ઠાકુર કે વર્મા જેવા શબ્દો વાપર્યા હોત તો.....? ચૂંટણીપંચ કંઈ જ બાકી ન રાખત....! ત્યારે ચૂંટણીપંચ તટસ્થ કે સ્વાયત્ત છે તે પ્રમાણિત કરવા આવા બેફામ ઉશ્કેરણીજનક પ્રજામાં ડરનો માહોલ પેદા કરે તેવા નિવેદનો કરવા બદલ પોલીસ કેસ નોંધાવશે છે કે કેમ તેવો પ્રશ્ન આમ પ્રજામા ઉઠવા પામ્યો છે.....! ભાજપાના ચુટણી જીતવાના ભરપૂર પ્રયાસો પછી પરિણામો કોના તરફ આવશે તે સ્પષ્ટ અનુભવાય છે.... પરંતુ ઉલ્લેખ કરવો યોગ્ય નથી....!?

દિલ્હીમાં ચૂંટણીને કારણે વિડીયો અને જાહેર સભાઓની ભરમાર ચાલી રહી છે..... ત્યારે જ એક વીડિયો વાયરલ થયો છે તેની દિલ્હીના મતદારોએ ગંભીરતાથી નોંધ લીધી છે... કેજરીવાલની રેલીઓ કે જાહેર સભામાં સ્થાનિક દિલ્હીવાસીઓ ઉમટી પડતા હોય છે. જ્યારે ભાજપાની રેલીઓમાં દિલ્હી બહારના લોકોને તેમાંય યુવાનોને લાવીને વિશાળ રેલી હોવાના દાવા થઈ રહ્યા છે....! પરંતુ એક સ્થાનિક ટીવી ચેનલે ભાજપાની રેલીમાં જોડાયેલા લોકોનો ઈન્ટરવ્યું લઈ પર્દાફાસ કરી દીધો છે... તેમાં જોડાનારા કહે છે અમે રાષ્ટ્રીય હિત માટે આવ્યા છીયે... પરંતુ ગાંધી હત્યારા ગોડસે મુર્દાબાદ બોલો કહેતા તેઓ ચૂપ થઈ ગયા હતા.... તો તેઓ રેલીમાં આવવા માટે રૂ ૫૦૦ નક્કી કર્યા હોવાનું જણાવતા હતા. ટૂંકમાં ભાજપા વિશાળ રેલીના ખોટા દર્શન હતા.....! તેમા સ્થાનિક મતદારોની નથી જોડાતા તે વાત ફલીત થાય છે... આ વીડિયો જોયા બાદ દિલ્હીના મતદારો કપીલ મિશ્રા, ઠાકુર,વર્મા જેવા નેતાઓના જાહેર ભાષણોથી નારાજ હતા.... તેમાં આ વિડીયોએ બધાને વધુ ભડકાવ્યા છે....! મતદારો કહે છે કે કેન્દ્રમા એક વાર જોરદાર તક આપી છે....ભાજપા કામની-દિલ્હીના વિકાસ કામોની વાત કરતો નથી... અને શાંત ચાલી રહેલા શાહીનબાગ મહિલા આદોલનને સત્તા મળે તો એક કલાકમાં ખતમ કરવાની વાત કરે છે.... પરંતુ દિલ્હી રાજ્યની કાયદો- વ્યવસ્થા અને તેના રખેવાળ પોલીસ ફોર્સ છે અને તેની તમામ સત્તા કેન્દ્ર સરકારના હાથમાં છે... તો અત્યાર સુધી મોદી સરકારે કેમ કોઈ પગલા ન લીધા...? અને હવે શાહીનબાગના નામે મત માંગે છે....? તેવો સવાલ મતદારો કરી રહ્યા છે....?!



દિલ્હીમાં જામિયા નગર ખાતે રાજઘાટ શ્રધ્ધાજલી આપવા જઈ રહેલી વિદ્યાર્થીઓની રેલી સામે ખુલ્લેઆમ આવીને પોલીસની હાજરીમાં નોઈડાનો વિદ્યાર્થી ગોપાલ હાથમા પિસ્તોલ રમાડતો રમાડતો "લો યે આઝાદી" કહીને ગોળી છોડે છે.

બુલંદ ભારતકી બુલંદ તસવીરઃ વિરોધીઓને ગોળી મારો..... ભાડમેં જાયે .....!!

દિલ્હીમાં એક તરફ દેશના બજેટની તૈયારી છે તો બીજી તરફ દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ અને ત્રીજો મુદ્દો છે દેશભરમાં સીએએ અને એનઆરસી નો થયેલો વિરોધ. અને ત્યારે દિલ્હીની ચૂંટણીમાં ભાજપાએ શાહીનબાગને મુદ્દો બનાવી જીત મેળવવાના પ્રયાસો આદર્યા છે. ત્યારેજ દિલ્હીમાં જામિયા નગર ખાતે રાજઘાટ શ્રધ્ધાજલી આપવા જઈ રહેલી વિદ્યાર્થીઓની રેલી સામે ખુલ્લેઆમ આવીને પોલીસની હાજરીમાં નોઈડાનો વિદ્યાર્થી ગોપાલ હાથમા પિસ્તોલ રમાડતો રમાડતો "લો યે આઝાદી" કહીને ગોળી છોડે છે. જેનાથી એક વિદ્યાર્થી ઘાયલ થાય છે અને પોલીસ ગોપાલને પકડી લે છે. પરંતુ પોલીસે અગાઉ અટકાયત કેમ ન કરી કારણ તણે ફેસબુક ઉપર બદલાની વાત કરી હતી તેવો મુદ્દો ઉઠવા પામ્યો છે. આ ઘટનાક્રમનો વિડીયો વાયરલ થયો છે ત્યારે દિલ્હીવાસીઓ આ જોઈને જામિયાનગર ખાતે દરેક જાતિ અને કોમના લોકો ઉમટી પડ્યા હતા.અને સરકારનો વિરોધ કરવા સાથે સુત્રોચ્ચારો પોકાર્યા હતા તે સાથે સીએએ અને એનઆરસી સામે પણ ભારે વિરોધમા સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર પોકાર્યા હતા. આ ઘટનાથી ભાજપામાં અને સરકારમાં ભારે ડર પેસી ગયો હતો કે આ ઘટનાની અસર દિલ્હીની ચૂંટણીઓ પર પડશે તો....? જેએનયુમાં બુકાનીધારીઓએ યુનિવર્સિટીમાં કરેલા હુમલા અને તોડફોડ બાદ પણ કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ ચુપ રહ્યા હતા... તો પોલીસે પણ કોઈ પગલા લીધા ન હતા....! પરંતુ આ ગોળી છોડવાની ઘટના બાદ ગૃહ મંત્રીએ પોલીસને આદેશ આપ્યો કે ગોળીબાર કરનારની તાત્કાલિક ધરપકડ કરી પગલાં ભરો... આને શું કહેવાય.....? લોકો કહે છે કે કેન્દ્ર સરકાર "ન્યુ ઈન્ડીયા"--(નયા ભારત) બનાવવા માંગે છે. તો શું આ રીતે, આ ભાષામાં ગમે ત્યાં બેજીજક કોઈ પણ વ્યક્તિ ગોળીઓ મારી શકે તેવું ભારત બનાવવા માંગે છે....? લોકોને શાહીનબાગના નામે ડર બતાવવામાં આવી રહ્યો છે....? તો "ગદ્દારોકો ગોલી મારો સાલોકો" આવા ઉચ્ચારણો યુવાનોને- અન્ય લોકોને પ્રેરણા છે....? અને તો જ આવા યુવાને પોલીસ રોકતી નથી અને મુક પ્રેક્ષકની જેમ જોયા બાદ થોડી વાર પછી ધરપકડ કરે છે. તો શું આવુ ભારત ભાજપા સરકાર ઈચ્છી રહી છે....? આવા અનેક પ્રશ્નો રાજકીય પંડિતો અને બુદ્ધિજીવીઓ સહિતના લોકો ઉઠાવી રહ્યા છે.....!! આ ઘટનાનો વીડિયો જોયા બાદ એ ઘટના યાદ આવે છે કે ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ માં બિરલા હાઉસ ખાતે એક વ્યક્તિ આવે છે, પોલીસ તેને તપાસતી નથી અને મૂક પ્રેક્ષક તરીકે જોઈ ને જવા દે છે અને સાજે ૦૫:૧૭ કલાકે ગોળીના અવાજ સંભળાય છે. ગોળી રાષ્ટ્રપિતા મહાત્મા ગાધી ઉપર નાથુરામ ગોડસેએ ગોળી મારી તેમની હત્યા કરી ત્યારે એક અવાજ સંભળાયો હતો...હે.... રામ... ત્યારબાદનો ભારતનો ઈતિહાસ સૌ કોઈ જાણે છે. ૭૨ વર્ષના શાસનમાં ક્યારેય પણ બંધારણ મુદ્દે લોક આંદોલનો થયા નથી. કોઈ પણ લોકોએ બંધારણ બાબતે વિરોધ કર્યો નથી કે રોડ-રસ્તા ઉપર આવ્યા ન હતા. તો કોઈપણ મંત્રીએ એવું કહ્યું ન હતું કે તમારે વિરોધ કરવો હોય તો કરો અમે નિર્ણય લીધો છે તે લીધો છે તો કોઈ સત્તા પરના મંત્રીએ વિરોધ કરનારાઓ માટે કે આંદોલનકારીઓ ઉપર ગોળી મારી દો સાલોકો નથી કહ્યું, તો કોઈ પણ મંત્રીએ એવું પણ નથી કહેલ કે મત આપવા બટનને એવુ દબાવો કે તેની અસર જ્યા વિરોધ થાય છે ત્યાં થાય... ત્યાં કરંટ હોવો જોઈએ. રાજકીય રીતે જ્યારે આંદોલન ચાલી રહ્યું હોય ત્યારે કોઈ રૂપમાં લૂટફાટ થશે તેવી સ્થિતિ આવી જશે તેવી વાત કોઈ પણ મંત્રીએ વિતેલા ૭૨ વર્ષોમાં કરી નથી.... અને અત્યારે તો એવી સ્થિતિ બોલવાના રૂપમાં આવી ગઈ છે... તો દેશ કઈ રીતે બદલાઈ રહ્યો છે.....? કે પછી દેશને આ રીતે બદલવાનો પ્રયાસ થઈ રહ્યો છે.....? તેવો પ્રશ્ન રાજકીય પંડિતો તથા લોકોમા ઉઠવા પામ્યો છે....!

દિલ્હીમાં બિરલા હાઉસ કે જે હવે ગાંધી સ્મૃતિ તરીકે ઓળખાય છે તેની બાજુમાં નેશનલ ડિફેન્સ કોલેજ છે તેનાથી ૧૦ કિલોમીટર દૂર જામિયા યુનિવર્સિટી છે અને તેનાથી ૨ કીલો મીટર દૂર શાહીનબાગ છે. આ સમગ્ર વિસ્તારમાં સીએએ અને એનઆરસી કાયદા બાબતે લોકોમાં ભારે આક્રોશ વ્યાપેલો છે. નાગરિકતા કાયદા અને એનઆરસી કાયદા બાબતે આ વિસ્તારોમાં ગાંધી ચિંધ્યા રાહે તિરંગા ધ્વજ, રાષ્ટ્રગીતો અને રાષ્ટ્રીય નારા સાથે બહુમત મહિલાઓ- બાળકો સાથે આંદોલનો છેલ્લા દોઢેક માસ ઉપરાંતથી ચાલી રહ્યા છે. તો દેશના મોટાભાગના વિસ્તારોમાં પણ સીએએ- એનઆરસીના વિરોધમાં આંદોલનો ચાલી રહ્યા છે. તાજેતરમાં ભારત બંધના અપાયેલા એલાનમાં ૬૦ ટકા કરતાં વધુ વિસ્તારોમાં બંધ સફળ રહ્યો હતો. તેની નોંધ કેન્દ્ર સરકારે લેવી જ રહી.... બીજી તરફ તારીખ ૩૦મીએ દિલ્હી ગેટ ખાતે પ્રશાંત ભૂષણ સહિત સમાજસેવકો રાજઘાટ ખાતે શ્રદ્ધાંજલિ આપવા ગયા ત્યા શ્રદ્ધાંજલિ આપી રાષ્ટ્ર ગાન કરી લીધા બાદ પોલીસે આ તમામની અટકાયત કરી હતી.જો કે અહીં કલમ ૧૪૪ ન હતી. અને જામિયા સહિત અન્ય યુનિ.ના વિદ્યાર્થીઓ રાજઘાટ શ્રદ્ધાંજલિ આપવા રેલી રૂપે જઈ રહ્યા હતા ત્યારે બપોરે દોઢેક વાગ્યાના સમયે સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે એક વ્યક્તિ રિવોલ્વર સાથે આવે છે કે જેને અગાઉ ફેસબુક ઉપર જાણ કરી હતી છતાં પોલીસ તેને રોકતી નથી અને તે યુવક રિવોલ્વર રમાડતા રમાડતા રેલી ઉપર ગોળીબાર કરે છે જેમા એક વિદ્યાર્થીને ગોળી વાગે છે પછી પોલીસ ગોપાલ ને પકડે છે. આ શું બતાવે છે...? પોલીસે પહેલા પગલાં કેમ ના લીધા....? શુ પોલીસ કોઈના દબાણમાં છે....? તેવા પ્રશ્નો ઉઠાવતા લોકો કહે છે કે દિલ્હીની કાયદો-વ્યવસ્થા અને પોલીસ કેન્દ્ર સરકારના હાથમાં છે ત્યારે આ સરકાર દેશને ક્યાં લઈ જવા માંગે છે...? દેશને માટે આ કઈ ભાષા છે...?... છેલ્લે બજેટ રજૂ થવા જઈ રહ્યું છે ત્યારે આમ પ્રજા માટે તે રાહત આપતું ફૂલગુલાબી હશે કે કેમ....? પરંતુ તેનો જવાબ "ના" માં છે... કારણ દેશની આર્થિક હાલત બેહાલ છે અને ચારે બાજુથી સરકાર સામે ઘૂઘવતા પ્રશ્નોની હારમાળા છે ત્યારે રાહતની અપેક્ષા રાખવી નકામી છે. તેવું રાજકિય પંડિતો અને વેપારી આલમ કહી રહી છે....!! જય શ્રીરામ....



પોતાની થતી ટિકાથી ભયભીત થતા નથી : જટિલ સ્થિતી, આર્થિક મંદી વચ્ચે પણ તમામ પ્રકારના સાહસી નિર્ણય સતત કરી રહ્યા છે

વ્યાપક ટિકા ટિપ્પણી, કેટલાક રાજ્યોમાં પીછેહટ છતાં નિશ્ચિત

મોદીમાં જોરદાર આત્મવિશ્વાસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેજિકને તોડવા માટેની ક્ષમતા વિરોધ પક્ષોમાં દેખાઈ રહી નથી. સાથે સાથે નરેન્દ્ર મોદીમાં આત્મવિશ્વાસ સતત વધી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં હાલમાં કેટલાક રાજ્યોમાં પીછેહટ થઈ હોવા છતાં તેઓ નિશ્ચિત દેખાઈ રહ્યા છે. દેશને કોંગ્રેસ મુક્ત બનાવી દેવાની વાત તેઓ સતત કરી રહ્યા છે. કોંગ્રેસના પ્રધાનો દ્વારા વિતેલા વર્ષોમાં કરવામાં આવેલા કૌભાંડો, ઉંચાપત અને અન્ય ગેરરીતીના લાભ મોદી સતત ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસ શાસનના કોંભાડોનો ઉપયોગ હથિયાર તરીકે મોદી કરી રહ્યા છે. અએક વડાપ્રધાન તરીકે તેમની કામગીરીનુ મુલ્યાંકન કરવામાં આવે તો જાણી શકાય છે કે તેઓ સાહસી નિર્ણય કરવામાં ક્યારેય પીછેહટ કરતા નથી. એક બાબત મુલ્યાંકન કરવામાં આવે તો ઉભરીને આવે છે. તે એ છે કે મોદી તેમની સામે થનાર ટિપ્પણી, વિરોધ પ્રદર્શન અને અન્ય નકાત્મક ટિકાઓથી ભયભીત થતા નથી. કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ દુનિયાના ચોધરી તરીકે ગણાતા અમેરિકાથી તેલની આયાતને બે ગણી કરી દીધી છે. આવી રીતે તેલના મામલામાં અખાત દેશો પર આત્મનિર્ભરતાને ઘટાડી દેવામાં આવી છે. વિપક્ષે નોટબંધી અને જીએસટીના ગાળા દરમિયાન કેન્દ્ર સરકારોને ભીંસમાં લેવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા પરંતુ જે રીતે આક્રમક વલણની જરૂર હતી તેવા વલણની સ્થિતી રહી ન હતી. સમય ધીમે ધીમે પસાર થઈ ગયો અને વેપારીઓ પણ જીએસટી વ્યવસ્થાને સ્વીકાર કરી ચુક્યા છે. આ તમામ સાહસી નિર્ણયોની વચ્ચે મોદીએ ભારતીય વહીવટી સેવાઓના પ્રભાવને પડકાર ફેંકીને સૈન્ય મામલામાં પણ નવા વિભાગની રચના કરી ચુક્યા છે. સેનાનિવૃત થઈ ગયેલા બિપિન રાવતને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બનાવીને મોદીએ કેટલીક નવી બાબતો પુરવાર કરી છે. આ તમામ બાબતો કરવાની બાબત સરળ ન હતી. કારણ કે આઈએએસ લોબીની સામે તમામ લોકો શરણાગતિ સ્વીકાર કરી લે છે. તેઓએ ટોપ અધિકારીઓની ટીમની સામે જઈને આ નિર્ણય કર્યો છે. અલબત્ત આ નિર્ણયને લઈને પ્રજાને કોઈ સીધી રીતે લેવા દેવા નથી. જેથી તે વિષય સોશિયલ મિડિયા પર વધારે ચર્ચામાં નથી. કેન્દ્ર સરકારના પગલાઓને જોતા એમ કહી શકાય છે કે નરેન્દ્ર મોદીની નિર્ભરતા અધિકારીઓ પર ઓછી રહે છે. તેમના દ્વારા જે રીતે રેલવે બોર્ડને કમજોર કરીને ભારતની રેલ સેવાને ખાનગી કરવાના પ્રયાસો કર્યા છે તે પણ બાબત સાહસની રહેલી છે. તમામ પ્રકારના વિરોધ, દેખાવો અને અન્ય રીતે લોકોની નારાજગી છતાં મોદીએ ટ્રેનોને કેટલાક અંશે ખાનગી હાથમાં સોંપીને નિર્ણયો લાગુ પણ કરી દીધા છે. સાથે સાથે ખાનગી કંપનીઓની ભાગીદારી પણ નક્કી કરી દીધી છે. મોદીએ એવો સાહસી નિર્ણય પણ કરી બતાવ્યો છે કે ટ્રેનો મોડેથી દોડશે તો તેની કિંમત યાત્રીઓને ચુકવી દેવી પડશે. કેન્દ્ર સરકારના ૫૫ વિભાગો છે. જેમાંથી પ્રમુખ વિભાગની સંખ્યા ૭૫ જેટલી છે. આમાંથી નરેન્દ્ર મોદીના સૌથી પસંદગીના મંત્રાલય તરીકે પ્રવાસ છે. મોદી કેટલીક વખત કહે છે કે લોકો વર્ષમાં ઓછામાં ઓછા ૧૫ પ્રવાસી સ્થળ પર ફરવા માટે જવાની જરૂર કોશીસ કરવી જોઈએ. ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અને દિલ્હીમાં રાષ્ટ્રીય સ્મારક આના દાખલા છે. કેન્દ્રમાં ભલે સૌથી શક્તિશાળી પ્રધાન તરીકે અમિત શાહ ઉભરી રહ્યા છે પરંતુ મોદીએ પ્રવાસ વિભાગની જવાબદારી પ્રહલાદ સિંહ પટેલને સૌથી તેમને મોદીના પ્રિય બનાવી દીધા છે. પ્રહલાદ સિંહ દ્વારા જે રીતે આ મંત્રાલયને સંભાળી લેવામાં આવ્યુ છે તે જોતા સાબિત થાય છે કે તેઓ મોદીના ઈરાદા અને ઈચ્છાશક્તિને સારી રીતે સમજે છે. મોદી ખુબ સારા અને મજબુત ઈરાદા સાથે આગળ વધી રહ્યા છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ વચ્ચે તેમની અવધિમાં વિપક્ષ દ્વારા સતત પ્રહારો કરવામાં આવે છે છતાં વિપક્ષની ધાર નબળી સાબિત થઈ રહી છે. આ જ કારણ છે કે વિપક્ષના દળો વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં કોઈ કરિશ્મો કરી શક્યા નથી વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક અને રેકોર્ડ જીત મેળવીને મોદીએ સાબિતી આપી છે કે વિપક્ષના પ્રહારો છતાં જનાધારા તેમની સાથે છે.

વડપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય લોકોના મનની વાત જાણીને જે રીતે એક પછી એક નિર્ણય લઈ રહ્યા છે તે જોતા કહી શકાય છે કે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો પાસે તેમની સામે ટક્કર લેવાની ક્ષમતા નતી. જો વિપક્ષ રણનિતી નહીં બદલે તો આવનાર સમયમાં મોદી અજેય બની જશે. જેથી વિપક્ષને નવેસરથી નીંવ ઉભી કરવાની જરૂર પડશે.

દિલ્હી-નોઇડાને જોડતી સડક અવરોધાઈ રહી છે

શાહીન બાગમાં થઈ રહેલા દેખાવો વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં ધા નંખાઈ

ન્યુ દિલ્હી

શાહીન બાગમાં નાગરિકતા અંગેના નવા કાયદા અને નાગરિકોના રજિસ્ટર અંગે છેલ્લા સવા દોઢ મહિનાથી ચાલી રહેલા દેખાવો સામે સુપ્રીમ કોર્ટમાં ધા નાખવામાં આવી હતી.

દિલ્હીના ભૂતપૂર્વ વિધાનસભ્ય નંદકિશોર ગર્ગ વતી કરવામાં આવેલી અરજીમાં જણાવાયું હતું કે દિલ્હી અને નોઇડાને જોડતી સડક છેલ્લા એક મહિના કરતાં વધુ સમયથી અવરોધાઇ હતી અને એને કારણે આમ આદમીને ભારે તકલીફ ઊઠાવવી પડતી હતી.

આ દેખાવકારોને સડક પરથી હટાવવા જોઇએ. દેખાવકારો જાહેર વાહન વ્યવહારને આ રીતે લાંબા સમય સુધી અવરોધી શકે નહીં. અરજદારે એવું પણ જણાવ્યું હતું કે આ વિરોધ પ્રદર્શન સરકારી હુકમ સામે છે. એનો શિકાર આમ આદમીને અને જાહેર વાહનવ્યવહારને બનાવવામાં આવ્યા છે.

લાંબા સમય સુધી આ રીતે જાહેર વાહન વ્યવહારને અવરોધવો એ પણ એક ગુનો છે. દેખાવકારની જિદના પગલે વહીવટી તંત્રને બાનમાં લેવાયું છે. દેખાવકારો ચોક્કસ કોમ-ધર્મના લોકો હોવાથી પોલીસ પણ આકરાં પગલાં લેતાં ખંચકાય છે.

અરજદારે એવો પણ દાવો કર્યો હતો કે દેખાવકારો ગુંડાગર્દી કરી રહ્યા હતા અને સ્થાનિક વહીવટી તંત્ર મૂગે મોઢે તમાશો જોયા કરતું હતું. આમાં કરદાતા નાગરિકોના હિત વિશે કોઇ વિચારતું નહોતું. આ દેખાવો હવે બંધારણની હાંસી ઊડાવતા હોય એવા બની રહ્યા હતા માટે સુપ્રીમ કોર્ટે સ્થાનિક વહીવટી તંત્રને આદેશ આપવો જોઇએ કે સડક ખાલી કરાવો. દેખાવકારોને અહીંથી ખસેડો.

કોરોનાને નાથવા ભારતના અડધા બજેટ જેટલા રૂપિયા ખર્ચવાની ચીનની યોજના

બેઇજીંગ

કોરોના વાયરસના ફેલાયેલા સંક્રમણથી અર્થવ્યવસ્થા પર પડતા અનુમાનિત અસરને દૂર કરવા માટે ચીનની કેન્દ્રીય બેંકે ૧,૨૦૦ અબજ યુઆન એટલે કે ૧૭૩ અબજ ડોલર (૧૨.૧૧ લાખ કરોડ રૂપિયા) નાખવાની યોજના બનાવી છે. ચીનમાં કોરોનાવાયરસને કારણે મોતને ભેટનારા લોકોની સંખ્યા કુદકે ને ભૂસકે વધી રહી છે.

ચીનની સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા આંકડાઓ મુજબ ચીનમાં અત્યાર સુધી કોરોના વાયરસને કારણે કુલ ૪૨૫ લોકોના મોત નિપજયા છે જયારે કે વાયરસને કારણે સંક્રમિત ૬૪ નવા મામલાઓ સામે આવ્યા છે. સમગ્ર દેશમાં વાયરસને કારણે સંક્રમિત લોકોની સંખ્યા ૨૦ હજાર થઈ ગઈ છે. કોરોના વાયરસ સામે લડી રહેલા ચીનમાં સર્જીકલ માસ્ક અને અન્ય જરૂરી મેડીકલ ઉપકરણોની ભારે અછત સર્જાઈ રહી છે. વર્ષ ૨૦૦૨માં કહેર મચાવેલા સાર્સથી પણ વધુ લોકોનો ભોગ લઈ ચૂકેલા કોરોના વાયરસને નાથવા ચીન સહિત સમગ્ર દુનિયાના વૈજ્ઞાનિકો ઉંધા માથે થયા છે.

પીપલ્સ બેંક ઓફ ચાઈનાએ રવિવારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, મહામારીનો સામનો કરવા માટે શેર હજારને સ્થિર બનાવી રાખવા અને બેંકિંગ સિસ્ટમમાં પર્યાપ્ત તરલતા બનાવી રાખવા માટે સોમવારથી બજારમાં ભાવિ ઉંચી કિંમતે વેચાણના કરાર હેઠળ બોન્ડ ખરીદીને ૧,૨૦૦ અબજ યુઆન જેટલું ભંડોળનો પ્રવાહ વધારશે. બેંકે કહ્યું કે, સમગ્ર બેંકિંગ સિસ્ટમમાં નાણાંનો પ્રવાહ પાછલા વર્ષ કરતા ૯૦૦ અબજ યુઆન જેટલો વધુ થશે. ચીનમાં નવા વર્ષની રજા પછી સોમવારે બજારો ફરી શરૂ થવાના છે. સરકારે દેશમાં આવ-જા પર વિવિધ પ્રતિબંધો લગાવી દીધા છે. ચીનમાં ફેલાયેલા જીવલેણ કોરોના વાયરસના ચેપને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૩૦૪ થઈ ગઈ છે અને ૧૪,૩૮૦ લોકો સંક્રમિત થયાની પુષ્ટિ થઈ છે. રાષ્ટ્રીય આરોગ્ય આયોગે (એનએચસી) પોતાના દૈનિક અહેવાલમાં આ માહિતી આપી છે. આ ઉપરાંત હવે આ વાયરસથી ચીનની બહાર પણ મૃત્યુના સમાચાર આવી રહ્યા છે. ફિલિપાઈન્સમાં કોરોના વાયરસના કારણે એક વ્યક્તિનું મોત નીપજયું છે. વિશ્વ આરોગ્ય સંગઠને રવિવારે આ માહિતી આપી હતી.

ટીસીએસને અમેરિકાની ફાર્મા કંપની પાસેથી ૧૦૬૫૦ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો

બેંગલુરુ

આઈટી કંપની ટીસીએસને અમેરિકાની રિટેલ અને હોલસેલ ફાર્મા કંપની વાલગ્રીન્સ બૂટ્સ એલાયન્સએ ૧.૫ અબજ ડોલર(૧૦,૬૫૦ કરોડ રૂપિયા)નો ઓર્ડર આપ્યો છે. ૧૦ વર્ષના કોન્ટ્રાક્ટ અંતર્ગત ટીસીએસ ૧૩૬.૯ અબજ ડોલર(૯.૭૭ લાખ કરોડ રૂપિયા)ની રેવન્યુ વાળી ડબ્લ્યુબીએના તમામ આઈટી ઓપરેશન્સ સંભાળી લેશે. ડબ્લ્યુબીએનો એપ્લિકેશન મેન્ટેનન્સ સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને સિક્યોરિટી ઓપરેશન્સની જવાબદારી ટીસીએસની રહેશે.

ટીસીએસના રિટેલ બિઝનેસના ગ્રોથમાં છેલ્લા બે ત્રિમાસિકથી તેજી જોવા મળી રહી છે. મોટા રિટેલર્સે ટેકનોલોજી પર રોકાણ વધાર્યું છે. આ ટ્રેન્ડથી ટીસીએસને ખૂબ જ આશાઓ છે. ટીસીએસ માટે રિટેલ બીજુ મોટું વર્ટિકલ છે. કંપનીની ૧૫ ટકા રેવન્યુ અહીંથી આવે છે.

ટીસીએસના સીઈઓ રાજેશ ગોપીનાથને છેલ્લા બે ત્રિમાસિકના પરિણામો જાહેર કરતા કહ્યું હતું કે વાલગ્રીન્સ પાસેથી રિટેલ સેગમેન્ટમાં સૌથી મોટો કોન્ટ્રાક્ટ મળ્યો છે. કંપનીનું કહેવું છે કે નવી ડીલ પહેલેથી ચાલી રહેલા કોન્ટ્રાક્ટનો જ વ્યાપ છે. ડબ્લ્યુબીએ છેલ્લા ૧૦ વર્ષથી ટીસીએસની ક્લાયન્ટ છે.

ડબ્લ્યુબીએના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્લોબલ ચીફ ઈન્ફોર્મેશન ઓફિસર ફ્રાંસેસ્કો ટિન્ટોનું કહેવું છે કે તેમની કંપની એક સતત અને ગ્લોબલી યુનીફાઈડ આઈટી ઓપરેટિંગ મોડલ તૈયાર કરી રહી છે. તેના દ્વારા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઓટોમેશન અને ઈનોવેશન પર ફોકસ કરવામાં આવશે.

એરએશિયાના સીઈઓ અને ચેરમેનને બે મહિના માટે પદ પરથી હટાવાયા

કુઆલાલમ્પુર

એરએશિયાના સીઈઓ ટોની ફર્નાંડિસ અને ચેરમેન કમરુદ્દીન મેરાનુને બે મહિના માટે તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આ સમયમાં હજુ વધારો કરવામાં આવી શકે છે. એરલાઈને સોમવારે મલેશિયાના શેરબજારને આ માહિતી આપી છે. લાંચના એક મામલામાં બ્રિટનની સિરિયસ ફ્રોડ ઓફિસ એરએશિયાની વિરુદ્ધ તપાસ કરી રહી છે. આ મામલામાં ફર્નાંડિસ અને મેરાનુની સંડોવણી હોવાની શકા છે.

યુરોપની એરોસ્પેસ કંપની એરબસે ગત સપ્તાહે કહ્યું હતું કે તે ફ્રાન્સ, બ્રિટન અને અમેરિકામાં ભ્રષ્ટાચારની તપાસના મામલાઓને સેટલ કરવા માટે ૩.૬ અબજ યુરો(૨,૮૩૦ કરોડ રૂપિયા) ચૂકવવા તૈયાર છે. એવો આરોપ છે કે એરબસે પ્લેનનો ઓર્ડર મેળવવા માટે માટે એરએશિયાને પણ ૫ કરોડ ડોલર(૩૩૫ કરોડ રૂપિયા)ની લાંચ આપી હતી.

કેજરીવાલનો આપ પક્ષ જંગી બહુમતી સાથે ચૂંટાઇ આવશે : સર્વેક્ષણ

ન્યુ દિલ્હી

આઠમી ફેબ્રુઆરીએ થનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલના આપ પક્ષનું વાવાઝોડું ફરી વળશે એવું એક સર્વેક્ષણમાં જણાવાયું હતું.

એક અખબાર દ્વારા કરાયેલા ઓપિનિયન પોલમાં એવો વર્તારો કરાયો હતો કે ૨૦૧૫નું પુનરાવર્તન થશે એટલે કે અરવિંદ કેજરીવાલનો આપ પક્ષ જંગી બહુમતી સાથે ચૂંટાઇ આવશે.

આ સર્વેમાં એક વાત સ્પષ્ટ થઇ હતી કે મુખ્ય મુકાબલો આપ અને ભાજપ વચ્ચેજ છે. કોંગ્રેસ આ જંગમાં ક્યાંય નજરે પડતો નથી. પ્રચાર સભાઓમાં પણ કોંગ્રેસના કોઇ વરિષ્ઠ નેતા રસ લેતા નથી. બીજી બાજુ ભાજપે પોતાના ટોચના નેતાઓને આ જંગમાં ઊતાર્યા હતા.

આપનો આત્મવિશ્વાસ જબરદસ્ત નજરે પડતો હતો. અરવિંદ કેજરીવાલ પોતે પણ સવારથી રાત સુધી પ્રચાર સભાઓ ગજાવતા હતા. ભાજપના સીએએ અને એનઆરસી વિરોધી હાલ જે વાતાવરણ દેશભરમાં પ્રવર્તી રહ્યું છે એનો લાભ આપ બરાબર લઇ રહ્યો હતો.

આ ઓપિનિયન પોલમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ૨૦૧૫માં આપને ૫૫ ટકા મતો મળ્યા હતા. આ વખતે એની ટકાવારી ઘટવાની શક્યતા છે. ૫૨થી ૫૩ ટકા મતો આપને મળશે. બીજી બાજુ ભાજપને ૩૪ ટકા મતો મળવાની શક્યતા છે. કોંગ્રેસને આ વખતે પણ બેથી ત્રણ બેઠકો મળવાની શક્યતા છે.

૫૧ ટકા લોકોએ એવો મત પ્રગટ કર્યો હતો કે શાહીન બાગમાં ચાલી રહેલા દેખાવો બરાબર નથી. ફક્ત ૨૫ ટકા લોકોએ આ દેખાવોને વાજબી ગણાવ્યા હતા.

મમતાનો દાવો : એનઆરસીની બીકથી પ.બંગાળમાં ૩૧ લોકો મોતને ભેટ્યા

કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ એનઆરસીને લઈને ભાજપ પર એક રેલીમાં હુમલો કર્યો છે.

મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે એનઆરસીનાં કારણે આસામમાં ૧૦૦ લોકોના મોત થયા છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં એનઆરસીના ડરથી જ ૩૧ લોકો મોતને ભેટ્યા છે. શાંતિપૂર્ણ રીતે દેખાવો કરી રહેલા લોકો પર ગોળીઓ ચલાવાઈ હતી. ભાજપ તેમના વિરોધમાં હોય તેવા દરેક વ્યક્તિને ડરાવવાનો પ્રયત્ન કરી રહી છે.

તેમણે કહ્યુ હતુ કે, હું એવા લોકો સાથે સબંધ નથી રાખવા માંગતી જે નફરત ફેલાવતા હોય છે. કેન્દ્ર સરકાર નવી ટેક્સ સિસ્ટમના નામે લોકોને બેવકૂફ બનાવવાની કોશિશ કરી રહી છે.

રાજધાનીને મહેકાવતો મુગલ ગાર્ડન આજથી ખુલ્લો મુકાશે

ન્યુ દિલ્હી

રાષ્ટ્રપતિ ભવનના મુગલ ગાર્ડનનું નામ પડે એટલે દરેકના શ્વાસમાં એ ગાર્ડનમાં રહેલા અધધ ગુલાબના ફૂલોની મહેક ચોક્કસ મહેકી ઉઠે. આમ પણ આ ગાર્ડન વર્ષમાં માત્ર એક જ મહિનો મુલાકાતીઓ માટે ખુલતો હોવાથી તેનું વિશેષ આકર્ષણ રહે છે.

મુલાકાતીઓ માટે ૫ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી આ ગાર્ડન ખુલ્લુ મુકવામાં આવશે. ગાર્ડનની મુલાકાત માટે કોઈ ફી નથી. સોમવાર સિવાય મંગળવારથી રવિવાર સુધી આ ગાર્ડનની મુલાકાત લઈ શકાય છે. સમય છે સવારે ૯.૩૦ થી સાંજે ૪ સુધી. નવી દિલ્હીમાં નોર્થ એવેન્યૂ નજીક રાષ્ટ્રપતિ ભવનના ગેટ નંબર-૩૫માંથી મુગલ ગાર્ડન માટેની એન્ટ્રી છે.

રાષ્ટ્રપતિ ભવનનો મુગલ ગાર્ડન દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગબેરંગી ફૂલોની મહેક સાથે સહેલાણીઓના સ્વાગત માટે તૈયાર છે. ૧૫ એકરમાં ફેલાયેલા આ ગાર્ડનમાં આ વખતે ૧૦ હજારથી વધુ ટ્યૂલીપ ફૂલો, ૧૩૮ પ્રકારનાં ગુલાબનાં ફૂલ ઉપરાંત જૂદા જૂદા ૭૦ પ્રકારના ૫ હજારથી વધુ મોસમી ફૂલો સાથે પાણીનાં ફૂવારા-ઝરણાં જોવાની મજા લેવા જેવી છે. ગાર્ડનના ઈતિહાસ પર એક નજર કરીએ તો કશ્મીરના મુગલ ગાર્ડન ને તાજમહેલની આસપાસના બગીચા પરથી પ્રેરિત થઈને બનાવવામાં આવેલો મુગલ ગાર્ડન રાષ્ટ્રપતિ ભવનની શાન ગણાય છે. જૂની નોંધો પ્રમાણે આ ગાર્ડનની ડિઝાઈન્સ તો ૧૯૧૭માં તૈયાર થઈ ગઈ હતી, પણ છેક ૧૯૨૮-૨૯માં વાવેતર શરૂ થયું હતું. ગાર્ડનની ડિઝાઈન બનાવનાર સર એડવિન લ્યુટ્યન્સે આ ગાર્ડનની શૈલીમાં અંગ્રેજ અને મુઘલ શૈલીનું મિશ્રણ કર્યું હતું. ગાર્ડનની અનેક વિશેષતાઓમાંથી એક અધધધ વેરાયટીના ગુલાબો છે. અહીં ૧૫૯ જાતિના ગુલાબ ખીલે છે. દૂર્લભ અને આકર્ષક ગુલાબો માટે જગપ્રસિદ્ધ આ ઉદ્યાનમાં આ વખતે ગ્રેસ ધ મોનાકો નામનું ગુલાબ ખાસ પ્રકારે લોકોને આકર્ષિત કરશે. આ ગુલાબના છોડને ગયા વર્ષે મોનાકોના રાજા એલ્બર્ટ દ્વિતીયએ અહીં રોપ્યું હતું. આ ઉપરાંત પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી. મધર ટેરેસા, પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ જોન કેનેડી, મહારાણી એલિઝાબેથ અને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના નામના ગુલાબ પણ તમે જોતા રહી જશે.

રાષ્ટ્રપતિ પર મહાભિયોગ...

ડેમોક્રેટ નેતા શિફનો આરોપ : ટ્રમ્પે ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દગાખોરી કરવાનો પ્રયત્ન કર્યો

વોશિંગ્ટન

અમેરિકન સંસદના ઉચ્ચ સદન 'સીનેટ'માં ટ્રમ્પ વિરુદ્ધ લાવાવમાં આવેલા મહાભિયોગ પ્રસ્તાવ પર વિપક્ષી ડેમોક્રેટ પાર્ટીએ દલીલો ખતમ કરી છે. સીનેટમાં ડેમોક્રેટ નેતા એડમ શિફે ચેતવણી આપી છે કે ઈતિહાસ કદી ટ્રમ્પ તરફ દયાવી લાગણી નહીં દાખવે. તેમણે કહ્યું, અમને દરેક હકીકત ખબર છે. જો સદનમાં તેમને બચાવવા માટે વોટિંગ કરવામાં આવશે તો તમે બધા તમારુ નામ ઈતિહાસમાં તેમની સાથે જોડી દેશો. શિફે આરોપ લગાવ્યો છે કે, ટ્રમ્પે ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દગાખોરી કરવાનો પ્રયત્ન કર્યો છે અને જો તેમને સજા કરવામાં નહીં આવે તો તેઓ ફરી આવો પ્રયત્ન કરી શકે છે.

ટ્રમ્પ પર આરોપ છે કે તેમણે બે ડેમોક્રેટ્સ અને રાષ્ટ્રપતિ પદ માટે સ્પર્ધક જો બિડન વિરુદ્ધ તપાસ શરૂ કરવા માટે યુક્રેન પર દબાણ કર્યું હતું. અંગત અને રાજકીય ફાયદા માટે તેમણે તેમની સત્તાનો દૂરઉપયોગ કરીને ૨૦૨૦ રાષ્ટ્રપતિ તૂંટણી માટે તેમના પક્ષમાં યુક્રેનથી વિદેશી મદદ માંગી હતી. તપાસ કમિટીના સભ્યોએ કહ્યું હતું કે, ટ્રમ્પે રાષ્ટ્રપતિ પદની ગરિમાને નબળી કરી છે. તેમણે તેમના પદના શપથનું પણ ઉલ્લંઘન કર્યું છે.

શિફે ટ્રમ્પના ચરિત્ર સામે સવાલ ઉભા કરતાં કહ્યું છે કે, ટ્રમ્પ હજી નથી બદલાયા અને તેઓ ક્યારેય નહીં બદલાય. એક ચરિત્રહિન વ્યક્તિ કદી સારા રસ્તે ના ચાલી શકે. તેઓ પહેલાં પણ કપટ કરવાનો પ્રયત્ન કરી ચૂક્યા છે અને આગામી સમયમાં પણ કરશે. તેની ૧૦૦ ટકા શક્યતાઓ છે. તેઓ જીતી નહીં જાય ત્યાં સુધી ચૂંટણીમાં ગરબડી કરવાનો પ્રયત્ન કરશે.

બીજી બાજુ વ્હાઈટ હાઉસના વકીલ પૈટ સિપોલોને ટ્રમ્પનો પક્ષ રજૂ કરતાં કહ્યું કે, હાલના રાષ્ટ્રપતિ પર આરોપ લગાવીને ડેમોક્રેટ પાર્ટી આ વર્ષે થનારી ચૂંટણી પર નેગેટિવ અસર ઉભી કરવા માંગે છે. તેથી આ સુનાવણી બંધ કરીને ટ્રમ્પને નિર્દોષ જાહેર કરવા જોઈએ અને હવે આગામી રાષ્ટ્રપતિ કોણ હશે તે જનતાને જ નક્કી કરવા દેવું જોઈએ.

કોરોના વાઈરસથી બચવા ચીનીઓએ 'વાઈરસ ટ્રેકર' એપ્સ વિકસાવી

વુહાન

ચીનમાં ફેલાયેલા મહાવિનાશક 'કોરોના વાઈરસ'થી બચવા માટે ચાઈનીઝ નાગરિકો હવે ચેપથી બચવા માટે વાઈરસ ટ્રેકિંગ એપ્સની શરણે આવી ગયા છે. ચીનની 'ક્વોન્ટ અર્બન' નામની ડેટા મેપિંગ કંપની 'વીચેટ' નામની ચેટિંગ એપ્લિકેશને ખાસ મિનિ પ્રોગ્રામ તૈયાર કર્યા છે. આ પ્રોગ્રામ યુઝરને જાણ કરે છે કે આસપાસના કયા વિસ્તારમાં કોરોના વાઈરસના ચેપનો ભોગ બનેલા લોકો છે, જેથી યુઝર્સ વધુ કાળજી લઈ શકે અથવા તો ત્યાં જવાનું ટાળી શકે.

ચેટિંગ એપ 'વી ચેટ'એ 'એપિડેમિક સિચ્યુએશન' નામનો પ્રોગ્રામ તૈયાર કર્યો છે, જે શેન્ઝેન અને ગ્વાંગઝુના દક્ષિણ તરફના વિસ્તારોને આવરી લે છે. જયારે 'કવાંટઅર્બન'નો બ્રાઉઝર આધારિત નકશા પર તૈયાર થયેલો પ્રોગ્રામ તે પ્રોવિન્સના અન્ય નવ શહેરોને આવરી લે છે. આ બંને પ્લેટફોર્મ પર જઈને યુઝર જાણી શકે છે કે પોતાની આસપાસ કયો વિસ્તાર કોરોના વાઈરસથી અસરગ્રસ્ત છે. તે વિસ્તારથી યુઝરનું એક્ઝેક્ટ અંતર પણ દર્શાવવામાં આવે છે, જેથી યુઝર તેનાથી દૂર જઈને વાઈરસથી બચી શકે અથવા તો અલગ રૂટ પસંદ કરી શકે.

શરૂઆતમાં આ મેપમાં કોરોના વાઈરસથી અસરગ્રસ્ત વિસ્તારોને ખોપરી અને ક્રોસ આકારમાં હાડકાંના સિમ્બોલથી બતાવવામાં આવતા હતા, પરંતુ તે લોકોમાં પેનિક પેદા કરતા હોવાની ફરિયાદ થવાથી તેને બદલીને હવે આશ્ચર્યચિહ્ન વડે ચેપગ્રસ્ત વિસ્તારોને દર્શાવવામાં આવે છે.

ચીની સરકાર કોરોના વાઈરસના અસરગ્રસ્ત વિસ્તારો અને તેના ચેપનો ભોગ બનેલા લોકોના વિસ્તાર દીઠ આંકડા રોજેરોજ રિલીઝ કરે છે. તેના પરથી આ બંને પ્લેટફોર્મ્સ પરની માહિતી અપડેટ કરવામાં આવે છે. કોરોના વાઈરસની રોકથામ માટે કામ કરી રહેલા સ્વયંસેવકો સતત નવી માહિતી અપડેટ કરીને આ ટૂલ્સને વધુ ઉપયોગી બનાવવામાં મદદ કરી રહ્યા છે.

ચીનની સરકારી ન્યૂઝ ચેનલએ પણ આવા એપ આધારિત પ્રોગ્રામ્સને સમર્થન આપ્યું છે, જેમાં લોકો એ પણ જાણી શકે છે કે તેમણે જે પ્લેન, બસ કે ટ્રેનમાં મુસાફરી કરી હોય તેમાં કોઈ કોરોના વાઈરસના ચેપનો ભોગ બનેલી વ્યક્તિએ મુસાફરી કરી છે કે કેમ.

પીએમ મોદી
પહેલા પાનાથી ચાલુ

પીએમ મોદીએ કહ્યુ કે આજે એક બાજુ આના નિર્ણયો લેતો પક્ષ છે, જયારે બીજી તરફ આ ફેંસલાની વિરુદ્ધ ઉભેલો વિપક્ષ છે. વોટિંગથી ચાર દિવસ પહેલા ભાજપાના પક્ષમાં આવા માહોલથી અનેક લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પૂર્વ દિલ્હી અને આજે દ્વારકામાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે ૧૧ ફેબ્રુઆરીના રોજ શું પરીણામ આવવાનું છે.

પીએમ મોદીએ કહ્યું કે, દિલ્હીમાં એવી ક્રૂર સરકાર બેઠી છે, દલ્હીના બેઘર લોકોનો શું વાંક છે તેમને પીએમ આવાસ યોજના હેઠળ પોતાનું ઘર નથી મળતું. પીએમ મોદીએ કહ્યું કે, સૌભાગ્ય યોજના હેઠળ અમે જેટલા મફત વીજળી કનેક્શન આપ્યા છે, તે ઓસ્ટ્રેલિયાની કુલ આબાદીથી પણ વધારે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન આવાસ યોજના હેઠળ જેટલા ઘર બનાવડાવ્યા છે, તે શ્રીલંકાની કુલ જનસંખ્યા કરતા પણ વધારે છે.

ગૃહમંત્રાલયે
પહેલા પાનાથી ચાલુ

કેટલીય રાજ્ય સરકારોએ પણ અવાજ ઉઠાવ્યો છે. બિહારમાં નીતીશ કુમાર પણ એલાન કરી ચૂકયા છે કે તેમના રાજ્યમાં એનઆરસી લાગૂ થશે નહીં, જયારે તેમની પાર્ટી એનડીએનો હિસ્સો છે. આ સિવાય બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન સહિત અન્ય વિપક્ષી શાસિત રાજ્યોએ એનઆરસી લાગૂ કરવાની ના પાડી દીધી છે.

મુંબઈ - અમદાવાદ
પહેલા પાનાથી ચાલુ

ચર્ચા થવી જોઈએ. બુલેટ ટ્રેનથી કોને ફાયદો મળશે? મહારાષ્ટ્રમાં વેપાર અને ઉદ્યોગને તેનાથી ફાયદો મળશે? જો આ લાભદાયક છે, મને વિશ્વાસ અપાવે અને પછી લોકો સમક્ષ જાય અને નિર્ણય લે કે શું કરવાનું છે.

બુલેટ ટ્રેન ભલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મહત્વાકાંક્ષી પરિયોજના હોઈ શકે છે પણ તમે જ્યારે ઉંઘમાંથી જાગો છો ત્યારે ખબર પડે છે કે આ કોઈ સપનું નથી. તમારે હકીકતનો સામનો કરવાનો હોય છે.

ચીનમાં કોરો
પહેલા પાનાથી ચાલુ

થઈ છે. હોંગકોંગના સ્વાસ્થ્ય અધિકારીએ કહ્યું કે મોતના સંબંધમાં વિસ્તૃત માહિતી મંગળવાર બપોર સુધીમાં રજૂ કરાશે. કેટલીય મીડિયા એજન્સીઓના સૂત્રોના હવાલે કહ્યું કે વ્યક્તિને સ્વાસ્થ્ય સાથે જોડાયેલી કેટલીય સમસ્યાઓ હતી, આથી તેની સારવારમાં મુશ્કેલી આવી.

વાયરસના વધતા પ્રકોપને જોતા હોંગકોંગના નેતાએ ગઈકાલે બે સરહદોને છોડીને ચીન સાથે લાગેલી તમામ સરહદોને બંધ કરવાની જાહેરાત કરી હતી. હોંગકોંગમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૫ કેસની પુષ્ટિ થઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૩મા પણ સાર્સ વાયરસના કહેરથી હોંગકોંગમાં અંદાજે ૩૦૦ લોકોના જીવ ગયા હતા.

ચીનમાં કોરોના વાઈરસનો પહેલો કેસ ડિસેમ્બરમાં વુહાનમાં નોંધાયો હતો. ૨૦થી વધારે દેશમાં તેનું ઈન્ફેક્શન ફેલાયું છે. ડબ્લ્યુએચઓએ ૩૧ જાન્યુઆરીએ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી દીધી છે જેથી મહત્વના પગલા લઈ શકાય. અત્યાર સુધી જાપાનમાં ૨૦, થાઈલેન્ડમાં ૧૯, સિંગાપોરમાં ૧૮, હોંગકોંગ અને દક્ષિણ કોરિયામાં ૧૫-૧૫, ઓસ્ટ્રેલિયા અને જર્મનીમાં ૧૨-૧૨, તાઈવાનમાં ૧૦, અમેરિકામાં ૧૧, મકાઉ, મલેશિયા અને વિયતનામમાં ૮-૮, ફ્રાન્સમાં ૬, યુએઈમાં ૫, કેનેડામાં ૪, ઈટાલી, રશિયા, ફિલિપાઈન્સ, બ્રિટનમાં ૨-૩, ભારતમાં ૩, નેપાળ, કંબોડિયા, સ્પેન, ફિનલેન્ડ, સ્વીડન અને શ્રીલંકામાં ૧-૧ કેસ નોંધાયો છે.

જાણું છું કે તું કોઈ બીજાની અમાનત છું છતાં પણ મારું મન તો તને જ ચાહે છે



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

વહેલી સવારથી જ કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. અનેક વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં એકબીજાનો પરિચય મેળવી રહ્યા છે કેમકે કોલેજનો પહેલો દિવસ હોવાથી વિદ્યાર્થીઓ એકબીજાથી અજાણ છે. કોઈ ગામડેથી તો કોઈએ અન્ય શહેરમાંથી અહીં કોલેજમાં ભણવા માટે પ્રવેશ મેળવ્યો છે. આ ઉપરાંત ગામડાના વિદ્યાર્થીઓ કોલેજની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનું વિચારી રહ્યા છે. કોલેજના પહેલા જ દિવસે પ્રણય નામનો યુવક ડિમ્પલ નામની યુવતીના સંપર્કમાં આવે છે અને આખો દિવસ સાથે સમય પસાર કરે છે. ડિમ્પલ અને પ્રણય બંને ગ્રામિણ ક્ષેત્રોમાંથી આવતા યુવક-યુવતી છે. જેના કારણે બંને વચ્ચે મિત્રતાની શરૂઆત થાય છે. પ્રણય અને ડિમ્પલ ભણવામાં હોશિયાર હોવાની સાથે એક બીજાના વિચારો પણ ખૂબ જ મળતા આવે છે. બંનેએ એકબીજાની મર્યાદાઓ અને લાગણીઓ પણ સારી રીતે સમજી શકે છે.પ્રણય અને ડિમ્પલ એકબીજાની વધુ નજીક આવી રહ્યા હોવાથી બંને ખુબ જ ખુશ થઈ રહ્યા છે પરંતુ આ વાત કોલેજમાં જ અભ્યાસ કરતી સુનિતા નામની યુવતીને પસંદ આવતી નથી. કેમકે સુનિતા પણ પ્રણય ને મનોમન પ્રેમ કરી રહી છે. પરંતુ પ્રણય આ વાત થી સંપૂર્ણપણે અજાણ છે. પ્રાણય તેની મસ્તીમાં મસ્ત બનીને મહત્તમ સમય ડીમ્પલ સાથે વિતાવી રહ્યો છે. જ્યારે બીજી બાજુ સુનિતા નામની યુવતી પ્રણયની સાથે સમય પસાર કરવા માટે પ્રયત્નશીલ રહે છે પરંતુ તેને વધુ સફળતા મળતી નથી.

કોલેજની પ્રથમ પરીક્ષા નજીક આવતા મોટાભાગના વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત બની જાય છે અને બધા માની રહ્યા છે કે પરીક્ષાના સમય દરમિયાન પ્રણય અને ડિમ્પલ પ્રેમના બદલે અભ્યાસ પર ધ્યાન આપશે. પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે પ્રણય અને ડિમ્પલના વ્યવહારમાં કોઈ પરિવર્તન જોવા મળતું નથી અને પરીક્ષા દરમિયાન પણ બંને આવી જ રીતે મોજ મસ્તી કર્યા કરે છે. આ સમયે સુનીતા ડિમ્પલ ને કહે છે કે હવે તો પરીક્ષા શરૂ થઈ ગઈ છે અને તારે અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ નહિતર તારું પરિણામ બગડશે અને તેના માટે આ પ્રણય જ જવાબદાર રહેશે. આ સાંભળીને ડિમ્પલે કહ્યું કે તું તારા પરિણામની ચિંતા કર. મને મારા પરિણામની તો પહેલેથી જ ખબર છે. સુનિતા એ કહ્યું કે તું મારી મિત્ર છું એટલે તને ચેતતવાની મારી ફરજ છે બાકી તારે જે કરવું હોય તે કર. ડિમ્પલે કહ્યું મારી ચિંતા કરવા માટે તારો આભાર પરંતુ મારું અને પ્રણયનુ ધ્યાન રાખવાના બદલે તુ તારું પોતાનું ધ્યાન રાખે તો વધુ સારું નહિતર તારું પરિણામ બગડવું તો નિશ્ચિત જ છે. તને તો સારી સલાહ પણ ન અપાય, તુ તો તારું મનનું ધાર્યું જ કરવા વાળી છું તેમ કહીને સુનિતા ત્યાંથી ચાલી જાય છે. પ્રણય અને ડિમ્પલ નિશ્ચિંત બનીને પરીક્ષા આપે છે અને જ્યારે પરિણામ આવે છે ત્યારે વિદ્યાર્થીઓમાં પ્રણય અને વિદ્યાર્થીનીઓમાં ડિમ્પલ આખી કોલેજમાં પ્રથમ ક્રમાંક ઉપર આવે છે. પરિણામ પછી ડિમ્પલને કોલેજ કેમ્પસમાં સુનિતા મળે છે ત્યારે તે એક શબ્દ પણ બોલી શકતી નથી. ડિમ્પલે સુનીતા ને કહ્યું કે જોયું ને મારું પરિણામ. પ્રેમનું પરિણામ. પરંતુ સુનિતા આ બધું શાંતિથી સાંભળ્યા કરે છે અને ડિમ્પલના એક પણ સવાલનો જવાબ આપતી



નથી. કેમ કે ડિમ્પલ પ્રથમ આવી તેનાથી સુનિતાને કોઇ જ વાંધો નથી પરંતુ સુનિતાને તો ડિમ્પલ પ્રણયની વધુ નજીક આવી ગઈ છે તેનાથી તકલીફ છે. સુનિતા કોઈપણ ભોગે પ્રણયને પામવાનો દ્રઢ નિશ્ચય કરે છે અને તેના માટે કંઈ પણ કરવા તૈયાર થઈ જાય છે. પ્રથમ પરીક્ષાનું સુનિતાનું પરિણામ તો મધ્યમ આવ્યું છે પરંતુ તે તેના પ્રેમનું પરિણામ સકારાત્મક આવે તે માટે હવે વધુ પ્રયત્નશીલ બની રહી છે. સુનિતા પ્રણયને પ્રેમ કરી રહી હોવાનું ડિમ્પલ જાણી જાય છે અને પછી તે સુનિતાને ફરી મળીને સમજાવે છે કે અમે બન્ને એકબીજાને પ્રેમ કરી રહ્યા છીએ અને તું અમારા પ્રેમની વચ્ચે ન આવે તે અમારા તો ઠીક પણ તારા માટે પણ સારૂં રહેશે. તેમ છતાં પણ સુનિતા પ્રણયનો પીછો છોડવા તૈયાર નથી થતી ત્યારે ડિમ્પલ બધી જ વાત પ્રણયને કહી દે છે. પ્રણય પણ આશ્ચર્ય સાથે હસવા લાગે છે અને કહે છે કે, ડિમ્પલ પ્રણય તારો જ છે અને આ જીવન તને જ પ્રણય કરતો રહેશે. કોઈ મને પ્રેમ કરે તેનાથી તું વિચલીત ન થઈશ, તારા પ્રેમમાં કોઇ ભાગ નહી પડાવી શકે. પછી તો પ્રણય અને ડિમ્પલ બંને સુનીતાને કોલેજની બહાર આવેલ રેસ્ટોરન્ટમાં મળવા માટે બોલાવે છે. પ્રણયનો રેસ્ટોરન્ટમાં એકલા મળવા આવવાનો ફોન આવવાને કારણે સુનિતા તો ખૂબ ખુશ થઈ જાય છે પરંતુ તેની આ ખુશી તો ક્ષણિક જ રહે છે. સુનિતા જેવી રેસ્ટોરન્ટમાં પ્રવેશ છે કે તેના પગ નીચેથી જમીન ખસી જાય છે. સુનિતા પ્રણયને જોઈને ખુશ થઈ જાય છે પરંતુ સાથે જ ડિમ્પલ ને જોઈને તેની તમામ ખુશીઓ પણ સમામ થઈ જાય છે. સુનિતાના આવવાની સાથે જ ડિમ્પલ કહે છે કે આજે તારો મનપસંદ નાસ્તો આપણે સાથે મળીને કરીશું. ત્યારે સુનિતાએ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે મારી અને તારી પસંદગી એક જ છે એટલે નાસ્તો તું મંગાવીશ કે હું મંગાવીશ તેમાં કોઈ ફેર નહિ પડે. થોડીવાર પછી નાસ્તો આવે છે અને બધા સાથે મળીને નાસ્તો કરી રહ્યા છે આ સમયે પ્રણય સુનીતા ને કહે છે કે સુનીતા આપણે કોલેજમાં સાથે અભ્યાસ કરી રહ્યા છીએ તે નાતે આપણે મિત્ર છીએ પરંતુ મિત્રમાંથી તું મારી પ્રેમિકા બનવાનો પ્રયત્ન ક્યારેય પણ ન કરતી. કેમકે આ સ્થાન તો મેં પહેલેથી જ ડિમ્પલને આપી દીધું છે. ડિમ્પલ જ મારી પ્રેમિકા છે અને તેને જ મારું સર્વસ્વ અર્પણ છે. આ સાંભળીને સુનિતા કહે છે કે હું પણ તને પ્રેમ કરી રહી છું અને તને મેળવવા માગું છું. આ સાંભળતાની સાથે જ પ્રણયે કહ્યું કે આ જીવનમાં તો આ શક્ય જ નથી પ્રણય તો ફક્ત ડિમ્પલ નો જ છે અને ડિમ્પલ નો જ રહેશે. સુનિતાએ કહ્યું કે પ્રણય ડિમ્પલનો રહે કે સુનીતાનો તેનાથી મને કોઇ ફેર પડતો નથી પરંતુ આ સુનિતા તો પ્રણયની દિવાની બની ગઈ છે. પ્રણયે કહ્યું કે સુનીતા તું સમજ હવે પ્રણય બીજા કોઈની અમાનત છે. આ સાંભળતાની સાથે જ સુનિતા એ પણ કહ્યું કે, જાણું છું કે તું કોઈ બીજાની અમાનત છું છતાં પણ મારું મન તો તને જ ચાહે છે. તું મને પ્રેમ કરે કે ન કરે પરંતુ આ સુનિતા તો તને પ્રેમ કરે છે અને કરતી જ રહેશે. પ્રેમનું કોઈ પણ પરિણામ આવે તે મને મંજુર છે. હું તારા સિવાય બીજા કોઈને પ્રેમ નહીં કરી શકું. આ સાંભળીને પ્રણય અને ડિમ્પલ બંને એકસાથે કહે છે કે અમે એકબીજાને પ્રેમ કરીએ છીએ અને અમારા વચ્ચે કોઇ પણ આવશે તો અમે તેને છોડીશું નહી. આટલું કહીને બધા છૂટા પડે છે. તેમ છતાં પણ કોલેજના છેલ્લા દિવસ સુધી સુનિતા પ્રણયને પામવા માટે પ્રયત્નશીલ રહે છે અને કોલેજનો અભ્યાસ પુર્ણ થયા પછી પ્રણય અને ડિમ્પલના લગ્ન થઈ જાય છે તો પણ સુનિતા પ્રણયને પ્રેમ કરતી રહે છે. તો બીજીબાજુ લગ્ન પછી પણ ડિમ્પલ પ્રણયને ભરપૂર પ્રેમ કરી રહી છે અને તેની ખુશી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે.

દારૂના વેચાણ મામલે વેપારીનું અપહરણ કરી ઢોર માર મારતા ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

ઘાટલોડિયામાં રહેતી મહિલાના પતિએ દારૂ વેચે છે તેવો પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરવામાં મામલે ન્યુ રાણીપમાં રહેતા વેપારીને શાહપુર બોલાવી ચારથી વધુ શખ્સોએ અપહરણ કરી અનેક વિસ્તારોમાં તેને ફેરવ્યો હતો. બાદમાં સોલા પાસે ઢોર માર મારી મુક્ત કરી દીધો હતો. વેપારીએ આ મામલે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરી છે.

ન્યુ રાણીપમાં સાશ્વત એપાર્ટમેન્ટમાં રહેતા અને ઈલેકટ્રીક વસ્તુઓ વેપારી નિલેશભાઇ પટેલ દરિયાપુરથી ઘીકાંટા જતા હતા ત્યારે તેમને ઘાટલોડિયામાં રહેતા મંજુબહેનનો ઘર વાળો બોલું છું તેમ કહી એક શખ્સે ફોન કર્યો હતો. ફોન કરનારે કહ્યું હતું કે, મંજુબહેન દારૂનો ધંધો કરે છે તેવો ફોન તમે ૧૦૦ નંબર પર અવારનવાર કરો છો. મારે તમને મળવું છે તેમ કહી નિલેશભાઈને શાહપુર બોલાવ્યા હતા. નિલેશભાઈ ત્યાં ગયા ત્યારે ત્યારે બે લોકો ઉભા હતા. બાદમાં અન્ય લોકો પણ આવી ગયા હતા. શૈલેષ પરમાર, નરેશ પરમારે હાથમાં બેઝબોલ સ્ટિક વડે નિલેશભાઈને માર માર્યો હતો. તલવારવડે પણ એક શખ્સે માર મારી તેમને એક રિક્ષામાં અપહરણ કરી નારણપુરા તરફ લઇ ગયા હતા. જ્યાં તેઓ ફરિયાદ કરવા નહિ જાય તેઓ તેમનો વિડીયો ઉતારી લઇ તેમને મુક્ત કરી દીધા હતા. બાદમાં નિલેશભાઈએ આ વાતની જાણ પોલીસ અધિકારીઓને કરતા શાહપુર પોલીસે શૈલેષ રાણા, નરેશ પરમાર, ઈમરાન લંબુ, આશિક અને અન્ય બે લોકો સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

ન.પા.ના ટ્રેક્ટરે અડફેટે લેતા બાઇક પર જઇ રહેલા બે લોકો ઇજાગ્રસ્ત

વડોદરા

ભરૂચ નગરપાલિકાના ટ્રેક્ટરે દુધધારા ડેરી પાસે બાઇક પર જઇ રહેલા બે લોકોને અડફેટે લીધા હતા. જેથી બંનેને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે ભરૂચ નગરપાલિકાના મોટર વિભાગના અધિકારી મયંક આચાર્યએ જણાવ્યું હતું કે, આ ટ્રેક્ટર નગરપાલિકાનું નથી, પોલીસથી બચવા માટે ટ્રેક્ટર ચાલકો નગરપાલિકા લખી દેતા હોય છે, પણ કાયદેસર રીતે અમારૂ ટ્રેક્ટર નથી. આરટીઓમાં આ ટેક્ટર રાજેશ વસુનિયાના નામે નોંધાયેલું દર્શાવે છે અને અને ટ્રેક્ટર અનફીટ હોવાનું પણ બતાવે છે.

ઉલ્લખેનીય છે કે, ભરૂચના લિંક રોડ પર શનિવારે નગરપાલિકાના ટેક્ટર ચાલકે સાયકલ પર જઇ રહેલા નારાયણ વિદ્યાલયના ૨ વિદ્યાર્થીઓને ટક્કર મારી હતી. જેમાં જયરાજ ચૌહાણ નામના એક વિદ્યાર્થીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે જિયાન યાદવ નામના વિદ્યાર્થીનું રાત્રે સારવાર દરમિયાન મોત થયું હતું. નગરપાલિકાનું આ ટેક્ટર અનફિટ હોવાનું પણ બહાર આવ્યું હતું. જોકે આ ટ્રેક્ટર નગરપાલિકાનું ન હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે.

અમદાવાદ સિવિલમાં રાજદીપ એજન્સીના કર્મચારીઓ પગાર માટે હેરાન..! તંત્ર નિંદ્રામાં..?

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એટલે કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ,અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત માટે રોજ એક લાખ કરતા વધારે દર્દીઓ સારવાર કરાવવા માટે આવે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દરેક દર્દીને આયાની જરૂર હોય છે. ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રાજદીપ એજન્સી નામની સંસ્થા સેવા આપે છે.આ સંસ્થામાં લગભગ એક હજારથી પણ વધારે લોકો કામ કરી સિવિલના દર્દીઓને સેવા આપે છે. પરતું લાખો લોકોની સેવા કરનાર રાજદીપ એજન્સીના કર્મચારીઓ ત્રણ મહિનાના વેતન માટે વલખા મારી રહ્યા છે. ગુજરાતી ન્યુઝ સર્વીસ (જી.એન.એસ)દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તપાસ કરી ત્યારે રાજદીપના કર્મચારીઓ એ જણાવ્યું કે સાહેબ ત્રીજો મહિનો પૂર્ણ થયો પણ સાહેબ પગાર કરતા નથી ત્યારે હવે ઘર ચલાવાનું ભારે પડી રહ્યું છેપ!! એક મહિના હોય તો સાચવીએ પણ આતો ત્રણ મહિના થઇ ગયા છતાં આજ દિન સુધી પગાર કોઈ આપતું નથીપ! જયારે અમે પગારની માંગણીઓ કરીએ ત્યારે અમને આજકાલ કહી ટાળી દે છે. અને જયારે અમે ગુસ્સામાં પગારની માંગણી કરીએ ત્યારે એ લોકો અમને નોકરી ઉપરથી કાઢી મુકવાની ધમકી આપે છે એટલે હવે અમે તો બધી જ જગ્યા થી ભરાયા છે..! ત્યારે હવે સવાલ તો તંત્ર ઉપર પણ ઉઠે છે કેમ તંત્ર દ્વારા અત્યાર સુધી આ એજન્સી ઉપર પગલાં ભરવામાં આવ્યા નથીપશુ તંત્રની અને એજન્સીની મિલીભગત તો નથી ને..? આવી એજન્સીઓ ક્યારે હવે કર્મચારીઓનું શોષણ કરવાનું બંધ કરશે..?

અનિલભાઈ જે શાહ અમદાવાદ શહેર હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીના મહામંત્રીએ જણાવ્યું કે સિવિલમાં સેવા આપતી રાજદીપ એજન્સીના કર્મચારીઓ પગાર માટે ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે રાજદીપના મેનેજર અને સુપરવાઈઝર કર્મચારીઓને આંખો બતાવી દે છેપ!! અમદાવાદ સિવિલ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ છે જ્યાં હજારો લાખો દર્દીઓ આ હોસ્પિટલની મુલાકાત લે છે પરંતુ હજરો લાખોને સેવા આપતા એવા રાજદીપના કર્મચારીઓ પોતાના હક માટે પણ મજબૂર છે. છેલ્લા ત્રણ મહિનાથી રાજદીપ સંસ્થાએ પોતાના કર્મચારીઓને પગાર ચૂકવ્યા નથીપ! જો કોઈ વ્યક્તિ પગાર માટે માંગણી કરે તો તેને ધાક ધમકી આપી ચુપી સાધવાના સંકેતો કરવામાં આવે છે. ત્યારે ગુજરાત બિઝનેશ માટે એક હબ છે આ હબમાં સમાવેશ થવા માટે દિવસે દિવસે અન્ય રાજ્યો અને અન્ય દેશો માંથી લોકો ગુજરાતની મુલાકાત લઈ વ્યવસાયો કરવા માંગે છે, પણ આ વિકાસ મોડલની એક દુર્દશા એવી જાણવા મળી રહી છે જેને વિકાસનો કલર ડીમ જોવા મળશે.

વડગામના કારખાનામાં ૨૫ હજારના મુદ્દામાલની ચોરી

ધનસુરામાં તસ્કરોનો આતંક : ફેક્ટરીમાં ૧.૭૫ લાખના માલસામાનની લૂંટ ચલાવી

અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગ સામે પણ વારંવાર થતી ચોરી,લૂંટની ઘટનાથી સવાલ પેદા થયા છે. ધનસુરા ગામમાં છાસવારે ચોરી થતા વેપારીઓ અને ગ્રામજનોએ ચારરસ્તા પર ચક્કાજામ કરી પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે વિરોધ નોંધાવ્યાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એકવાર ધનસુરા રેલવે ફાટક નજીક કશરની ફેક્ટરીમાં તસ્કરો ત્રાટકી ૧.૭૫ લાખના માલસામાનની લૂંટ ચલાવી નજીક આવેલ વડાગામની કચરાના કારખાનામાં ૨૫ હજારની ચોરી કરી પલાયન થઇ જતા ફેક્ટરી માલિકે ધનસુરા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ધનસુરામાં એક મહિનાના ટૂંકા ગાળામાં ૧૬ થી વધુ ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતા લોકોમાં ભય ફેલાયો છે. ધનસુરા નગરના રેલ્વે ફાટક પાસેના શ્રી મંગલમ એન્જીનીયરીંગ નામના કશરના કારખાનામાં ૨૦ દિવસ અગાઉ પણ કારખાના આગળ પડેલ રૂ.૭૫૦૦૦ કીંમત નો લોખંડનો સરસામાનની ચોરી થયા પછી રવિવારે રાત્રે ફરીથી કારખાના આગળ પડેલ રૂ.૧ લાખ

ના માલસામાનની ચોરી થતા ફેક્ટરી માલિકે કારખાનામાં લગાડેલ સી.સી.ટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા સવારે ત્રણથી પાંચના સમયગાળા દરમિયાન ચોરો લોખંડના પાટા અને એંગલો ઉઠાવતા સી.સી.ટીવી કેમેરામાં કેદ થયા હતા. જેથી ફેક્ટરી માલીકે ધનસુરા પોલીસને જાણ કરી ધનસુરાપોલીસ મથકે અલગ અલગ દિવસોમાં બે વાર થયેલ રૂ.૧૭૫૦૦૦ ના ચોરીની ફરીયાદ નોંધાવતા ધનસુરા પોલીસે દુકાનના સી.સી.ટીવી ફુટેજ કબ્જે લઈ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ચોરીનો ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે ત્યારે ધનસુરા પંથકમાં ચોરીની સોળમી ઘટના બનતા ધનસુરાની સુરક્ષા સામે અનેક સવાલો ઉભા થયા છે અને પ્રજામાં ફફડાટ ફેલાયો છે ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

શો ઓફ સ્પર્ધામાં દોઢ માસની બાળકીની આંતરરાષ્ટ્રીય મોડેલિંગમાં પસંદગી કરાઇ

જામનગર

આંતરરાષ્ટ્રીય કક્ષાએ માસુમ બાળકોના આકર્ષક પોઝ અને મોડલીંગ માટે દર વર્ષે શો ઓફ નામની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજવામાં આવે છે. જેમાં પસંદગી પામનાર ભુલકાઓનું એક મેગેઝીન બહાર પડેછે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જામનગર જિલ્લાના કાલાવડની દોઢ માસની સૌથી નાની વયની આયલ ગઢવી નામની બાળકી સ્પર્ધામાં પસંદગી પામી છે.જે વિશ્વભરમાં વોટીંગ લાઈન મારફત સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ બની રહી છે. આંતરરાષ્ટ્રીય બાળકોના મેગેઝીન મીની એન્ડ મોર મારફત દર વર્ષે શો ઓફ નામની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકોના ૫ આકર્ષક પોઝ સાથેના ફોટા ઓનલાઈન એન્ટ્રી સાથે મંગાવવામાં આવે છે.આ સ્પર્ધામાં સમગ્ર દેશના ૦ થી ૧૨ વર્ષના બાળકો ભાગ લઈ શકે છે. જેમાં આ વખતની સ્પર્ધામાં જામનગરના કાલાવડમાં રહેતાજીકનભાઈ ગઢવીએ પોતાની દોઢ માસની બાળકી આયલ ગઢવીની તસ્વીર ઓનલાઈન એન્ટ્રી મારફતે મોકલી આપી હતી.આ તસવીર જોવા મળતા જ આંતરરાષ્ટ્રીય મેગેઝીન કક્ષાના સંચાલકોના ઈન્ડીયાના પ્રતિનિધી ચોંકી ઉઠ્યા હતાં. આયલ ગઢવીના આકર્ષક પોઝની પસંદગી થતા આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચમકી છે. હાલ આ શોના રજીસ્ટ્રેશન બાદ વોટીંગ માટે ઓનલાઈન વોટીંગ શાઈટ ખુલ્લી મુકાઈ છે. જેમાં પ્રથમ રાઉન્ડમાં કાલાવડની માસુમ બાળકી ધુમ મચાવી રહી છે. સૌથી નાની વયની બાળકી તરીકે કાલાવડની આયલ ગઢવીની પસંદગી થતા સમગ્ર રાજ્ય અને જામનગર જિલ્લાનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ ઝળક્યું છે. મોડેલીંગ ફોટા પસંદ થયા બાદ આંતરરાષ્ટ્રીય મેગેઝીનમાં બહાર પાડવામાં આવે છે.

ક્રિકેટર યુસુફ પઠાણની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની ૧૦૦મી મેચ, બીસીએના પ્રમુખે સન્માન કર્યું

વડોદરા

મોતીબાગ ખાતે વડોદરા અને તામિલનાડુ વચ્ચે રણજી મેચનો પ્રારંભ થયો છે, ત્યારે વડોદરાના ઓલરાઉન્ડર યુસુફ પઠાણ વડોદરા વતી પ્રથમ કક્ષાની ૧૦૦મી મેચ રમી રહ્યો છે. જોકે મેચ પહેલા બીસીએના પ્રમુખ પ્રણવ અમીને ક્રિકેટર યુસુફ પઠાણનું સન્માન કર્યું હતું. આ પ્રસંગ યુસુફ પઠાણના પિતા મહેબૂબ ખાન પઠાણ પણ હાજર રહ્યા હતા.

વડોદરાના ક્રિકેટર યુસુફ પઠાણે તેની ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ બરોડા સ્પોર્ટ્સ કલબ સાથે કર્યો હતો. તેણે ૨૦૦૧માં ડિસેમ્બર માસમાં સૌરાષ્ટ્ર સામે રણજી ૨મી પ્રથમ કક્ષાની ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. યુસુફ અત્યાર પઠાણ આજે તેની ૧૦૦મી પ્રથમ કક્ષાની મેચ રમી રહ્યો છે. જે પૈકી ૧૫૬ દાવમાં ૧૮ વાર નોટ આઉટ રહ્યો છે અને ૧૧ સદી અને ૨૦ અર્ધ સદી સાથે ૪૮૧૧ ૨ન કર્યા છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૨૧૦ નોટઆઉટ છે. તેણે રણજીમાં ૧૯૯ વિકેટો પણ લીધી છે. અને ૧૪ વખત ૫ વિકેટ પણ લીધી છે.

આ ઉપરાંત ટી-૨૦ વિશ્વકપ ૨૦૦૮ની ફાઇનલમાં તે રમ્યો હતો. ભારત વતી તે ૨૨ ટી-૨૦ મેચ રમ્યો છે જેમાં તેણે ૧૧ ચોગ્ગા અને ૧૭ છગ્ગા ફટકાર્યા હતા. જ્યારે ભારત વતી તે ૫૭ વન-ડે રમ્યો છે, જેમાં તેણે ૬૨ ચોગ્ગા અને ૪૩ છગ્ગા ફટકારેલા છે.

રાજ્યમાં કોરોના વાઈરસની દસ્તક..!! હિંમતનગરમાં ૨ અને મહેસાણામાં ૧ શંકાસ્પદ કેસ

હિંમતનગર

ચીનમાં સૌપ્રથમ દેખાયેલા કોરોના વાયરસે ધીરે ધીરે હાહાકાર મચાવતા લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. કોરોના વાઈરસે વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે. ભારતમાં કેરળમાં કોરોના વાયરસના કેસ નોંધાયા છે પછી પશ્ચિમ બંગાળમાં કોરોના વાઈરસે દસ્તક દીધી છે. ગુજરાતમાં પણ કોરોના વાઈરસનો સંકટ તોળાઈ રહ્યો હતો ત્યારે ચીનથી પરત ફરેલા સાબરકાંઠા જીલ્લાના ૨ અને મહેસાણા જીલ્લાના ૧ વિદ્યાર્થી ખાંસી અને તાવની ફરિયાદ ઉઠતા હિંમતનગર અને મહેસાણાની સિવિલમાં બનાવેલાં આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. હાલ ત્રણે વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ ઓબ્જર્વેશનમાં રાખવામાં આવ્યા છે.

કોરોના વાઈરસને કારણે ચીનમાં રહેતા અને અભ્યાસ માટે ગયેલા ગુજરાતના વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓ શક્ય એટલી ઝડપથી પરત આવી રહ્યા છે કેન્દ્ર સરકાર દ્વારા સુચના આપવામાં આવી છે કે, ૧૫ જાન્યુઆરી બાદ ચીનથી ગુજરાત આવેલા તમામનું ફરીથી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે સાબરકાંઠા જીલ્લામાં ચીનમાંથી પરત ફરેલા બે વિદ્યાર્થીઓ સ્થાનિક સ્ક્રીનિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા છે ઉત્તર ગુજરાતમાં ૨૧૭ ચીનથી પરત ફેરેલ વિદ્યાર્થીઓ અને મુસાફરોની સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે

૧૩ જાન્યુઆરીએ વતન પરત ફરેલી મહેસાણાની મેડિકલની વિદ્યાર્થિનીએ ઘરે પરત ફર્યા બાદ ખાંસી અને તાવની ફરિયાદ કરી હતી. કોરોના વાયરસના ભયને કારણે તાત્કાલિક વિદ્યાર્થિનીને મહેસાણા સિવિલમાં બનાવવામાં આવેલાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી દેવામાં આવી છે.

કોંગ્રેસ સંગઠનમાં ફેરફાર કરવા કવાયત શરૂ, દરેક શહેરમાં ઝોન પ્રમુખોની નિમણૂંક થશે

અમદાવાદ

ગુજરાત ભાજપમાં સંગઠનમાં ફેરબદલ કરવાની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે હવે ગુજરાત કોંગ્રેસે પણ સંગઠનમાં ફેરફાર કરવા કવાયત શરૂ કરી દીધી છે. ચાલુ વર્ષે યોજાનારી ૬ મહાનગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીને કારણે કોંગ્રેસે પ્રદેશ પ્રમુખથી લઈ શહેર પ્રમુખો બદલવાની તૈયારીઓ આરંભી દીધી છે. આ અંગે નિર્ણય લેવા માટે ૧૫ ફેબ્રુઆરી બાદ અહમદ પટેલની આગેવાનીમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવા જશે. નવા સંગઠનમાં દરેક શહેરમાં ઝોન મુજબ પ્રમુખોની નિમણૂંક કરાશે અને તેની ઉપર ત્રણ કાર્યકારી પ્રમુખો મુકવામાં આવશે. દરેક શહેરમાં સંગઠનનું આ પ્રમાણે જ માળખું રહેશે. જેના આધારે નવા સંગઠનની રચના કરશે અને આ સંગઠનના આધારે ચૂંટણી લડાશે.

ગુજરાત કોંગ્રેસે તાલુકા, જિલ્લા પંચાયત અને ૬ મહાનગર પાલિકાની ચૂંટણીમાં જીત મેળવવા માટે પ્રદેશ અને શહેરના માળખું વિખેરી નાંખી નવી ડિઝાઈન પ્રમાણેનું માળખું તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. નવા સંગઠનમાં કોંગ્રેસમાં શહેર પ્રમુખ ઉપરાંત ઝોન પ્રમાણેના પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે. જેમાં અમદાવાદ શહેરના ૭ ઝોન પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે અને આ ઝોન પ્રમુખોની ઉપર ત્રણ કાર્યકારી પ્રમુખોની નિયુક્તિ કરાશે. જ્યારે તેની ઉપર એક શહેર પ્રમુખ રહેશે.

છેલ્લા બે વર્ષથી પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ધાનાણી વચ્ચેના ખટરાગને કારણે સંગઠનની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. ખાસ કરીને ભાજપ સરકાર સામે એકથઈ લડવામાં આંતરિક વિખવાદને કારણે કોંગ્રેસ આક્રમક બની શકતી નથી.

૧૨ લૂંટારૂનો પીસીઆર વાન પર ટ્રક ચડાવીને હત્યાનો પ્રયાસ, ૨ પોલીસકર્મી ઈજાગ્રસ્ત

વડોદરા

નેશનલ હાઈવે પર જામ્બુવા બ્રિજ પાસે આવેલી જીઈબી સ્ટેશન પાસે સોમવારે મોડી રાત્રે કેરળના કાજુ અને સોપારી ભરેલા ટ્રક પર ૧૦થી ૧૨ લૂંટારૂઓ ત્રાટક્યા હતા. પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ કર્મીઓએ લૂંટારૂઓને પકડવા જતા પોલીસ વાન પર પથ્થરમારો કર્યો હતો. અને વાન પર ટ્રક કરીને પોલીસ કર્મીઓની હત્યાનો પ્રયાસ કર્યો હતો.

વડોદરા નજીક નેશનલ હાઈવે નં-૪૮ ઉપર સોમવારે મોડી રાત્રે કેરળનો એક ટ્રક ચાલક કાજુ અને સોપારી ભરીને નીકળ્યો હતો. આ સમયે ૧૦થી ૧૨ જેટલા લૂંટારૂઓએ ત્યાં પહોંચીને ટ્રકને રોકી દીધો હતો. જોકે આ સમયે નેશનલ હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલા પીસીઆર વાનચાલક સી.વી.સિંહ અને જગમાલ સિંહ સહિતના પોલીસ કર્મીઓ ત્યાં પહોંચી ગયા હતા અને લૂંટને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પીસીઆર વાનને જોઈ જતા લૂંટારૂઓએ પોલીસ વાન પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો અને ટ્રક પર પોલીસ વાન ઉપર ચડાવી દીધી હતી. જેમાં પીસીઆર વાનચાલક સી.વી.સિંહ અને જગમાલ સિંહ ઈજાગ્રસ્ત થયા હતા.

આ ઉપરાંત ટ્રકને હાઈવે પર પકડવા ગયેલી બીજી પીસીઆર વાન પર પણ ટ્રક ચઢાવી હતી. જેમાં પોલીસની પીસીઆર વાન ૨૫ અને ૨૬નો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ મામલે પીસીઆર વાનચાલકે મકરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આરોપીઓ ટ્રકમાં મૂકેલા કાજુ અને સોપારીનો માલ લૂંટી થયા ફરાર થઈ ગયા હતા.

સિંહણે ૫ વર્ષનાં બાળકને ફાડી ખાતાં અરેરાટી વ્યાપી

અમરેલી

અમરેલીના રાજુલાના ઉચયા ગામે દુખદ બનાવ બન્યો હતો. એક સિંહણે વાડીમાં રહેતાં મજૂરનાં પાંચ વર્ષનાં બાળકને ફાડી ખાધો હતો. આ ઘટના બાદ વનવિભાગનું તંત્ર દોડતુ થયું હતું. અને માનવત્રાક્ષી સિંહણને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. તો સિંહણે બાળકને ફાડી ખાતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. તો બાળકનાં મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

અમરેલીના રાજુલાના ઉચયા ગામે દેવીપૂજક પરિવાર વાડી વિસ્તારમાં રહેતો હતો. તેમનાં પાંચ વર્ષનાં બાળક કિશોર દેવીપૂજકને સિંહણ ખેંચી ગઈ હતી. અને તેને ફાડી ખાધો હતો. સિંહણે ગામના વાડી વિસ્તારમાં આવી નાના બાળકને પોતાનો શિકાર બનાવતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. તો પાંચ વર્ષનાં પુત્રનું મોત થતાં માતા-પિતાએ આક્રંદ મચાવી દીધો હતો.

સિંહણે ગામમાં બાળકને ફાડી ખાતાં વનવિભાગના સ્ટાફમાં દોડધામ મચી હતી. એસીએફ, આરએફઓ સહિતનાં અધિકારીઓનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને આ મામલે તપાસ શરૂ કરી હતી. તો બાળકનો શિકાર કરનારી સિંહણ અન્ય કોઈ બાળક કે વ્યક્તિ પર હુમલો ન કરે તે માટે વન વિભાગ દ્વારા તેની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે. તો આ મામલે બાળકનાં મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

એલસીબી ટીમે વાહન ચોરતી ગેંગ ઝડપી, ૧૦ મોબાઈલ, ૭ બાઈક, ૨ ટીવી જપ્ત

રાજકોટ

રાજકોટ જિલ્લા પોલીસ વડા બલરામ મીણા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાજકોટ ગ્રામ્ય તથા ચોટીલા વિસ્તારમાં ઘરફોડ ચોરી, વાહન ચોરી કરતી ગેંગના ત્રણ શખ્સો ઝડપાયા છે. પોલીસે તેની પાસેથી ૨.૨૧ લાખના સોનાના દાગીના, ૧૦ મોબાઈલ, ૭ બાઈક, જૂના ચલણી સિક્કાઓ, ૨ ટીવી, ગુનામાં વપરાયેલા હથિયારો સહિત ૪.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તેમજ આરોપીઓએ ૨૮ ગુનાની કબૂલાત આપી હતી. રાજકોટ એલસીબી ટીમે ગોંડલ શહેરના વોરાકોટડા રોડ આવાસ યોજના ક્વાર્ટરમાંથી આનંદગીરી હરિગીરી ગોસ્વામી, મુકેશ અરજણ ગુજરાતી અને અર્જુન જેન્તીભાઈ સોલંકીને ઝડપી પાડ્યા હતા.

તસ્કરોએ મંદિરને નિશાન બનાવ્યું, દાગીના અને દાનપેટી ચોરાતા ગ્રામજનોમાં રોષ

અમદાવાદ

સાણંદ નજીક આવેલા બોળ ગામમાં છેલ્લા ચાર દિવસથી મંદિરોમાંથી ચોરીના બનાવ બની રહ્યા છે. ગામમાં આવેલ છ મંદિરોમાંથી માતાજીના દાગીના અને વસ્તુઓ ચોરી કરી અજાણ્યાં શખ્સ ફરાર થઈ ગયા છે. મંદિરોમાંથી ચોરી થતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

બોળ ગામમાં સેનવાવાસ, ઠાકોરવાસ, ભરવાડ વાસમાં આવેલા મંદિરોમાંથી ચોરીના બનાવો સામે આવ્યા છે. ૩૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધીમાં મોડી રાતે અજાણ્યાં શખસોએ ગામમાં આવેલા મુવાડી માતાજીના મંદિર, બ્રહ્માણી માતાના મંદિર, વનેશ્વર મહાદેવ, સધી માતાજીનું મંદિર, સિકોતર માતાના મંદિર અને બોરીમાંના મંદિરને ટાર્ગેટ બનાવી માતાજીના દાગીના, પૂજાની વસ્તુઓ અને દાન પેટીઓ તોડી ૩૬૦૦૦થી વધુની રકમની ચોરી કરી ફરાર થઈ ગયા છે. એક બે નહિ પરંતુ છ જેટલા મંદિરોમાંથી ચોરીના પગલે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

રેસ્ટોરન્ટમાં લુખ્ખા તત્વોએ પથ્થરમારો કરી કાચ ફોડ્યા, ઘટના સીસીટીવીમાં કેદ

રાજકોટ

રાજકોટમાં પોલીસના નાઈટ પેટ્રોલીંગને આવરા તત્વો જાણે ખુલ્લો પડકાર કરી રહ્યાં છે. રાત્રે શહેરના પેલેસ રોડ પર આવેલી ભગવતી ફાસ્ટ ફૂડ નામની રેસ્ટોરન્ટમાં આવરા તત્વોએ પથ્થરમારો કર્યો હતો. જેમા રેસ્ટોરન્ટના કાચ તૂટ્યા હતા. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જેને પગલે એ ડિવીઝન પોલીસે પૂછપરછ હાથ ધરી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

સીસીટીવીમાં સોમવારે રાત્રે ૩.૩૦ વાગ્યા આસપાસ રેસ્ટોરન્ટ પાસે એક્ટીવામાં બે શખ્સો આવે છે. એક્ટીવા ઉભું રાખી રસ્તા પરના પથ્થરો ઉપાડી પથ્થમારો કરતા નજરે પડે છે. મોડી રાત્રે ખુદ પોલીસ કમિશનર નાઈટ પેટ્રોલિંગમાં નીકળ્યા હોવાનું પણ સામે આવ્યું છે. છતાં લુખ્ખાઓને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તે રીતે પથ્થરમારો કર્યો હતો. પોલીસ નાઈટ પેટ્રોલીંગની આવરા તત્વો પર કોઈ અસર જ ન હોય તેવી શહેરમાં ચર્ચા થઈ રહી છે.

સગીરા પર વિધિના બહાને દુષ્કર્મ આચરનાર ભૂવાને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

માલપુર

૨૧ માર્ચ ૨૦૧૮ના રોજ એક મહિસાગરની સગીર પરિણીતાની સાસુની તબિયત સારી રહેતી ન હોવાથી અંધશ્રધ્ધાનો ભોગ બનીને ધનસુરા તાલુકાના રમાણા ગામના અને ભૂવાનું કામ કરતા શખ્શ પાસે જઈને વિધિ કરાવવાનું નક્કી કર્યું હતું. સવારે મહિસાગર નદીના પટમાં પૂજા કર્યાબાદ ભૂવાએ બપોરના સમયે માલપુરની વાત્રક નદીમાં વિધિ કરવા માટે સગીરા અને તેના પતિને બોલાવ્યા હતા. પતિને તાંત્રિક વિધિના બહાના હેઠળ થોડે દૂર મોકલી પરિણીતા પર દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી હતી. જેના પગલે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા માલપુર પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટે કાંતિ અરજણભાઈ ભરવાડ નામના ભુવાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો .

ધનસુરા તાલુકાના રમાણા ગામના અને ભૂવાનું કામ કરતા કાન્તિ અરજણભાઈ ભરવાડે વિધિ શરૂ કરી મહિસાગર નદી અને વાત્રક નદીનું પાણી એકઠું કરી સગીરાના પતિને આપ્યું હતું અને મોડાસા જઈ માજુમ નદીમાં પાણી અર્પણ કરી આવવા માટે સગીરાના પતિને જણાવ્યું હતું અને સગીરાને વિધિ માટે માલપુર જ રહેવા જણાવ્યું હતું. દરમિયાન અંધશ્રધ્ધામાં અંધ બનેલ પતિ સગીરાને ભૂવા પાસે મુકી મોડાસા જવા નિકળી ગયો હતો. તેસમયે ભૂવાએ સગીરાની એકલતાનો લાભ લઈ વાત્રક નદીમાં પાણી અર્પણ તથા વિધિ કરવાના બહાને તેને નદીની કોતરોમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. મોડાસામાં પાણી અર્પણ કરીને પતિ પરત આવતાં સગીર વયની પત્ની સાથે ભૂવાએ દુષ્કર્મ આચર્યું હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે માલપુર પોલીસ મથકમાં ભૂવા સામે બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

જેઅંગેનો કેસ મોડાસાની સ્પે.પોક્સો કોર્ટમાં ચાલી જતાં તમામ પુરાવા અને સરકારી વકીલ ડી.એસ.પટેલની દલિલોને ધ્યાનમાં લઈ જજ એ.કે.રાવ એ દુષ્કર્મ આચરનાર કાન્તિ અરજણભાઈ ભરવાડને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી હતી.

શહેરમાં કલમ ૧૪૪ લાગુ ન હોય તો કોઈપણ મંજૂરી વિના જ સભા કે સરઘસ કાઢી શકાય

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ચારથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવતી સીઆરપીસીની કલમ ૧૪૪ સામે આઈઆઈએમ-એના ફેકલ્ટી મેમ્બર અને અન્ય ચાર લોકોએ હાઈકોર્ટમાં અરજી કરી છે. આ અરજીની સુનાવણી કરતા હાઈકોર્ટે રાજ્યસરકારને ૫ ફેબ્રુઆરી સુધીમાં ખુલાસો કરવા આદેશ કર્યો છે. સીઆરપીસીની કલમ ૧૪૪ મામલે અમદાવાદ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ જણાવ્યું હતું કે શહેરમાં કોઈ બનાવ ન બને અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખી કલમ ૧૪૪ લાગુ કરવામાં આવે છે. શહેરમાં કોઈને કોઈ સભા કે આયોજન હોય છે જેથી તેની મંજૂરી લેવી પડે છે જો કલમ ન લાગુ હોય તો કોઈપણ મંજૂરી વગર સભા કે સરઘસ કાઢી શકે છે.

આઈઆઈએમ-એના ફેકલ્ટી મેમ્બર અને અન્ય ચાર લોકોએ પોલીસ કમિશનરના કલમ-૧૪૪ હેઠળના જાહેરનામાને પડકારતી પિટિશન ગુજરાત હાઈકોર્ટમાં કરી હતી. જેની ગઈકાલે થયેલી સુનાવણીમાં હાઈકોર્ટે કહ્યું હતું કે,૨૦૧૬થી એકપણ દિવસ એવો નથી જેમાં કલમ-૧૪૪નું જાહેરનામુ અમલી ન હોય. ૧૪૪ની કલમનો દુરઉપયોગ થાય તે વ્યાજબી નથી. કોઈ ચોક્કસ વિસ્તાર કે જગ્યામાં કલામ ૧૪૪ લાગુ કરી શકાય પરંતુ આ મામલે આજે ૫ ફેબ્રુઆરી સુધીમાં વિસ્તૃત એફિડેવિટ રજિસ્ટરમાં ફાઈલ કરાવવા આદેશ કર્યો છે. આ મામલે વધુ સુનાવણી ૧૨ ફેબ્રુઆરીએ યોજાશે.

યુવકે પથ્થરો મારી પોતાની જ કારના કાચ તોડ્યા, આગ ચાંપતા લોકો હેબતાયા

વડોદરા

વડોદરાના રેસકોર્સ વડીવાડી વિસ્તારમાં સવારે કાર ચાલક દ્વારા પોતાની જ કારમાં તોડફોડ કરવાના બનાવને નજરે જોનારા લોકો હેતબાઈ ગયા હતા. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતો શિક્ષિત યુવક પોતાની હોન્ડા સીટી કાર લઈ વડી વાડી સર્કલ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એકાએક તેણે કાર થોભાવી હતી અને નીચે ઉતરી પોતાની જ કાર ઉપર પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

યુવકની વિચિત્ર હરકત જોઈ રાહદારીઓ તેમજ વાહન ચાલકો રોકાઈ ગયા હતા. કેટલાક લોકોએ યુવકને અટકાવવાનો પ્રયાસ કરતા તેણે બેફામ ઉચ્ચારણો કરી લોકો ઉપર પથ્થરમારો કરવા માંડતા નાસભાગ મચી હતી. તોફાને ચડેલા યુવકે ત્યારબાદ પોતાની કારમાં આગ ચાંપી દીધી હતી. એક બાઈક સવારે નજીકના વડીવાડી ફાયર સ્ટેશન પહોંચી કારમાં આગ લાગ્યાની જાણ કરતા ફાયર બ્રિગેડે આગ કાબુમાં લીધી હતી. દરમિયાનમાં સયાજીગંજ પોલીસ પણ આવી જતા કારની તોડફોડ કરી આગ લગાડનાર યુવકની અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ જવાયો હતો.

આ યુવક માનસિક રીતે અસ્વસ્થ હોવાના કારણે આ કૃત્ય આચર્યું હોવાનું તેના પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું.

પોલીસની ઓળખ આપી વેપારી પાસેથી ત્રણ શખ્સ બે લાખ ભરેલી બેગ લઈ ફરાર

અમદાવાદ

અમદાવાદ શહેરના એસપી રિંગ રોડ નિકોલ ટોરેન્ટ પાવર હાઉસ પાસે વેપારીને પોલીસની ઓળખ આપી કાર ચેક કરવાના બહાને ત્રણ શખ્સો નજર ચૂકવી રૂ. ૨ લાખ ભરેલી બેગ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. નિકોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચાંદખેડાના અષ્ટમંગલ બંગ્લોઝમાં રહેતા અને કઠવાડા જીઆઈડીસીમાં ઈલેક્ટ્રિક પેનલનું કારખાનું ધરાવતા સુરેશભાઈ પટેલ સોમવારે મોડી રાતે રિંગ રોડ પર નાસ્તો કરી અને ગાડીમા બેસવા જતા હતા ત્યારે બે શખ્સ એક્ટિવા પર આવ્યા હતા અને પોલીસની ઓળખ આપી ગાડી ચેક કરવાની છે અને ચાલો પોલીસ સ્ટેશન તેમ કહેવા લાગ્યા હતા. દરમ્યાનમાં એક અલ્ટો ગાડી આવી હતી તેમાંથી એક શખ્સ ઉતર્યો હતો. ગાડી ચેક કરવા લાગ્યો હતો. ગાડીમાં રહેલી બેગ ચેક કરી હતી. રૂ. ૨ લાખ ભરેલી બેગ નજર ચૂકવી ત્રણેય ફરાર થઈ ગયા હતા. જેથી પોલીસને જાણ કરતા નિકોલ પોલીસ ઘટનાસ્થળે પોહચી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હાર્દિક પટેલની ધરપકડના સિલસિલા સામે પત્નીનો રોષ : 'મારો પતિ સિંહ છે, જેલથી ડરતો નથી'

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલનના આગેવાન અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલની સતત અલગ અલગ કેસમાં ધરપકડનો સિલસિલો ચાલુ રહેતા અકળાયેલી હાર્દિક પટેલની પત્ની કિંજલ પટેલે ટ્વિટર દ્વારા સરકારની નીતિ સામે રોષ વ્યક્ત કર્યો છે. જેમાં તેણીએ હાર્દિક પટેલને સિંહ ગણાવ્યો છે અને ભાજપ સરકાર પર આરોપો મુક્યા છે. કિંજલ પટેલે ટ્વિટ કર્યું છે કે, સિંહ છે તે, તે કોઈ ધરપકડથી કે જેલથી ડરતો નથી અને આજે કેદ છે કારણ કે તેની ત્રાડથી રાજનીતિ ડરેલી છે.

એક બીજા ટ્વિટમાં કિંજલ પટેલ લખે છે, ગુજરાતમાં હાર્દિક કોંગ્રેસને મજબૂત કરવાનું કામ કરી રહ્યો હોવાથી ભાજપ સરકાર હાર્દિક પર ખોટા કેસ કરી રહી છે અને વારંવાર તેની ધરપકડ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં ભાજપને માત્ર હાર્દિકથી તકલીફ છે.

વિલંબમાં નાખી મુદતમાં હાજર ન રહેતા હાર્દિક પટેલ સામે એડિ.સેશન્સ જજ બી.જે.ગણાત્રાએ ધરપકડ વોરંટ કાઢ્યું હતું. ત્યાર બાદ તેની વિરમગામ પાસેથી ધરપકડ કરવામાં આવી હતી.

ત્યાર બાદ રાજદ્રોહના કેસમાં શરતી જામીન મળતા જ હાર્દિક જેલ બહાર આવ્યો હતો. પરંતુ જેલ બહાર આવતા માણસા પોલીસે જાહેરનામાનો ભંગ કરી સભા સંબોધવા બદલ હાર્દિક પટેલની ધરપકડ કરી હતી. માણસા કોર્ટમાંથી જામીન મળતા જ હાર્દિક પટેલની સિદ્ધપુર પોલીસે વર્ષ ૨૦૧૭માં ચૂંટણીમાં મંજૂરી વિના સભા કરતા તેની ધરપકડ કરી હતી. ત્યાર બાદ તેને જામીન પર છોડવામાં આવ્યો હતો.

ભાદર-૨ ડેમના ત્રણ દરવાજા ખોલાયા, ૪૧ ગામના ખેડૂતોને પિયત માટે પાણી મળશે

રાજકોટ

પોરબંદરના ઘેડ પંથકમાં ૪૧ ગામના ખેડૂતોને પિયતના પાણીની સમસ્યા હતી. આથી શિયાળુ પાક માટે કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા અને ખેડૂતોએ આ અંગે ભાદર-૨ ડેમના પાણી આપવાની માંગ કરી હતી. આથી સિંચાઈ વિભાગે આજે ભાદર-૨ ડેમના ત્રણ દરવાજા ૪ ફૂટ સુધી ખોલ્યા હતા. દરવાજા ખુલતા જ ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ભાદર-૨ ડેમના ત્રણ દરવાજા ખોલાતા ધોરાજી, ઉપલેટા, કુતિયાણા, રાણાવાવ અને ઘેડ પંથકના ૪૧ ગામના ખેડૂતોને હવે પિયત માટે પાણી મળી રહેશે. ભાદર ડેમમાંથી ૧૬૩૭૨ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જેનો સીધો લાભ ૧૫ હજાર હેક્ટર જમીનને થશે. આ માટે ૪ લાખ ૧૦ હજાર ભરવામાં આવ્યા હતા. પાણી છોડાતા ભાદર-૨ ડેમ હેઠળ આવતા કાંઠા વિસ્તારના ગામોને સાવચેત કરવામાં આવ્યા છે અને નદીના તટમાં ન જવા સૂચના આપવામાં આવી છે.



ભારતીય વીમા નિગમ એલઆઈસીનું ખાનગીકરણ કરવાની કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરતા એલઆઈસીના કર્મચારીગણમાં આક્રોશની લાગણી ફાટી નીકળી છે. ખાનગીકરણના વિરોધમાં મુગલીસરા એલઆઈસી ભવન ખાતે કર્મચારીઓએ આજે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સુરત શહેરમાં ૯ સ્થળો પર પોષણ અભિયાન કાર્યક્રમ

કાર્યક્રમમાં ૮૦૦ પાલક વાલીઓ નોંધાયા

સુરત

માનનીય વડાપ્રધાનના સહિપોષણ – દેશ રોશન શબ્દને સાર્થક કરવા અને કુપોષણ સામે લડત આપવા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૦૨૨ની શરૂઆત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવી. જેમાં સુરત શહેરની તમામ વિધાનસભાદીઠ કુલ ૯ જગ્યાએ વિવિધ કાર્યક્રમો માન. મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, આદિજાતિવિકાસ વન, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ગુજરાત, માન. મંત્રીશ્રી આર.સી. ફળદુ, કૃષિ ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર વિભાગ ગુજરાત, માન.શ્રી એ.પી.સિંધ, IFS, એ.પી.સી. સી.એફ. મોનીટરીંગ અને ઈવેલ્યુએશન, આર્યન ભવન, ગાંધીનગર, ના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવેલ. અતિકુપોષિત બાળકોની વિશેષ કાળજી લેવાય તે માટે 'એક બાળકદીઠ એક પાલકવાલી'ની વાત કરવામાં આવી. અને મહાનુભાવો દ્વારા પાલકવાલીનું સન્માન કરવામાં આવ્યું. અને જે તે પાલકવાલીએ દર અઠવાડિયે એકવાર આંગણવાડી પર જઈ બાળકની મુલાકાત લેવી તેમજ બાળકના વૃધ્ધિ વિકાસની દેખરેખ રાખવાનો સંકલ્પ કરવામાં આવેલ છે.

સમગ્ર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાના માન. કમિશનરશ્રી બંછાનિધિ પાનીના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ યોજવામાં આવેલ. આ વિશિષ્ટ કાર્યક્રમોમાં ઉપરોકત મહાનુભાવોની સાથે સુરત શહેર પશ્ચિમના ધારાસભ્યશ્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રીવિવેકભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ મોરડીયા, તથા સુરત શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી ડો.જગદીશ પટેલ,માન.દંડક શાસક પક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાળા, અર્બન આઈ.સી.ડી.એસના પ્રોગ્રામ અધિકારીશ્રી શ્રીમતી ઈલાબેન પટેલ તેમજ નવ ઘટકના સંકલિત બાળ વિકાસના યોજના અધિકારીશ્રીઓ, સુપરવાઈઝરો તેમજ ઘટક કક્ષાના વિવિધ સ્ટાફ ઉપરાંત કુલ ૨૦૦૦ જેટલા આંગણવાડી કાર્યકર/ હેલ્પર, ૮૦૦ જેટલા પાલક વાલીઓ, ૫૦૦ જેટલા અન્ય લાભાર્થીઓ, તથા આશા વર્કર હાજર રહેલા હતા.

વલસાડના બાળકોએ બાળ અદાલતના મનોરંજક માધ્યમથી કુપોષણ મુક્તિની આહ્‌લેક જગાવી

કુપોષિત બાળકોને સુપોષિત કરવાના રાજયવ્યાાપી પોષણ અભિયાન જગાવેલી અસરનું સુંદર ઉદાહરણ વલસાડની શાળાઓના બાળકોએ પૂરૂ પાડયું. કુપોષિત બાળમિત્રો પરત્વેસ સજાગ અભિગમ દાખવતા 'બાળ અદાલત'ના મનોરંજક માધ્ય મ દ્વારા સમાજને કુપોષણ મૂકિતનો સંદેશ આપ્યોન.

પોષણ અભિયાનમાં રાજય સરકાર અને જાહેર જનતા સહભાગી થયા છે. શાળાના બાળકો પણ આ ઝુંબેશમાં હોશભેર જોડાયા છે. તેઓ દ્વારા નાટક રૂપે મનોરંજનના માધ્યામ 'બાળ અદાલત' નું આયોજન કરવામાં આવ્યું હતું. નાટકમાં આંગણવાડી દ્વારા બાળકોને આપવામાં આવતા પોષણયુકત આહાર, સંજીવની દુધ, કિશોરીઓ અને ધાત્રીમાતાઓને અન્નપ્રાશન, માતૃશકિતપ અને ટી.એચ.આર. વગેરે કઇ રીતે તેઓના સ્વાજસ્જ્ય માટે જરુરી છે તે અંગે માહિતી આપી હતી તથા મનોરંજનના માધ્ય મથી હળવા કટાક્ષ સાથે ખોરાક સાથે જોડાયેલી વિવિધ ગેરમાન્ય તાઓ દુર કરવાના સહીયારા પ્રયાસો કરવામાં આવ્યાા હતા. આ નાટકમાં બાળકો અદાલતનો માહોલ તૈયાર કરે છે. જેમાં ગર્ભવતી મહિલાની સંભાળ ન લેતા સાસુ-સસરા, કુપોષણ યુકત બાળકના માતા-પિતાને આરોપી તરીકે ઉપસ્થિેત કરવામાં આવે છે. આંગણવાડી કાર્યકર, ડોકટર, શિક્ષક વગેરેની ભુમિકા દ્વારા બાળકો તેઓને ગુના વિશે માહિતી આપે છે. અને જજ સાહેબ દ્વારા તેઓને સારસંભાળ લેવા હુકમ કરી પોષણ વિશે જાગૃત કરે છે.

ગુજરાત રાજય દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે. તેવા સમયે ગુજરાત રાજયમાં કે આપણા જિલ્લામાં કુપોષિત બાળકો હોવા એ ગંભીર બાબત છે. આ સ્થિમતિમાંથી બહાર નીકળવા માટે અને કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા માટે કુપોષણ જેવી ગંભીર સમસ્યાઆ અંગે જાગૃતતા ફેલાવવી જરૂરી છે. વલસાડ જિલ્લામાં કુલ-૪૩ સ્થાળો ઉપર પોષણ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યાા હતા. પોષણ અભિયાન કાર્યક્રમોમાં ઉપસ્થિલત જનમેદનીને દેશમાં પોષણ અંગેની સ્થિઅતિ વિશે અવગત કરવામાં આવ્યાએ તથા આ અંગે ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ધ્યેય - વર્ષ-૨૦૨૨ સુધી દરેક કુપોષિત બાળકોને રેડ ઝોનમાંથી ગ્રીન ઝોનમાં લાવવા-અંગે માહિતી આપવામાં આવી હતી. તમામ કાર્યક્રમોમાં વન અને આદિજાતિ વિકાસ રાજયામંત્રી રમણલાલ પાટકર, વલસાડ જિલ્લાના તમામ ધારાસભ્યો, સરકારી અધિકારીઓ, પદાધિકારીઓ, અગ્રણિઓના સહયોગી બન્યાર હતા તથા લોક જાગૃતિ વધારવાના પ્રયાસો કર્યા હતા.

કળવી દવા જેમ બાળકોને પટાવીને પીવડાવવામાં આવે છે કંઇક એવી જ રીતે બાળકો દ્વારા રમુજ, કટાક્ષ અને માહિતી સુમિશ્રીત કરી જાહેર જનતાની સમજ કેળવવાનો પ્રયાસ બાળકો દ્વારા કરવામાં આવ્યોબ હતો.

મનોરંજન દ્વારા નાના ભુલકાઓએ મહત્વ ની અને દેશના ગંભીર વિષયને સહજતાથી ગ્રામજનો સમક્ષ રજુ કરી હતી. બાળકો સમાજનું ઉજજવળ ભવિષ્યપ છે. જયાં બાળકો પોતે પોષણયુકત આહાર લેવા અંગે જાગૃત છે ત્યાં કુપોષણ રહી ન શકે. વલસાડ જિલ્લાના બાળકો એક ઉદાહરણ રૂપ છે કે જો બાળકોમાં નાની ઉંમરે સુપોષણ, સુસંસ્કાભર, સદગુણો અને દેશ પ્રેમનું સિંચન કરવામાં આવે તો દેશ પ્રગતિના શિખરો સર કરે છે.

ધોડિયા સમાજ સુરતનો પરિચય પસંદગી મેળો

સુરત

ધોડિયા સમાજ, સુરત દ્વારા તા.૧લી માર્ચ, રવિવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે રૂસ્તમપુરા એસ.એમ.સી. કોમ્યુનિટી હોલ, નવસારી બજાર ખાતે વિવાહોત્સુક યુવક યુવતિઓની પસંદગી માટેનો પરિચય મેળો યોજાશે. રસ ધરાવતા યુવક યુવતીઓ પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તા. ૨૨/૦૨/૨૦૨૦ ને શનિવાર સુધીમાં અંબાનગર, ધોડિયા સમાજ, સુરત ઓફિસમાં રૂબરૂ આવી ફોર્મ ભરી જવા. સમાજની ઓફિસ દર શનિવારે સાંજે ૦૬:૦૦ થી ૦૮:૦૦ ક્લાક સુધી કાર્યરત રહે છે. વધુ વિગતો માટે મો.નં. ૯૩૭૬૭ ૯૯૭૭૭ / ૯૮૨૪૩૬૦૬૯૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

છાપરાભાઢામાં રહેતી યુવતી ક્રિષ્નાબેન પટેલ ગુમ થયા

સુરત

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૭/૦૧/ ૨૦૨૦ના રોજ મ.નં.૧૦૪, શ્રીહરિ હાઈટસ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, છાપરાભાઠા રોડ, અમરોલી ખાતે રહેતા પરેશભાઈ ધનસુખભાઈ પટેલની ૨૧ વર્ષીય પુત્રી ક્રિષ્નાબેન પોતાના ઘરેથી કોઈને કઈક કહ્યા વગર ક્યાંક ચાલી ગયેલ છે. તે શરીરે પાતળા બાંધાના, રંગે ધઉવર્ણ તથા ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે સેલટી રંગની કુર્તી તથા લીલા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાંથી ૧૬ વર્ષીય સોનલબેન પરિહાર લાપતા

સુરત

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા. ૦૮/૦૧/ ૨૦૨૦ ના રોજ ગણેશપુરા, પ્રગતિનગર, અમરોલી(મૂળ વતન- ઉવા તા.આયના, યુ.પી) ખાતે રહેતા રાજેશભાઈ શિવપ્રસાદ પરિહારની ૧૮ વર્ષિય પુત્રી સોનમબેન પોતાના ઘરેથી સ્કુલ જાઉં છું તેમ કહી ઘરે પરત ફર્યા નથી. તે શરીરે પાતળા બાંધાના, રંગે ગૌર વર્ણ તથા ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે સેલટી રંગની કુર્તી તથા લીલા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પુણા પાટિયામાં રહેતા અંબારામ ચૌધરી ગુમ

સુરત

પુણા પોલીસના જણાવ્યા અનુસાર ઘર નં.બી/૦૪, ૩૦૪, રૂદ્રાક્ષ અવેન્યુ, પુણા પાટીયા, સુરત ખાતે રહેતા ૨૩ વર્ષીય અંબારામ મોડારામ ચૌધરી પોતાના ઘરેથી કોઈને કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ તથા ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે મેથી પીળા રંગનુ શર્ટ તથા બ્લુ રંગનું જીન્સ પેન્ટ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પુસ્તક મેળામાં પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન જાગૃતિ ઝુંબેશ

સુરત

સૂરત મહાનગરપાલિકા આયોજિત આયોજિત પુસ્તક મેળા-૨૦૨૦માં 'ટ્રાફિક અવેરનેસ' અંગે સૂરત શહેર ટ્રાફિક પોલીસ તથા 'ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી' દ્વારા જન જાગૃતિ અંગેનો સ્ટોલ ઊભો કરીએ સુરતવાસીઓને ટ્રાફિક પાલન અંગે જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે. રોડ સેફટીના ટ્રેનર શ્રી બ્રિજેશ વર્મા તથા પી.એસ.આઈ.શ્રી રવિ બારોટ દ્વારા શહેરીજનોને ટ્રાફિક જાગૃત્તિ અને ટ્રાફિકના નિયમો અંગેની સમજૂતી આપવામા આવી હતી.

જાહેર સ્થળે ચાર કે વધુ લોકોએ એકત્ર થવા પર પ્રતિબંધ લાગુ

સુરત

સુરત શહેરમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને જાહેર શાતિ અને સલામતી જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરકરાર રહે તે માટે શહેરના મદદનીશ પોલિસ કમિશનરશ્રી(વિશેષ શાખા) પી.એલ.ચૌધરીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી પરવાનગી વગર સંયુકત હેતુથી જાહેર જગ્યા ઉપર ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવી કે અભદ્ર ભાષા વાપરવી કે કોઈ દ્વિ-અર્થી શબ્દો ન વાપરવા તેમજ સરઘસ કાઢવા ઉપર તા.૧૪/૦૨/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. અપવાદ તરીકે સરકારી, અર્ધસરકારી ફરજ સાથે સંકળાયેલા તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

લાજપોર મધ્યસ્થ જેલ સંકુલમાં મોબાઈલનો ઉપયોગ કરવો નહીં

સુરત

સુરત શહેર મદદનીશ પોલિસ કમિશનરશ્રી(વિશેષ શાખા) પી.એલ.ચૌધરીએ એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) કોઈપણ વ્યકિતએ મોબાઈલ ફોન, આઈપેડનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. મોબાઈલ ફોન કે સીમકાર્ડ રાખશે નહી અને જેલના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ જેવી વસ્તુ સાથે પ્રવેશ કરી શકાશે નહી. અપવાદ તરીકે કોઈ પણ જાહેર સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યકિતને તેની ફરજ દરમિયાન આ હુકમ લાગુ પડશે નહી. આ જાહેરનામું તા.૨૨/ ૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉશ્કેરાટના ઘાતક પરિણામોથી જેલમાં કેદીઓને અવગત કરાયા

નવસારી જેલમાં ચમત્કારથી ચેતો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ

નવસારી સબ જેલમાં કેદીઓમાં અંધશ્રદ્ધા દૂર કરવા તેમજ સકારાત્મક વલણ શંકા-કુશંકા દૂર કરવા ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ઉશ્કેરાટ, આવેગના ગંભીર પરિણામોથી પરિવાર માટે કેટલું ઘાતક સાબિત થાય છે તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

જેલ અધિક્ષક એન.એ. દેસાઈએ કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટન કરી જણાવ્યું કે જાથા વર્ષોથી વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ માટે વિવિધ સ્તરે કાર્યક્રમો આપે છે. કેદીઓના માનસ પરિવર્તનમાં જાથાનો કાર્યક્રમ અસરકારક સાબિત થયો છે. સકારાત્મક વલણ સાથે ચમત્કારિક પ્રયોગોથી તકને પ્રાધાન્ય મળશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

જાથાના સુરતના કચ્છી મગનભાઈ પટેલ, વલસાડના કાર્તિક બાવીસી તેમજ ભાનુબેન ગોહિલે કેદીઓને વૈજ્ઞાનિક વલણ કેળવવાથી અનેક પ્રકારના ફાયદાઓની વાત કરી હતી. ન્યાયતંત્ર ઉપર વિશ્વાસ રાખવા અને પરિવારોમાં અંધશ્રદ્ધાથી દૂર રહે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. પ્રશાંત પટેલ, રાધાબેન પટેલ હાજર રહ્યા હતા.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ કેદીઓને જણાવ્યું કે જાથાનો ઉદ્દેશ માત્ર ને માત્ર અંધશ્રદ્ધા દૂર કરી, તર્કને પ્રાધાન્ય આપી આપત્તિનો સામનો કેવી રીતે રીતે કરવો તે સંબંધી માહિતગાર કરવામાં આવ્યા હતા. સામાન્ય ભૂલના ગંભીર પરિણામો કેવા આવે છે તે બતાવી પોતાનો પરિવાર છિન્ન-ભિન્ન થઈ જાય છે. તેમાં વ્યકિત પોતે જવાબદાર છે. કેદીને પત્નિ બાળકોની અવદશાથી અવગત કરવામાં આવ્યા હતા. તેમાં ગ્રહો-ગ્રહણ, સાડાસતી, પનોતિ કોઈ જવાબદાર નથી. કેદી પોતે જ જવાબદાર છે. ગુસ્સો, ઉશ્કેરાટ, બીજા ઉપરનો વિશ્વાસ વિગેરે અનેક પરિબળો કારણભૂત છે. તેમાંથી બહાર નીકળવાની વાત મુકી હતી. અમુક જ્ઞાતિ પરિવાર પોતાનામાંથી એક બે જેલમાં હોય જ છે તેવી ઓળખ આપી ગૌરવ અનુભવતા હોય છે. વાસ્તવમાં આવું ગૌરવ પરિવાર માટે ઘાતક સાબિત થાય છે.

ઉમરગામ તાલુકાના કલગામ અને ધોડીપાડા ખાતે રૂ.૩.૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ માર્ગોનું ખાતમુહૂર્ત

વિકાસના કામોની ગુણવત્તા જળવાઈ રહે તે જોવા અધિકારીઓને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરનો અનુરોધ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ અને ધોડીપાડા વિસ્તા રના રૂ.૩.૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ માર્ગોનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું.

રાજયમંત્રીશ્રી રમણલાલ પાટકરે કલગામ મીંઢાપાડા ખાતે મોટી સંખ્યામિાં ઉપસ્થિલત ગ્રામજનોને સંબોધતા રાજય સરકારની કલ્યારણકારી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી વિકાસ કામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સરકારના જવાબદાર અધિકારીઓને પુરતી કાળજી લેવા અને મંજૂર થયેલા વિકાસ કામો સમયસર પૂર્ણ થાય તે માટે ઉપસ્થિાત સરપંચ તથા જિલ્લા તાલુકા પંચાયતના સભ્યો ને કાળજી લેવા ભારપૂર્વક જણાવ્યુંહિતું. વિકાસ કામોની સાથે પ્રજાકીય પ્રશ્નોનું નિવારણ લાવી દરેક નાગરિકને મળતા હકો રક્ષણ થાય તે માટે પણ જાગૃતતા કેળવી નિયમિત પણે લોકસંપર્ક કેળવવા સૂચન કર્યું હતું.

ગામના સર્વાગી વિકાસમાં સરપંચો સક્રિય બની સહભાગી થાય તે માટે અનુરોધ કરીને તેમણે વિધવા સહાય, વૃધ્ધાસ સહાય તેમજ તીર્થ ગામ વગેરે જેવી સરકારની મહત્વિની યોજનાઓ વિશે જાણકારી આપી જરૂરીયાત ધરાવતા વધુ લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તે માટે જરૂરી પ્રયાસો કરવા જણાવ્યું હતું.

રૂ.૩.૩૬ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત થયેલા રસ્તા ના ૯ કામોમાં કલગામ હનુમાન મંદિર રોડ રૂ.૫૦ લાખ, કોગામ મીંઢા ફળીયાથી આઈસ ફેકટરી સુધી ૨ કિમી રોડ રૂ.૪૦ લાખ, કલગામ મીંઢાથી હરિયાપાડા રોડ રૂ.૩૦ લાખ, કલગામ પી.એચ.સી એપ્રોચ રોડ રૂ.૨૫ લાખ, કલગામ મીંઢા ફળીયા રોડ ગાળાનું બોકસ કન્વાર્ટ કામગીરી રૂ.૩૫ લાખ, ધોડીપાડા ખોખરા રોડ રૂ.૨૦ લાખ, ધોડીપાડા પંચાયતથી વાઘીયા ફળીયુ ૧ કીમી રોડ રૂ.૨૦ લાખ, ધોડીપાડા ગાદીક ફળીયા અને વાડી ૨ કીમી રોડ રૂ.૪૦ લાખ, મરોલી રોડથી ધોડીપાડા ગાદીકપાડા ૨ કીમી રોડ રૂ.૪૦ લાખના ખર્ચે નજીનીકરણ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં કલગામના સરપંચ કુસુમબેન વારલી, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, આજુબાજુના ગામના સરપંચ સહિત ગ્રામજનો મોટી સંખ્યા માં હાજર રહયા હતા.

સામાન્ય બોલાચાલીમાં યુવકનું ગળું દબાવી હત્યા કરાતા ખળભળાટ

અંકલેશ્વર

હાંસોટમાં એક યુવાનનું ગળું દબાવી પેટમાં માર મારીને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ હતી. મોતને ઘાટ ઉતારાયેલા યુવાન તેના ભાઈ સાથે હુમલાખોરના ઘર પાસેથી જતો હોવાથી હુમલાખોરે ઝઘડો કર્યો હતો અને મારા ઘર પાસેથી કેમ જાય છે, તેમ કહીને અને આવેશમાં આવીને યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

ભરૂચ જિલ્લાના હાંસોટના ૧૯૧, રામનગરમાં કલ્પેશભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી પરિવાર સાથે રહે છે. સોમવારે મોડી સાંજે કલ્પેશ અને તેનો મોટો ભાઈ યોગેશ(૩૦) હાંસોટમાં જ રહેતા સલીમ રસુલ વડીવાલાના ઘર પાસેથી ચાલતા હતા. તે દરમિયાન સલીમ તેઓની પાસે ધસી આવ્યો હતો. અને જણાવ્યું હતું કે, મારા ઘર પાસેથી કેમ જાય છે. તેવો સવાલ કરીને ઝઘડો કર્યો હતો. અને યોગેશનું ગળુ દબાવી પેટના ભાગે માર માર્યો હતો.

મિસ્ત્રી કામ કરતા યોગેશનું ગળુ દબાવતા અને પેટમાં માર મારતા મારતા તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. દરમિયાન તે સમયે પસાર થઈ રહેલા હાંસોટના એક યુવાનની બાઈક ઉપર કલ્પેશ તેના ભાઈ યોગેશને હોસ્પિટલમાં લઈ ગયો હતો. જયાંથી વધુ સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કલ્પેશ મિસ્ત્રીએ હાંસોટ પોલીસ મથકમાં સલીમ વડીવાલા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની સામે હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ભીમપોર ગામના સીટી સર્વેનો રેકોર્ડ પ્રમાણીત કરવામાં આવશે

સુરત

સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪, સુરત શીટ નં.૦૩,૧૧ નું રેકર્ડ તૈયાર કરીને તા.૦૪/૦૩/ ૨૦૨૦ના રોજ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ મુજબ પ્રમાણિત કરવામાં આવનાર છે. આ તૈયાર થયેલું રેકર્ડ સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪, સુરતની કચેરી, એ-બ્લોક, આઠમો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરતની કચેરીમાં રાખવામાં આવ્યું છે. જેથી આ તૈયાર રેકર્ડ, પ્રોપર્ટી કાર્ડ, નકશા અને અન્ય રેકર્ડ સામે જો કોઈને વાંધા હોય તેમણે આ કચેરીમાં તા.૦૪/૦૩/ ૨૦૨૦ સુધીમાં લેખિતમાં અરજી કરવી અઠવા તા.૦૪/ ૦૩/૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૪.૦૦ વાગ્યા દરમિયાન સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪ની કચેરી ખાતે રૂબરૂ હાજર રહી વાંધો રજુ કરી શકાશે એમ નાયબ નિયામક (જમીન દફતર, સુરત)ની યાદીમાં જણાવાયું છે.

તાપી નદીમાં ડૂબી રહેલી માસી-ભાણેજને બહાદુર કોન્સ્ટેબલે બચાવી

સુરત

રાંદેર-કતારગામને જોડતાં કોઝ વે પર તાપી નદીમાં ડૂબી રહેલી માસી-ભાણેજને કોન્સ્ટેબલે બચાવી લીધી હતી. રાતપાળી કરીને પોલીસ ભવનથી ઘર તરફ જઈ રહેલા કોન્સ્ટેબલે પહેરેલી વર્દીમાં જ બહાદૂરીપૂર્વક તાપી નદીમાં કુદીને માસી ભાણેજને સહિ સલામત રીતે બચાવી લીધી હતી. જેથી કાંઠે ઉભેલા લોકોના ટોળાએ કોન્સ્ટેબલના કાર્યને બિરદાવ્યું હતું.

પોલીસ ભવન ખાતેના ટ્રાફિક વહિવટ અને પ્લાનિંગ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે સેવા આપતાં રામશીભાઈ રબારી સવારે નવેક વાગ્યાની આસપાસ રાતપાળીમાં ફરજ બજાવી પોતાના ઘર સિંગણપોર તરફ જઈ રહ્યાં હતાં. આ દરમિયાન કોઝ વે પર લોકોનું ટોળું જામ્યું હતું. માસી ભાણેજને ડૂબતાં જોઈ રહેલા લોકોની વચ્ચેથી રામશીભાઈ ક્ષણનો પણ વિચાર કર્યા વગર તાપી નદીમાં કુદી પડ્યાં હતા અને માસી ભાણેજને સહિ સલામત રીતે કાંઠે લઈ આવ્યાં હતાં.

રીટા લક્ષ્મણ રાઠોડ (ઉ.વ.આ.૩૦) માસી અને ભાણેજ જયશ્રી મુન્ના રાઠોડ(ઉ.વ.આ.૧૦)ના તાપી નદીમાંથી ભંગાર વીણી રહ્યાં હતાં. પાણીની ખાલી બોટલ સહિતનો ભંગાર વિણતા વિણતા નદીમાં જામેલી લીલમાં પગ લપસી જતાં બન્ને ડૂબલા લાગી હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ રામશીભાઈ રબારીએ સૌ પ્રથમ કિશોરી જયશ્રીને કાંઠે લાવ્યા બાદ તેની માસીને બચાવી લેવામાં સફળ રહ્યાં હતાં.



સુરત શહેર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટબલ રામશીભાઈ રત્નાભાઈ રબારી પોતાની ફરજ પૂરી કરી પ્રશંસનીય કામગીરી કરી હતી. તા ૦૪/૦૨/૨૦૨૦ ના રોજ સવારના નવેક વાગ્યાના અરસામાં ઘરે પરત જતા હતા તે દરમ્યાન તાપી કોઝ વે પુલ પરથી પસાર થતા ત્યાં તાપી નદીમાં બે મહિલા પાણીમાં ડૂબતી હોય જેથી પોલીસ કોન્સ્ટેબલ રામશીભાઈ રબારીએ તાત્કાલિક કોઈપણ જાતનો વિચાર કર્યા વગર પોલીસ યુનિફોર્મમા જ તાપી નદીમાં કૂદી બંને મહિલાઓનો જીવ બચાવી માનવતા પૂરી પાડી હતી.

ઉત્તરાયણ બાદ પતંગની દોરીમાં ફસાયેલા ૨૧૬ પક્ષીઓને ફાયરજવાનોએ બચાવ્યા

સુરત

ઉતરાયણ તો ગઈ પણ સુરત પતંગની દોરી હજુ પણ પક્ષીઓ માટે ઘાતક બની રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઉતરાયણ ગયા પછી ૨૨ દિવસ દરમિયાન પતંગની દોરીમાં ફસાયેલી ૨૧૬ પક્ષીઓને સહી સલામત નીચે ઉતાર્યા હતા.

ઉતરાયણના દિવસો દરમિયાન પતંગની દોરીથી માનવ, પશુ-પક્ષીઓને ઈજા થવાના બનાવો વધી રહ્યા હતા. જેથી માનવ, પશુ - પક્ષીઓને પતંગના દોરાથી ઈજા નહીં થાય તે માટે ઘણા જાગૃત લોકોએ આ વર્ષે ઓછા પતંગ ચગાવ્યા હતા જ્યારે ઘણા વ્યક્તિઓએ ઘર, એપાર્ટમેન્ટ, ગેલેરી સહિતની જગ્યાઓ પર પતંગ ઉડાવી આનંદ માણ્યો હતો પરંતુ કપાયેલા પતંગ કે પતંગની દોરી કેબલ વાયર, ઈન્ટરનેટ વાયર, વીજ વાયર, ઝાડ વગેરે પર ભેરવાયેલી હોય છે.

ઉતરાયણ ગયા ૨૨ દિવસ દરમિયાન સુરતમાં પતંગની દોરીમાં ૨૧૬ પક્ષીઓ ફસાયા હતા. ઉતરાયણ પહેલાના દિવસોમાં દોરીમાં ફસાયેલા ૧૩ પક્ષીઓને ફાયરજવાનોએ ઉતાર્યા હતા. જેમાં નાનપુરા, વરાછા, મીની બજાર ,રાંદેર, અડાજણ, ગોપીપુરા, અઠવાગેટ, યોગીચોક, કતારગામ, લિંબાયત, પાંડેસરા, ઉધના, સચિન, ભટાર સહિતના વિસ્તારોમાં પક્ષીઓ પતંગ દોરાથી ફસાયા હતા.

આ પક્ષીઓને ફાયર જવાનોએ લાકડાના વાસથી, ફાયરની ગાડી પર ચડીને, રબરના બોલને દોરી સાથે બાંધીને, કેબલ વાયર નીચો કરીને સહિતની ટેકનિકો વાપરીને પક્ષીઓને સહીસલામત બહાર કર્યા હતા અને જીવ દયા સંસ્થાઓને સોંપ્યા હોવાનું ફાયર સૂત્રોએ જણાવ્યું હતું.

રાધે ઈમ્પેક્સના માલિક દ્વારા ૪ કરોડની ઠગાઈ : ઉઘરાણી કરતા આપઘાતની ધમકી

હરેશ ધોળીયાએ વેપારી પાસેથી રૂા.૪.૦૯ કરોડના હીરા ખરીદી પેમેન્ટ આપવા ઈન્કાર કરી ઝેરી દવા પી જવાની ધમકી આપતી પોલીસમાં અરજી કરી

સુરત

મોટા વરાછાના રાધે ઈમ્પેક્સ એચ.કે. લિ. કંપનીના માલિક હરેશભાઈ ધીરૂભાઈ ધોળીયાએ હીરા વેપારી સુભાષ મોણપરા પાસેથી રૂપિયા ૪.૦૯ કરોડ ની કિંમતના હીરા ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે ખોટી પોલીસ અરજીઓ કરી દવા પી જઈ પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા મમતા પાર્ક સોસાયટીમાં રહેતાં સુભાષ અરવિંદભાઈ મોણપરાએ આરોપી રાધે ઈમ્પેક્સ એચ.કે. લિ.ના માલિક હરેશ ધીરૂભાઈ ધોળીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી રૂા. ૪,૦૯,૧૬,૫૪૮ની કિંમતનો હીરાનો માલ ખરીદ્યો હતો. આ માલના રૂપિયાની માંગણી કરતા આરોપીએ વાયદા કર્યા હતા. ત્યારબાદ ફરિયાદી વિરૂદ્ધ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ખોટી અરજીઓ કરી કાયદાકીય રીતે ડરાવવા માટે દવા પીને ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ.એમ.કે. ગુર્જરે તપાસ હાથ ધરી છે.

ઓએલએક્સ પર ગાડી વેચવા મૂકી ૫૩ હજારની છેતરપિંડી

ફોન પે એકાઉન્ટ વડે રૂપિયા મેળવી લીધા પણ ગાડી આપી નહીં

સુરત

ઓએલએક્સ ઉપર એક્ટીવા ગાડી વેચાણ માટે મૂક્યા બાદ એક્ટીવા ખરીદનાર વરાછાના હિતેશ જાંબુચા પાસેથી ફોન પે એકાઉન્ટ મારફતે રૂપિયા ૫૩,૧૧૯ મેળવી એક્ટીવા ગાડી નહીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરનારા સામે કાપોદ્રા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા કાલીદાસ નગર ધર્મરાજ એપાર્ટમેન્ટમાં રહેતાં હિતેશ ચીથરભાઈ જાંબુચાએ આરોપી મોબાઈલ ફોન નંબર ધારક વિકાસ પટેલ, આર્મી ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર પ્રવિણકુમાર અને ફોન પે એકાઉન્ટ ધારક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ઓએલએક્સ ઉપર એક્ટીવા ગાડી વેચાણ માટે મૂકી હતી. આ ગાડીનો ફરિયાદીએ સોદો કર્યો હતો. ફરિયાદીએ ગાડીની ખરીદી માટે ફોન પેથી રૂપિયા ૫૩,૧૧૯ પણ ચૂકવી દીધા બાદ આરોપીઓએ ગાડી નહીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

કાપોદ્રામાં દુકાનના ગલ્લામાંથી રોકડા રૂા.એક લાખની ચોરી

બે અજાણ્યા લોકો ડ્રોઅરમાંથી રૂપિયા ચોરી ગયા

સુરત

કાપોદ્રા ખોડીયારનગર રોડ શ્યાણી સોસાયટી પાસે આવેલ એક દુકાનમાં નજર ચૂકવી ટેબલના ખાનામાંથી રૂા.૧.૦૭ લાખ રોકડાની ચોરી કરી અજાણ્યા બે ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના વતની અને હાલમાં વરાછા એ.કે. રોડ મોદી મહોલ્લામાં રહેતાં ૧૮ વર્ષના વિદ્યાર્થી પ્રવિણભાઈ માળીએ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, કાપોદ્રા ખોડીયાર નગર સૌરાષ્ટ્ર સોસાયટી પાસે આવેલી દુકાનમાં અજાણ્યા બે ઈસમો છુટા પૈસા લેવા માટે આવ્યા હતા અને તેમની નજર ચૂકવી ડ્રોઅરમાંથી રૂા.૧.૦૭ લાખ રોકડાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે, પોલીસે સીસીટીવી ફુટેજ તપાસવાની કામગીરી શરૂ કરી છે.

માંગરોળમાં ગૃહીણીઓને સુર્યકુકર અને કાપડની થેલીઓનું વિતરણ

ઝંખવાવ આઈટીના નવીનીકરણ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો

સુરત

માંગરોળ તાલુકાના વકીલપરા ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપનીની લિમિટેડ (જીઆઈપીસીએલ) રચિત દિપ ટ્રસ્ટ-નાની નરોલી દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' તથા 'બેટી બચાવો, બેટી વધાવો' ઝુંબેશ અન્વયે આયોજિત ''સ્વચ્છ ગામ અને સ્વચ્છ ઘર હરિફાઈ'' સ્પર્ધામાં પસંદ થયેલા સ્વસહાય જુથોની મહિલાઓને વન, આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ઈનામ વિતરણ, સૂર્યકુકર અને કાપડની થેલીઓનું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રી દ્વારા ઝંખવાવ આઈટીઆઈના નવીનીકરણ માટે રૂ.૨૫ લાખનો ચેક આઈટીઆઈના આચાર્યશ્રીને અર્પણ કરાયો હતો.

આ અવસરે મંત્રીશ્રી વસાવાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના 'સ્વચ્છ ભારત અભિયાન'માં જોડાઈ સ્વચ્છ ગામ અને સ્વચ્છ ઘર'ની હરિફાઈ સ્પર્ધામાં ભાગ લઈને અનોખો સંદેશો પૂરો પાડયો છે. 'જ્યાં નારીની પૂજા થાય ત્યાં દેવતાઓનો વાસ છે' તેવો પુરાણોમાં પણ ઉલ્લેખ જોવા મળે છે. બદલાતા સમયની સાથે બહેનોની જવાબદારી પણ બદલાઈ છે. ઘર, પરિવારથી ઉંચે ઉઠીને આજે મહિલાઓ અનેકક્ષેત્રોમાં પુરુષ સમોવડી બની છે. દીપ ટ્રસ્ટ દ્વારા વર્ષોથી વિસ્તારના આરોગ્ય, શિક્ષણ, પાણી, સ્વચ્છતા જેવા અનેકક્ષેત્રો કાર્ય કરીને કાયાપલટ કરી છે. આજે ૧૬૬ સ્વસહાય જુથોની ૧૭૦૭ બહેનો ૧.૫૮ કરોડનું બચત ભંડોળ ધરાવે છે. જુથની બહેનો દ્વારા ૪.૫૦ કરોડનું આતરિક ધિરાણ કરીને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજય સરકારે કુપોષણમુકત ગુજરાત બનાવવા માટે પોષણ અભિયાન હેઠળ ત્રણ દિવસ કાર્યક્રમો કર્યા છે ત્યારે સૌ કોઈ આ અભિયાનમાં જોડવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. ગુજરાત દરેકક્ષેત્રે નંબર વન બન્યું છે. કુપોષણના કારણો અને તેના નિવારણની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દીકરીઓના ૧૮ વર્ષથી ઓછી વયે લગ્ન ન કરવા, કિશોરીઓએ આયર્નની ગોળીઓ સમયસર લેવી, છ મહિના સુધી બાળકને માતાનું દુધ આપવું, બાળકના શરૂઆતના બે વર્ષ સુધી પૌષ્ટિક આહાર આપવાની હિમાયત કરી હતી.

'સ્વચ્છ ઘર, સ્વચ્છ ગામ' સ્પર્ધામાં વિજેતા બહેનોને ઈનામ વિતરણ, સૂર્યકુકર વિતરણ, સ્વચ્છતા હી સેવા અંતર્ગત કાપડના થેલા વિતરણ અને 'બેટી બચાવો' અંતર્ગત બહેનોને સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે સુમુલ ડેરીના ચેરમેનશ્રી રાજુભાઈ પાઠકે જણાવ્યું હતું કે, ભારત સરકારે બજેટમાં ૨૦૨૫ સુધીમાં દુધ ઉત્પાદન બમણું કરવાનો નિર્ધાર કર્યો છે, ત્યારે આ તકને ઝડપીને પશુપાલન દ્વારા મહિલાઓ ઉપાડીને દુધ ક્ષેત્રે વધુમાં વધુ ઉત્પાદનના કાર્ય જોડાઈ તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

સુરત ડિસ્ટ્રીકટ બેંકના ડિરેકટરશ્રી દિલિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, દિપ ટ્રસ્ટ દ્વારા મહિલા સ્વજુથોના નિર્માણથી બહેનોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. ટ્રસ્ટ સ્થાપના થયા બાદ આ નાનકડુ બીજ આજે વટવૃક્ષ બનીને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. સ્વસહાય જુથો ૧.૫૮ કરોડનું ભંડોળ ધરાવે છે, જે થકી નાની મોટી જરૂરિયાતોનો સંપૂર્ણ વહીવટ બહેનો દ્વારા કરવામાં આવે છે, જે અભિનંદનીય છે.આ વેળાએ રોજગાર અધિકારી પારૂલબેન પટેલે સ્વરોજગાર તથા કારકિર્દીની તકો વિશે વિસ્તૃત વિગતો આપીને મહિલાઓ પુરુષ સમોવડી બની દરેકક્ષેત્રે આગળ આવે તેવો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે દીપ ટ્રસ્ટના ચીફ એકઝીકયુટીવ ઓફિસરશ્રી એન.આર. પરમાર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જગદીશભાઈ ગામીત, કારોબારી સમિતિના અધ્યક્ષ દિપકભાઈ વસાવા, જી.આઈ.પી.સી.એલના કોમ્યુનિટી ડેવલપમેન્ટના ડેપ્યુટી મેનેજરશ્રી એન.પી. વઘાસીયા, સુનિલભાઈ, નીતિશભાઈ, મનહરભાઈ તેમજ મોટી સંખ્યામાં સ્વ-સહાય જુથની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

દુકાને ગુટખા ખરીદવા ગયેલા યુવક પર હુમલો

સુરત

સચીન જીઆઈડીસી શિવનગર પાણીના પ્લાન્ટ પાસે વિમલ ગુટખા લેવા માટે ગયેલા એક યુવક પર કોઈ સાધન વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ યુ.પી.ના વતની અને હાલમાં સચીન જીઆઈડીસી બાંકેલાલની ચાલમાં રહેતા જવાલાપ્રસાદ કનોજીયાના મિત્ર સંદીપ રાવત તેમના ઘરે આવી થોડે દૂર વિમલ ગુટખા લેવા માટે ગયો હતો. ત્યારે બે ઈસમોએ નજીવી બાબતમાં તકરાર સંદીપ પર હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઈજાગ્રસ્ત સંદીપને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

વ્યારામાં ખેતીવાડી વિભાગ દ્વારા ઓર્ગેનિક ખેત ઉત્પાદનોનું વેચાણ

ખેતીવાડી તંત્ર સીધો માલ ખેડૂતો પાસેથી ખરીદી ગ્રાહકો સુધી પહોંચાડશે

વ્યારા

તાપી જિલ્લાના ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક ઉત્પાદનો સીધા તેમના ખેતરેથી, ગ્રાહકોના રસોડા સુધી પહોચાડવાના ભાગરૂપે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા, દર સોમવારે અને ગુરુવારે વ્યારા સહિત આસપાસના પ્રજાજનોને શુદ્ધ અને સાત્વિક ખેત ઉત્પાદન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી સતિષભાઈ ગામિતના જણાવ્યા અનુસાર દર સપ્તાહે સોમ અને ગુરુવારે સવારથી સાંજ સુધી, જિલ્લા સેવા સદન, પાનવાડીના મુખ્ય પ્રવેશ દ્વારા પાસે, ઓર્ગેનિક ખેત ઉત્પાદન કરતાં ખેડૂતો દ્વારા વિવિધ ખેત પેદાશોનું વેચાણ કરાશે. અહી મુખ્યત્વે એપલ બોર, બ્રોકલી, મશરૂમ, ફ્લાવર, કોબી, સરગવો, ભીંડા, ચોળી-ચોળા, ટીંડોળા, કારેલા, ગલકા, મરચાં જેવા શાકભાજી સાથે લાલ અને કાળા ચોખા, કેસર કેરીનો પાવડર, આયુર્વેદિક માલિશ તેલ જેવા ઉત્પાદનોનું વેચાણ શરૂ કરાયું છે. આ તમામ ઉત્પાદનો રસાયણિક ખાતરના ઉપયોગ વિના તૈયાર કરાયા છે, તેમ જણાવી આ બજારનો વધુમાં વધુ લોકોને લાભ લેવા પણ તેમણે અનુરોધ કર્યો છે.

કોળી પટેલ સ્મૃતિ કાર્યક્રમ સ્થળે પૂ. જયશ્રી દીદીના હસ્તે ભૂમિ પૂજન

પૂજ્ય દાદાજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વેસુમાં કાર્યક્રમનું ભવ્ય આયોજન

સુરત

પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (દાદાજી પ્રેરિત સ્વાધ્યાય પરિવાર સમાજના પ્રત્યેક વ્યક્તિ સુધી ભગવદ્ પ્રેમ અને ભગવદ્ વિચાર લઈ જવાનો ભગીરથ પ્રયત્ન છેલ્લા છ દાયકા થી સાતત્ય પૂર્વક કરતો રહ્યો છે. ત્રિકાળ સંધ્યાના માધ્યમ દ્વારા ભગવાનના ઉપકારો દિવસમાં ઉ વાર કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાની સમજણ પાકી કરવા અને દૈવી સંબંધ બાંધવા સ્વાધ્યાયી કૃતિશીલ ઘરે ઘરે જાય છે, અને તે કુટુંબને સાથે બેસાડીને ત્રિકાળ સંધ્યાનું પારાયણ કરાવી ભગવાનનાં પ્રેમની સમજણ દ્રઢ બનાવે છે. પૂજ્ય દાદાજી ના જન્મશતાબ્દી વર્ષે ૧૦૦ ટકાનો સંકલ્પ પૂર્ણ કરીને × કોળી પટેલ સમૃતી (મિલન) × નું આયોજન થયું છે. જેમાં ૪ લાખ થી વધુ કોળી પટેલ ભાઈ બહેનો પૂજ્યદીદીજી ની ઉપસ્થિતી માં સુરત વેસુ ખાતે મળવાના છે. આજ રોજ તારીખ ૦૩/૦૨/૨૦૨૦ નાં દિવસે બી જી બી ગ્રાઉન્ડ, સી બી પટેલ સપોર્ટ કલબ નજીક, મહાવીર કોલેજ ની સામે, વેસુ, ભરથાણા રોડ, સુરત ખાતે પૂજનીય જયશ્રી દીદી નાં હસ્તે ભૂમિપૂજન થયું. આ પ્રસંગે દીદીજી એ જણાવ્યું કે આવું સુંદર કામ યોગસૂત્ર× સતતીર્ઘાસ ને રન્તર્થસારવિરાસે વિતો દઢમૂનિ× અનુસાર થયું છે. છેલ્લા અઢી વર્ષ દરમ્યાન થયેલા અથાગ પરિશ્રમ ને ભગવાન યશ આપે છે. લાંબા સમય સુધી, ખાડો પાડયા વિના, આદર અને ઉત્સાહ થી સ્વાધ્યાય પરિવાર અને કોળી પટેલ સમાજે જે પ્રભુ કાર્ય કર્યું છે તેથી આજે આપણે આ કાર્યક્રમ ના ભૂમિ પૂજન માં ભેગા થયા છીએ.

પૂજનીય દાદાના ના વિચારો પ્રત્યેક માનવસુધી લઈ જવાની શક્તિ ભગવાન આપે તેવી માંગણી સાથે આપણે ભુમીપુજન કરીયે. આ મિલન માં તા. ૬-૦૨-૨૦૨૦ ના રોજ ૪ લાખ થી વધુ કોળી પટેલ ભાઈ બહેનો ઉપસ્થિત રહી પૂજનીય દીદીજી નું સ્વાગત કરશે, દૈવી સંબંધ થી ભગવાન ને કેન્દ્ર માં રાખી એક પાથરણે બેસવાનો આ યત્તિય પ્રસંગ એ કોળી પટેલ પુંજ માટે ઐતિહાસિક સીમા ચિન્હરૂપ બનશે. કાર્યક્રમમાં આવનારા ચાર લાખ થી વધુ લોકો માટે ગ્રાઉન્ડ પર ૩૫૦૦ જેટલા સ્વાધ્યાયી કૃતિશીલ અલગ અલગ વિભાગમાં કાર્યરત છે. જેની વિશેષતા એ છે કે આ પ્રત્યેક કૃતિશીલ ભક્તિની બેઠક પર પોતાની કર્મ કુશળતા ભગવાનના ચરણે ધરી રહ્યા છે.



વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર યોજાયેલા પુસ્તક-બાગાયત મેળાની પ્રતિદિન હજારો લોકો મુલાકાત લઈ રહ્યા છે. સવારથી બપોર સુધી મેળામાં વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. એક પુસ્તકના સ્ટોલની આ તસ્વીર છે.

ટાઇગર ગ્રુપ નર્મદાના કાર્યકર્તા કિશુબેન વસાવાના જન્મ દિવસે સ્વચ્છતા અભિયાનમા જોડાયુ મહિલા ટાઇગર ગ્રુપ



માં નર્મદાજીના કિનારાને સ્વચ્છ કરીને લોકો નર્મદાજીનુ માન જાળવે અને સ્વચ્છતા રાખે તેવી અપીલ કરાઈ હતી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ટાઇગર ગ્રુપ,નર્મદા સેવાકાર્ય માટે હમેશા આગળ આવીને કાર્ય કરતુ હોય છે આ ગ્રુપમા જોડાયેલ કાર્યકર્તા પોતાનો જન્મ દિવસ પણ સેવાકીય પ્રવૃત્તિમાં પસાર કરતા હોય છે ત્યારે મહિલા ટાઇગર ગ્રુપ નર્મદાની બહેનો પણ સેવાકાર્યમા પાછળ નથી રહેતી આજે મહિલા ટાઇગર ગ્રુપની કાર્યકર્તા કિશુબેન વસાવા પોતાના જન્મ દિવસ નિમિતે સેવાકાર્ય ની સાથે સ્વચ્છતાનુ કાર્ય કરવાનુ વિચારી પોતાની મહિલા ટાઇગર અને ટાઇગર ગ્રુપ નર્મદા ના અધ્યક્ષ પ્રેમભાઈ વસાવા સાથે પોઇચા નર્મદાના કિનારાને સ્વચ્છ કરવાનુ આયોજન કર્યુ હતુ.

પોઇચા નર્મદા નદીના કિનારે અનેક પ્રાચીન મંદિરો અને તિર્થ સ્થળો હોવાથી દુર દુર થી લોકો દર્શન કરવાં આવતા હોય છે જેથી ત્યા અવાર નવાર કચરો પડેલો જોવા મળે છે જેને મહિલા ટાઇગર ગ્રુપ નર્મદાના કિશુબેન વસાવા દ્વારા પોતાના જન્મ દિવસ નિમિત્ત માં નર્મદાજી ના કિનારા ને સ્વચ્છ કરીને લોકોમાં નર્મદાજીનુ માન જાળવે અને સ્વચ્છતા રાખે તેવી અપીલ કરાઈ હતી.



ફાયર સેફ્ટીના અભાવના કારણે સુરત ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા પુણા-સીમાડા કેનાલ રોડ પર આવેલી મહાવીર માર્કેટની તમામ દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા. આજે મળસ્કે સીલ મારી દેવાની કામગીરી ફાયર વિભાગે કરી હતી.

ફાયર સેફ્ટી અંગે સીમાડામાં મહાવીર માર્કેટ સીલ કરાઈ

ફાયર વિભાગે મળસ્કે આખી માર્કેટ સીલ કરી દીધી

સુરત

પુણા સીમાડા વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા જંકશન બીઆરટીએસ રોડ પર આવેલ મહાવીર માર્કેટની ૧૮૦ દુકાનો ફાયર સેફટીના અભાવે સીલ કરવામાં આવી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વિશ્વકર્મા જંકશન બીઆરટીએસ કેનાલ રોડ ટાઈમ સ્કવેરની બાજુમાં આવેલ મહાવીર માર્કેટને મળસ્કે ફાયર સેફ્ટીના અભાવે સીલ કરવામાં આવી. ફાયર ઓફિસર રોઝી વાડીયાના જણાવ્યા અનુસાર મહાવીર માર્કેટમાં કુલ ૧૮૦ દુકાનો આવી છે. બિલ્ડરને ૩ મહિના અગાઉ ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત હાલતમાં રાખવાની નોટીસ આપી હતી. ત્યારબાદ બે વખત ફરીથી યાદ કરાવવામાં આવ્યું છતાં બિલ્ડર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. હાલમાં જ કમિશનર દ્વારા એલીવેશન દૂર કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ માર્કેટમાંથી એલીવેશન દૂર કરવાની સૂચના આપી છતાં પણ કોઈ કાર્યવાહી થઈ નથી. મળસ્કે ફાયર વિભાગ દ્વારા ૧૦૮ જેટલી દુકાનો વાળી મહાવીર માર્કેટના મુખ્ય ગેટને સીલ મારવામાં આવ્યું.

ગુજરાત-રાજસ્થાનમાં ૨ લાખ લોકોને છેતરી ૩૯૧ કરોડની ઉચાપત કરનાર ઠગ ઝડપાયો

સુરત

ગુજરાત તથા રાજસ્થાન રાજયમાં નવજીવન ક્રેડીટ કો.ઓં. સોસાયટી લીમીટેડ નામની કો ઓપરેટીવ સોસાયટી શરુ કરી લાખો લોકોના કરોડો રૂપિયા બેક દરથી વધુ વ્યાજ આપવાની લાલચ આપીને રોકરણ કરાવીઅલગ અલગ ૨૨૮ શાખાઓ ખોલી ૩૯૧ કરોડની ઉચાપત કરનાર એક આરોપીને ડીસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

ગુજરાત સાથે રાજસ્થાન ના અલગ અલગ જિલ્લા માં લોકો ને બેક કરતા વધુ વ્યાજ આપવાનું કહીને કરોડો રૂપિયાનું રોકાણ સાથે છેતરપિંડી અને વિશ્વાસ ઘાત કરી આરોપી ઉચાપત કરી ને ભાગી છૂટિયાં હતા ત્યારે આ કો ઓપરેટીવ કંપની ના ભાગેડુ હોદેદાર માનો એક હોદેદાર સુરત ખાતે છે તેવી હકીકત મળતા સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેને ઝડપી પાડવામાં આવીયો હતો જોકે તેની ધરપકડ બા દ તેની પૂછપરછ કરતા તેને પોતાનું નામ સંતોષ ભગવાનદસ જોશીનેઅને નવજીવન કંપની માં સલાહકાર હતો અને મૂળ રાજસ્થાનબાડમેર નો વાતની હોવાની વિગત પોલીસને આપી હતી.

નવજીવન કો.ઓપરેટીવ સોસાયટી લીમીટેડની સ્થાપના વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી જેની મુખ્ય ઓફીસ રાજસ્થાનના બાડમેર રોડ પર હતી અને ગુજરાતમાં રાજકોટ અને અમદાવાદમાં ૨૫૮ જેટલી પેટા બ્રાન્ચો હતી જે સોસાયટીના એમ. ડી. ગીરધરસિંગ સોઢા, ચીફ જનરલ મેનેજર જોગેન્દરસિંગ રાઠોડ સીનીયર જનરલ મેનેજર દિનેશ શર્માઅને ચીફ એકાઉન્ડ પરષોત્તમ જાંગીડ હતા જોકે પોતે આ કંપની માં ૨૦૧૦ માં જોઈન થયા બાદ લોકો ને બેક કરતા વધુ વ્યાજ આપવાની લાલચ આપીને ૧,૯૩, ૮૨૧ લોકો પાસે આજદિન સુધીમાં રૂપિયા રોકાણ કરાવામાં આવ્યુ હતું.

દુકાનમાં તોડફોડ કરનાર માથાભારે તત્વો પૈકી એકની ધરપકડ

સુરત

સુરતના ડિંડોલી પેવેલિયન પ્લાઝાની પાછળ પ્રતીક રેસિડન્સી બી/૧૦૩માં રહેતા ૩૭ વર્ષીય ગોપાલભાઈ વિનોદભાઈ યાદવ પેવેલિયન પ્લાઝામાં જય ગોપાલ મટકા ચાના નામે દુકાન ચલાવે છે. ગત ૧૦ જાન્યુઆરીની રાતે તે પોતાની દુકાને હાજર હતા ત્યારે ત્યાં અવારનવાર ચા પીવા આવતા અને માથાભારે છાપ ધરાવતા સંજય ઓઝા (રહે. ૧૦૩, માં આનંદી સોસાયટી, દેલાડવા, સુરત) અને કુંદને ગોપાલભાઈને કહ્યું હતું કે તમારે ડિંડોલીમાં દુકાન ચલાવવી હોય તો ખર્ચા પાણી આપવા પડશે.

એટલું જ નહીં મારા માણસોને પણ તેઓ પૈસા માંગે ત્યારે આપવા પડશે. પૈસા નહીં આપવા માંગતા ગોપાલભાઈ બંને વિરુદ્ધ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ કરવા પહોંચ્યા તે સમયે જ હમો માંગનારા બે સહિત ત્રણ યુવાનોએ દુકાન અને બુલેટ, મોટરસાયકલમાં તોડફોડ કરી રૂ.૭૯,૦૦૦નું નુકશાન કર્યું હતું. દુકાનમાં કામ કરતા યુવાને ગોપાલભાઈને જાણ કરતા તે પોલીસ સાથે દુકાને પહોંચ્યા હતા. પરંતુ માથાભારે તત્ત્વો ભાગી છૂટ્યા હતા.

આ અંગે ગોપાલભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે માથાભારે તત્ત્વોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ બનાવમાં છેક ત્રણ અઠવાડિયા પછી રાજસિંઘ રામજીસિંઘ (ઉ.વ.૨૫) (રહે. ઈ/૩૦૨, રીજન પ્લાઝા, રામી પાર્કની સામે, ડિંડોલી, સુરત. મૂળ રહે. ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી.

દિણોદની સીમમાંથી દોઢ વર્ષની દીપડી પાંજરે પૂરાઈ, વન વિભાગ દ્વારા પેટ્રોલિંગ યથાવત

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના ભરણ ગામની બાજુમાં આવેલા સુરત જિલ્લા માંગરોલ તાલુકાના દિણોદ ગામની સીમમાં કંટવા રોડ ઉપર આવેલા જાનવી ફાર્મમાંથી એકથી દોઢ વર્ષની ઉંમરની દીપડી પાંજરે પુરાઈ છે. જેને માંગરોલ રેન્જના આરએફઓના સ્ટાફ દ્વારા માંગરોલ ખાતે લઈ જવાઈ છે. ઉપરના અધિકારીની સૂચના અનુસાર સલામત જગયાએ તેને છોડી દેવામા આવશે. જોકે હજી પણ બેથી ત્રણ દીપડા આ વિસ્તારમાં ફરી રહ્યા હોવાની લોકોમાં ચર્ચા છે. જેને પગલે માંગરોલ ફોરેસ્ટ વિભાગ દ્વારા ૬ જેટલા પાંજરા ગોઠવવામા આવ્યા છે. અને માંગરોલ અને અંકલેશ્વરના ફોરેસ્ટ રેન્જના સ્ટાફ દ્વારા સયુંક્ત પેટ્રોલિંગ ચાલુ જ છે.

ઉલ્લેખનિય છે કે, ગત ૩ જાન્યુઆરીના અંકલેશ્વર તાલુકાના છેવાડે આવેલા ભરણ ગામમાં ખેતર વિસ્તારમાં મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના પિન્ટુભાઈ વળવી તેની પત્ની સાથે શેરડી કાપવાનું કામ કરી રહ્યાં હતા. તે દરમિયાન તેનું ૫ વર્ષનો બાળક કિશન ખેતરમાં રમી રહ્યો હતો. જેના પર દીપડાએ હુમલો કરીને ખેંચી ગયો હતો. ઘટનામાં ગંભીર રીતે ઈજા પામેલા કિશનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારબાદ ૨૯ જાન્યુઆરીએ રાત્રે અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં ફુલીબેન ઊમાદભાઈ વસાવા(૭૦) નામની વૃદ્ધા ઉપર ઘરમાં ઘૂસીને દીપડાએ હુમલો કર્યો હતો. જેમાં તેની આંખ પણ બહાર આવી ગઈ હતી.

આજથી સહારા દરવાજા ગરનાળુ બન્ને તરફથી સંપૂર્ણ બંધ

વાહન ચાલકો વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકશે

સુરત

સ્મીમેર હોસ્પિટલ સામે રેલવે ઓવર બ્રીજના ૩ સ્લેબ ભરવાની કામગીરી માટે મહાનગરપાલિકાએ ૧થી ૨૦મી સુધી અને રેલવે દ્વારા ગરનાળાની ઉપર લાઈન રીપેરિંગ માટે પથી ૧૦ ફેબ્રુઆરી સુધી સહારા દરવાજા ગરનાળુ અવર જવર માટે બન્ને તરફથી સંપૂર્ણ બંધ રહેશે.

સુરત શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશનર ડી.એમ. પટેલ દ્વારા હંગામી જાહેરનામું બહાર પાડીને સહારા દરવાજા ગરનાળામાં તમામ પ્રકારના વાહનોની અવર જવર પર ૨૦મી ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુરત મનપા દ્વારા ફ્લાય ઓવર બ્રીજના એક્સટેન્શન માટે સહારા દરવાજાથી બારડોલી તરફ જતા માર્ગ પર સ્મીમેર હોસ્પિટલની ગેટ સામે બ્રીજના ૩ ગર્ડર અને સ્લેબ ભરવાની કામગીરી થવાની છે. જેથી અવર જવર કરતા રાહદારીઓ અને વાહન ચાલકો સાથે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે સહારા દરવાજાથી કડોદરા બારડોલી તરફ જવાનો માર્ગ ૧ થી ૨૦ ફેબ્રુઆરી સુધી ૨૪ કલાક બંધ રહેશે.

સ્મીમેર હોસ્પિટલ નજીક સહારા દરવાજા ગરનાળા ઉપર રેલવેની લાઈન રીપેર કરવા માટે રેલવે વિભાગ દ્વારા ૫ થી ૨૦ ફેબ્રુઆરી સુધી રેલવે ગરનાળુ સંપૂર્ણ બંધ રાખવાની માંગણી કરવામાં આવી છે. આ સમયગાળા દરમ્યાન સહારા દરવાજા ગરનાળામાંથી તમામ પ્રકારના વાહનો અવર જવર માટે બંધ રહેશે.

શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. મજુરાગેટથી કડોદરા તરફ જનારા વાહનો ઉધના દરવાજાથી રોકડીયા હનુમાનથી કેનાલ રોડ થઈને પરવત પાટીયાથી જઈ શકશે. સુરત રેલવે સ્ટેશન તથા રિંગરોડના વાહનો સબરસ ગરનાળુ, સૂર્યપુર ગરનાળુ થઈને વરાછા ઝોન ઓફિસથી ન્યુ બોમ્બે માર્કેટનો રસ્તો ઉપયોગમાં લઈ શકશે.

બારડોલી કડોદરા તરફથી આવનારા વાહનો પરવત પાટીયાથી કેનાલ રોડનો તેમજ ન્યુ બોમ્બે માર્કેટથી વરાછા તરફ આવી શકશે.

લેતી-દેતીના વિવાદ અંગે

સમાધાન માટે વેપારીને સરકીટ હાઉસ બોલાવી રિવોલ્વર તાંકી

દિનેશ અણધણને ધમકી અપાતા પોલીસ ફરિયાદ

સુરત

સુરત સરકીટ હાઉસમાં લેતી-દેતીના સમાધાન માટે બોલાવી લમણે રિવોલ્વર તાંકી મારી નાંખવાની ધમકી આપી બે ઈસમો ફરાર થઈ ગયા હતા. જોકે, ટ્રાવેર્લ્સનો ધંધો કરતા એક વેપારીએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બોટાદ જિલ્લાના વતની અને હાલમાં હીરાબાગ વરાછા રોડ ખાતે રહેતા દિનેશભાઈ અણધણ ટ્રાવેર્લ્સનો ધંધો કરે છે.

આરોપીઓ પદુભા તેમજ પથુભાઈ વગેરેઓએ તેઓને લેતી-દેતીના સમાધાન કરવાના બહાને સરકીટ હાઉસમાં બોલાવી રિવોલ્વર તાંકી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઉમરા પોલીસ મથકમાં ટ્રાવેર્લ્સના વેપારીને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ અને વાલીઓને તણાવમુકત બનાવતી 'આત્મવવિશ્વાસ હેલ્પ લાઈન'

વલસાડઃ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં આવેલા માધ્યકમિક અને ઉચ્ચ તર માધ્ય મિક શૈક્ષણિક સંકુલોમાં આગામી માર્ચ-૨૦૨૦માં ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થી બોર્ડની જાહેર પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓ તણાવમુકત તેમજ હમારાત્મ ક વલણ સાથે કારકિર્દીની સીમા ચિહ્?નરૂપ જાહેર પરીક્ષામાં સફળતા પ્રાપ્તક કરે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આત્મિવશ્વાસ હેલ્પકલાઈન તા.૦૫/૦૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવશે. જે હેલ્પધલાઈનમાં મનોચિકિત્સક, કાઉન્સેલર તેમજ વિવિધ વિષયોના નિષ્ણાતો માર્ગદર્શન માટે સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક તેમજ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ કલાક દરમિયાન ઉપસ્થિત રહેશે. જ્યારે મનોચિકિત્સહક તરીકે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ, વલસાડના ડૉ. મનુભાઈ પરમારના મો.નં. ૯૪૦૮૨૦૦૫૧૯ ઉપર કોઈપણ સમયે ફોન કરી માર્ગદર્શન મેળવી શકાશે.

ધો-૧૦ અને ધો-૧૨ના સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહના વિવિધ વિષયોના જે વિષય શિક્ષકોની સ્વેચ્છાએ આ હેલ્પલાઈન થકી આ ભગીરથ કાર્ય માટે સંમત થયા છે તે વિષય નિષ્ણાતોના ફોન નંબર ઉપર સંપર્ક કરી વાલીઓ કે વિદ્યાર્થીઓ પોતાની મુંઝવણો દુર કરી શકે છે. હેલ્પતલાઈન માટે ૭૫-નિષ્ણાપતોની ટીમને વેદાંત મલ્ટી પર્પઝ સ્કુગલ, મગોદ ડુંગરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી કે.એફ. વસાવા, મનોચિકિત્સટક ડો.મનુભાઈ પરમાર તથા મેડિકલ કોલેજ એન્ડ્ હોસ્પિટલ વલસાડના મનોચિકિત્સટકના અન્ય પ્રોફેસરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહિલાના ગળામાંથી અછોડો તોડતો યુવક સીસીટીવીમાં કેદ

સુરત

કતારગામ વિસ્તારમાં આવેલા રમણનગરમાં મહિલા શુભપ્રસંગેથી ઘર તરફ જઈ રહી હતી. આ દરમિયાન ફોન પર વાત કરતો એક યુવક તેની નજીકથી પસાર થયો અને મહિલાના ગળામાંથી અછોડો તોડીને નાસી ગયો હતો. રવિવારની રાત્રિના લગભગ સાડા સાત વાગ્યા આસપાસ મહિલાના ગળામાંથી અછોડો તૂટતા મહિલાએ રાડા રાડ કરી મુકી હતી. જો કે, પેલો યુવક નાસી ગયો હતો. મહિલાના ગળામાંથી તૂટેલો અછોડો સોનાનો નહીં પરંતુ બગસરાનો ડુપ્લિકેટ અછોડો હોવાનું મહિલાએ જણાવ્યું હતું. પરંતુ આ વિસ્તારમાં મહિલાઓની સલામતિને લઈને પ્રશ્નો ઉભા થયાં હતાં. અછોડો તૂટ્યાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ મામલે કોઈ પોલીસ ફરિયાદ ન નોંધાઈ હોવાનું સામે આવી રહ્યું છે.



રાજપીપળા સહીત નર્મદામાં ખાનગી જીપો અને સ્કૂલના વાહનો ઓવરલોડ હોવા છતાં કાયદાનો અમલ કેમ નહિ.?



પોલીસ કે આરટીઓની રહેમ નજર હેઠળ ચાલતા સ્કૂલના વાહનો કે ખાનગી જીપોમાં શું નિયમોનું પાલન કરાય છે...? કેમ આ લોકો બેફામ બન્યા છે...? કોણ છે એમનું પીઠબળ...?

એર હોર્ન,ગેસ કીટ સહીતના નિયમોનું પાલન ન કરતા અમુક વાહનના ચાલકો પોતાનીજ મનમાની કોની મેહરબાની થી કરી રહ્યા છે...? જિલ્લા પોલીસ વડા પગલાં લેશે...?

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા સહીત સમગ્ર નર્મદા જિલ્લા માં ફરતા સ્કૂલના બાળકોને લઈ જતા વાહનોના માલિકો કે ડ્રાઈવરો દ્વારા છડેચોક નિયમનું પાલન થતું ન હોવાની અવાર નવા ફરિયાદો ઉઠે છે પરંતુ તંત્ર ની રહેમ નજર હેઠળ ચાલતા આ વાહનોના માલિકોને કોઈ રોકનાર નથી એનું કારણ કદાચ હમ્માની બોલબાલા હોવાનું પણ સંભળાઈ રહ્યું છે.કેમકે એમની સામે લગભગ ક્યારેય કાયદાનો કોયડો વીઝાયો જોવા મળ્યો નથી ત્યારે તંત્ર રહેમ નજર હેઠળ ચાલતા આ વાહનો માં શું નિયમનું પાલન થાય છે ખરું...? મોટા અવાજ વાળા હોર્ન,ગેસ કીટ કે અન્ય બાબતની પોલીસ કે આરટીઓ દ્વારા તપાસ થાય છે ખરી...?બાળકો ને લેવા જતા આ વાહનો જે તે ગલી ની બહાર ઉભા રાખી મોટે થી હોર્ન મારી બાળકોને બોલાવતા સ્કૂલો હોસ્પિટલો સહીત ની જગ્યા પર લોકો હેરાન થાય છે છતાં એમના માટે કોઈજ નિયમ લાગુ પડતા નથી કે તંત્ર એના ફાયદા માટે આંખ આડા કાન કરી બહેરું અને આંધળું બની જાય છે.?આજ રીતે સિવિલ હોસ્પિટલ,જૂની જેલ નજીક થી ઉપડતી ખાનગી જીપો માં પણ આડેધડ મુસાફરો બેસાડી ફેરા મરાતાં હોય જેમાં કેટલીક જીપોના તો છાપરે પણ મુસાફરો બેસાડી જોખમી મુસાફરી થતી હોવા છતાં તંત્ર જાણે આંખે પાટા બાંધી ચૂપચાપ તમાશો જોઈ રહ્યું છે.તો અન્ય વાહનો પર કાયદાનો કોયડો વીજતું તંત્ર આ ઓવરલોડ વાહનો સામે કેમ લાલ આંખ કરવામાં ખચકાટ અનુભવે છે.? શુ આ તેમના કમાઉ દીકરા છે.? શું આવા વાહનોના દસ્તેવેજો ની નિયમ મુજબ સમયાંતરે તપાસ કરાય છે...?

લો બોલો..નરખડી ગામની સીમમાં હનુમાન મંદિરની બાજુમાં રહેતો ગાંજો વેચનાર ગાંજા સાથે ઝડપાયો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નરખડી ગામના રોકડીયા હનુમાનજી મંદિરની બાજુમા આવેલી ઓરડીમા રહેતો અશોકકુમાર માતાપ્રસાદ મૌર્ય બિન અધિકૃત રીતે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો પોતાની રહેણાક ઓરડીમા સુકો ગાંજો ૨૭૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૬૨૦/-નો વેચાણના ઈરાદે રાખી તથા ખેતરમા લીલા ગાંજાના છોડ નંગ-૧૨ જેનું વજન ૩૮૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૨૮૦/-નો વાવેતર કરી કૂલ ગાંજો ૬૫૦ ગ્રામ કિંમત રૂપિયા ૩૯૦૦/-તથા મોબાઈલ નં-૧ કિંમત રૂપિયા ૫૦૦/-મળી કૂલ કિંમત રૂપિયા ૪૪૦૦/-ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જતા રાજપીપળા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. તપાસ ટાઉન પીઆઈ આર.એન. રાઠવા કરી રહ્યા છે.

અપહરણના ગુન્હામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના અનુસંધાને જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે પો.સ.ઈ. બી.ડી.વાઘેલાનાઓ ના માર્ગદર્શન હેઠળ ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો આમોદ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી આધારે આમોદ પો.સ્ટે. ગુ.ર.નં. I 05/2016 IPC કલમ ૩૬૩, ૩૬૬ પોક્સો એક્ટ કલમ ૪, ૬ મુજબના ગુનાના કામે પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપી – મહેન્દ્રભાઈ ભીખાભાઈ વસાવા રહે, સરભાણ,જુનાભીલવાડા તા.આમોદ જી. ભરૂચનાને સરભાણ બસ સ્ટેન્ડ ખાતેથી પકડી પાડી આજરોજ તા.૦૪/૦૨/૨૦૨૦ નારોજ CrPC ૪૧ (૧) આઈ મુજબ અટક કરી આમોદ પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકિટ સાથે ચેડાંની ફરિયાદ બાદ અમદાવાદની રાવ ટ્રાવેલ્સના ટુર ઓપરેટર જય કિશોર હકાની ની ધરપકડ

SOU ની ટિકિટની કિંમતમાં ફેરફાર કરી પ્રવાસીઓ પાસેથી વધુ નાણાં લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકિટ સાથે ચેડાં કરી પ્રવાસીઓને છેતરતા ટુર ઓપરેટરને કેવડિયા પોલીસે ઝડપી કોમ્પ્યુટર, મોબાઈલ જપ્ત કરી આવી ટિકિટો કેટલી આપી તેની વધુ તપાસ માટે રિમાન્ડ ની માંગ કરી છે.

વિશ્વની ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગત ૨ ફેબ્રુઆરીના રોજ એક દિલ્હીનું ૧૦ વ્યક્તિઓનું પરિવાર ફરવા આવ્યું હતું પરંતુ સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા વ્યક્તિ દીઠ વ્યુઈંગ ગેલેરી જવા માટે એક્સપ્રેસ ટિકિટના ૧૦૩૦ રૂપિયા નક્કી કરાયા છે.તો દિલ્હીથી આવેલા ૧૦ જેટલા પ્રવાસીઓ પોતાની ટિકિટ સ્કેનિગ કરાવી રહ્યા હતા તે દરમિયાન એમની ટિકિટ પર રૂપિયા ૧૨૬૦ હોવાનું ફરજ ઉપરના સ્ટાફ અને પી.એસ.આઈ. કે.કે.પાઠકને જણાઈ આવ્યું હતું.જોકે પ્રવાસીઓને તો અંદર જવા દેવાયા હતા પણ ફરજ ઉપરના હાજર સ્ટાફે આ મામલે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ વહીવટદારને આ બાબતે જાણ કરી હતી.

આ બનાવ સંદર્ભે સ્ટેચયુંના કર્મચારી એ કેવડિયા પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી અમદાવાદ નારણપુરા ની રાવ ટ્રાવેલ્સ સામે તપાસ કરતા અમદાવાદ ના ટુર ઓપરેટર જય કિશોર હકાની આ મામલે ધરપકડ કરી કોમ્પ્યુટર, મોબાઈલ જપ્ત કરી લીધા હતા



અમે આ મામલે કઈ ખોટું કર્યું નથી,અમારું કમિશન હોય તેની વાત પ્રવાસી સાથે કરી હતી

અમે ભારતની અંદર વિવિધ પ્રવાસન સ્થળો પર ટુર પેકેજ કરીએ છે.જેમાં એક દિલ્હીની ટુર કંપની દ્વારા ગુજરાતના પ્રવાસ દરમ્યાન અમારે સ્ટેચ્યુની ટિકિટ બુક કરી આપવાની હતી. અમે જ્યારે પ્રવાસી સાથે સંપર્ક કર્યો ત્યારે ૨૩૦ રૂ. એક ટિકિટ દીઠ કમિશનની પણ વાત કરી હતી અને આ પ્રવાસીએ ટિકિટ મોબાઈલ પર માંગી એટલે ટિકિટમાં કમિશ એડ કરી અમે મોકલી દીધી હતી ત્યારબાદ પ્રવાસી એ ઓનલાઈન પેમેન્ટ પણ કરી દીધું હતું.માટે આમા અમે કઈ ખોટું કર્યું નથી તેમ ટુર ઓપરેટર જય કિશોર હકાની એ જણાવ્યું હતું.

ફી નહીં ભરનાર બોર્ડ વિદ્યાર્થીઓની એસ.ડી. જૈન સ્કૂલે હોલ ટિકિટ અટકાવી



એફઆરસીએ નક્કી કરેલી ફી સ્કૂલ સંચાલકો સ્વીકારવા તૈયાર નથી

સુરત

વેસુ વિસ્તારમાં આવેલી એસડી જૈન સ્કૂલમાં વાલીઓ ફીને લઈને રજૂઆત કરવા પહોંચ્યા હતા. વાલીઓની ફરિયાદ હતી કે, શાળા સંચાલકો દ્વારા આવનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને હજી સુધી હોલ ટિકિટ આપવામાં આવી નથી. શાળા સંચાલકો મનમાની તગડી ફી વસૂલવા વાલીઓ પર દબાણ કરી રહ્યા છે. તો બીજી તરફ વાલીઓ એફઆરસીએ નક્કી કરેલી ફી આપવા આજે ચેક લઈને પહોંચ્યા હતા. એફઆરસી દ્વારા એસ.ડી. જૈનની ૪૦ હજાર જેટલી ફી નક્કી કરવામાં આવી છે જ્યારે શાળા સંચાલકો બમણી ફી માંગી રહ્યા છે અને તે આપે તો જ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપશે તેવું દબાણ પણ કરી રહ્યા હોવાનું વાલીઓએ જણાવ્યું હતું.

વાલી રાજે જણાવ્યું હતું કે, અમે ફી ભરવા માટે આવ્યા છીએ. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ અટકાવી છે. અમે રજૂઆત કરવા આવ્યા છીએ કે, એફઆરસીએ નક્કી કરેલી ફી લઈ હોલ ટિકિટ આપે તે માટે વાલીઓ આવ્યા છીએ. બે વાલી રજૂઆત કરવા ગયા છે જે આવ્યા બાદ જાણ થશે.

વાલીઓએ જણાવ્યું હતું કે, ગત રોજ બોર્ડના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા અને ફી ભરવા અંગે જણાવ્યું હતું અને ફી ભરી હોલ ટિકિટ લઈ જવાનું કહ્યું હતું. સ્કૂલ દ્વારા ફી બાબતે મેસેજ પણ કરવામાં આવી રહ્યા છે. એફઆરસીએ નક્કી કરેલી ફી ભરવા માટે વાલીઓ તૈયાર છે.

એસ. ડી. જૈન સ્કૂલના સંચાલકોની દાદાગીરી સામે વાલીઓએ હોબાળો મચાવ્યો

સુરત

સુરતમાં વેસુ રોડ પર આવેલી ફાઈવ સ્ટાર એસ. ડી. જૈન સ્કૂલની દાદાગીરી એકવાર ફરી સામે આવી છે. એફઆરસીએ નક્કી કરેલી ફી ભરનારા વાલીઓના સંતાનોને ધોરણ ૧૦ અને ૧૨ની હોલ ટિકિટ અટકાવી દેતા મોટી સંખ્યામાં વાલીઓ કોરા ચેક લઈને સ્કૂલે પહોંચ્યા હતા.

એસ. ડી. જૈન સ્કૂલની એફઆરસીએ જે ફી નક્કી કરી હતી. તે ફી કરતા સંચાલકો પોતાની રીતે નક્કી કરેલી ફીની માગણી કરી રહ્યા હતા. જેનો વાલીઓએ ઈનકાર કરી દીધો હતો. વાલીઓએ ના પાડતા જ સંચાલકોએ ધોરણ-૧૦ અને ૧૨ના જેટલા પણ વિદ્યાર્થીઓએ એફઆરસી મુજબ ફી ભરી છે તેમની હોલ ટિકિટ અટકાવી દીધી આવી છે.

શાળા સંચાલકોની દાદાગીરીને કારણે મોટી સંખ્યામાં વાલીઓ શાળા પર પહોંચ્યા છે અને સ્કૂલના સંચાલકો સામે વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા છે. વાલીઓએ એક જ માગ છે કે અમો એફઆરસીએ નક્કી કરેલી ફી ભરવા તૈયાર છે પરંતુ શાળા સંચાલકોએ ફી લેવા તૈયાર નથી.

શાળા સંચાલકોની એક જ માગ છે કે અમે નક્કી જે ફી નક્કી કરી છે તે મુજબ ફી ભરો તો જ હોલ ટિકિટ આપવામાં આવશે. અત્યારે આ મુદ્દે શાળા કેમ્પસની બહાર મોટી સંખ્યામાં વાલીઓ વિરોધ કરી રહ્યા છે સાથે જ કોરા ચેક લઈને એફઆરસીએ નક્કી કરેલી ફી મુજબ ભરવા તૈયાર હોવાનું તેઓ જણાવી રહ્યા છે.

વિદેશી દારૂના પાંઉચ નંગ ૪૮૦ કિ.રૂ. ૪૮,૦૦૦/- નો પ્રોહીબીશનનો કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક જે.એસ.નાયક રસાહેબ અંકલેશ્વર ડીવીઝન નાઓની માગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટેવિસ્તારમાં પોલીસ ઈન્સપેકટર ઓ.પી.સીસોદીયા નાઓની મૌખિક સુચના આધારે પ્રોહી ડ્રાઈવ નિમીત્તે અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમીદાર થી બાતમી મળેલ કે અંકલેશ્વર રેલ્વે સ્ટેશનની પાછળના ગેટ તરફ અંજલી કોમ્પલેક્ષ પાસે શાહરૂખ મેહમુદ અલી મંજુરી નાનો ભારતીય બનાવટનો ઈગ્લીશદારૂની પેટીઓ પારલના બોક્ષમાં ભરી ઉભેલ છે જે બાતમી આધારે બાતમીવાળી જગ્યા પર રેઈડ કરતા સ્થળ ઉપર હાજર ત્રણ ઈસમ હાજર મળી આવેલ તથા તેઓના કબજામાંથી ખાખી પુકાના પાર્સલ નંગ ૫ માં ગે.કા વગર પાસ પરમીટનો વિદેશી દારૂના પાંઉચ ભરેલ બોક્ષ નંગ ૧૦ જે એક બોક્ષમાં પાંચ નંગ ૪૮ લેખે કુલ પાંઉચ નંગ ૪૮૦ જેની કિ.રૂ ૪૮, ૦૦૦/-નો ગે.કા. પાસ વગર પરમીટનો પ્રોહી મુદામાલ મળી આવેલ જેથી ત્રણેવ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી એક્ટવિરૂધ્ધ કાયદેશર કાર્યવાહી કરવામાં આવેલ છે **ધરપકડ કરેલ આરોપીઓ :** (૧) શાહરૂખ મેહમુદઅલી મંજુરી તથા(૨) મકસુદ અહમદ શેખ બંઠોવ રહેવાસી. ૨૨સ્વતી પાર્ક-૧ કોમન પ્લોટ ખુલ્લી જગ્યામાં ગ્રીન પાર્ક સોસાયટી ની બાજુમાં અંકલેશ્વર શહેર જી.ભરૂચ(૩) જીતેન્દ્રભાઈ

ઓટો રિક્ષામાં સવાર આધેડ મહિલાની ચેઈનની તફડંચી

સુરત

કતારગામ ડભોલી ચાર રસ્તાથી બાપાસીતારામ ચોક વચ્ચે ઓટોરિક્ષામાં ઉલટી કરવાનું બહાનું કરી એક ગૃહિણીની નજર ચૂકવી સવા તોલાનો સોનાનો દોરાની ચોરી કરી પાછળની સીટ પર બેઠેલી બે મહિલાઓ ફરાર થઈ ગઈ હોવાનો બનાવ કતારગામ પોલીસ મથકમાં નોંધાયો હતો.

કતારગામ મોટીવેડ ગોવર્ધન નગર સોસાયટીમાં ૫૩ વર્ષીય ભાવનાબેન પટેલ રહે છે. ગતરોજ તેઓ ડભોલી ચાર રસ્તાથી બાપાસીતારામ ચોક વચ્ચે ઓટોરિક્ષામાં બેસી જતા હતા. ત્યારે રિક્ષામાં પાછળની સીટ પર બેસેલી બે મહિલાઓ પૈકી એક મહિલાએ ઉલટી કરવાનું જણાવી નજર ચૂકવી અન્ય મહિલાએ તેમના ગળામાંથી રૂા.૨૦ હજારની સોનાની ચેનની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. કતારગામ પોલીસે ચેન ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બારડોલીના નીણત ગામે પ્લાયવુડ બનાવતી ફેક્ટરીમાં મોડી રાત્રે આગ

આગમાં ત્રણ લોકો દાઝી ગયા : એક મહિલાની હાલત ગંભીર

સુરત

બારડોલી તાલુકાના નીણત ગામે આવેલી પ્લાય બનાવતી હાઈટેક બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. જેમાં ૩ વ્યક્તિ દાઝ્યા જે પૈકી ૧ મહિલાની હાલત ગંભીર સારવાર અર્થે બારડોલી સ્મારક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે.

બારડોલી તાલુકાના નીણત ગામ ખાતે પ્લાય બનાવતી હાઈટેક બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના એક વિભાગમાં અચાનક આગ ફાટી નીકળતા ભાગદોડનો માહોલ સર્જાયો હતો. આગની ઘટનાની જાણ બારડોલી ફાયરને કરતા બારડોલી ફાયરની ટીમની ૨ ગાડી દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. બારડોલી મામલતદાર સહિતના અધિકારી ઘટના સ્થળ દોડી ગયા હતા. ૩ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સમગ્ર આગની ઘટનામાં ૨ પુરૂષ અને ૧ મહિલા દાઝી ગયા હતા. જે પૈકી મહિલાની હાલત ગંભીર છે. આ તમામ ઈજાગ્રસ્તોને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસડાયા હતા. જેમાં ૨ વ્યક્તિને સામન્ય ઈજા જણાતા તેમને રજા આપી દેવામાં આવી હતી. જ્યારે મહિલાની સારવાર ચાલી રહી છે.